શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર

# કચ્છશ્રુતિ


❖ વર્ષ : ૨૭
❖ અંક : ૧૦
❖ ૧૫ એપ્રિલ, ૨૦૧૪
❖ કિંમત : રૂા. ૩/-

❖ પાના નં. ૧ ❖ કુલ પેજ ૪૦
❖ પ્રસિદ્ધ કર્યા તા. : ૧૫-૪-૨૦૧૪

❖ તંત્રી : ભરત ઓઝા




''મત આપવા જજો મતદાર, સમજી ચૂંટજો ઉમેદવાર,
લોકશાહીને જીવતી રાખશો, તો ભારત દેશનો બેડો પાર''


Let's Move towards Nature...
All things will be destroyed with
time but time never just like...
शाश्वत Green
Plots & Farmhouse
ACTUAL SITE PHOTOGRAPHS
CLUB HOUSE
CHILDREN PLAY AREA
RESTROOM IN CLUBHOUSE
INDOOR GAMES
SWIMMING POOL
JOGGING TRACK
READY POSSESSION N.A. PLOTS
Located in just 10 minutes away from TATA NANO, FORD, P. & G., PEUGEOT, HITACHI.
20 Minutes Drive From Ahmedabad.
Developer:
Shashwat Realtors
Hasmukh Patel: 9879608051,
Vinod Patel: 9879608054,
Anupam Patel: 9879608057.
Site Address:-
Shashwat Green
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanand - Nalsarovar Road, Dist.: Ahmedabad.

વર્ષ-૨૭ ◆ અંક-૧૦
૧૫ એપ્રિલ, ૨૦૧૪

◆

**માનદ્ સલાહકાર**

શ્રી હંસરાજ કંસારા

◆

**★ મુખ્ય તંત્રી ★**

શ્રી ભરત ઓઝા

મો. ૯૮૨૫૭૧૪૮૩૩

Email : ozabvo@gmail.com

**★ સહ તંત્રી ★**

શ્રી મનુભાઈ કોટડીયા

મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮

◆

**★ વિભાગીય સંપાદન ★**

**કલરવ** - દિનેશ માંકડ

**મહિલા વિશ્વ** - રેખાબેન શુક્લ

**ગાંધીનગર ગાથા** - વર્ષાબેન મહેતા

**શબ્દ શોધ** - પ્રદિપ જોષી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૬.

ફોન : (કચ્છી સમાજ) ૦૭૯-૨૬૫૭૬૧૮૪

Email : kutchshruti@yahoo.com

◆

**Kutchshruti Available on www.asanjokutch.com**

◆

**કચ્છશ્રુતિ લવાજમ**

૨ વર્ષ : રૂા. ૫૦૦/-

૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-

આજીવન - રૂા. ૧૫૦૦/-

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ - અમદાવાદ' ના નામનો મોકલવો.

◆

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' સંપાદન મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

## આ અંકમાં...

❖ તંત્રી સ્થાનેથી ........ ૪
❖ એવમ્ અમદાવાદ ........ ૫
❖ ગુજરાતની દિવાળી અને મારવાડીની હોળી (પ્રા. સૂર્યકાંત ભટ્ટ-ભુજ) ........ ૮
❖ કચ્છ વિકાસના હામી (ભરત'કુમાર' પ્રા. ઠાકર-અંજાર) ........ ૯
❖ 'ઉછાડી દે આભને'ની અટારીએ (ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'-નખત્રાણા) ........ ૧૧
❖ કચ્છશ્રુતિનાં કલમકારો (૩) (હંસરાજ કંસારા) ........ ૧૩
❖ વિટામીન્સ-૫ (દિલીપ વૈશ્નવ-અમદાવાદ) ........ ૧૫
❖ શબ્દોની કમ્પ્યૂગ્રાફી-૨ (તુલસીદાસ કંસારા) ........ ૧૮
❖ સ્વાસ્થ્યનો મીઠો સ્વાદ - હોમીઓપેથી (ડૉ. પાર્થ માંકડ-ડૉ. ગ્રીવા માંકડ) ........ ૨૩
❖ વિશ્વ રંગભૂમિ દિનની ઉજવણી (પંકજ ઝાલા-ભુજ) ........ ૨૫
❖ સંસ્થા સમાચાર ........ ૨૬
❖ ગાંધીનગર ગાથા (વર્ષાબેન જે. મહેતા) ........ ૨૯
❖ મહિલા વિશ્વ (રેખાબેન શુક્લ-અમદાવાદ) ........ ૩૦
❖ વતનના વાવડ (સંકલિત) ........ ૩૩
❖ કલરવ (દિનેશ માંકડ).. ........ ૩૫
❖ શબ્દ શોધ-૨૪ (પ્રદિપ જોષી-આદિપુર).. ........ ૩૭
❖ પ્રતિભાવ ........ ૩૮

● મુખપૃષ્ઠ કાવ્ય પંક્તિ : શ્રી બલવીરસિંહ જાડેજા-અમદાવાદ

# તંત્રી સ્થાનેથી...

• ભરત ઓઝા •

## એક ઉમદા સેવા-કાર્યનો પ્રારંભ - ડાયાલીસીસ સેન્ટર....

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તા. ૨૦-૪-૨૦૧૪ના રોજ કચ્છી વિશ્રામ ભવન, શાહીબાગ ખાતે જાણીતા ઉદ્યોગપતિ તેમજ દાતાશ્રી ચંદ્રકાંત ગોગરીના અનુદાનથી શ્રી ધીરજલાલ ટોકરશી કાપડીયા ડાયાલીસીસ સેન્ટર શરૂ કરી રહેલ છે. જે એક સરાહનીય તેમજ ઉમદા કાર્ય છે.

આજે સૌ કોઈને માટે જો કોઈ સતત ચિંતાનો વિષય રહેતો હોય તો એ છે અત્યંત મોંઘીદાટ મેડિકલ સારવારનો. એક વાર હોસ્પિટલમાં દાખલ થવાનું બને એટલે ૨૫,૦૦૦ કે ૫૦,૦૦૦ નું બિલ તો જાણે સામાન્ય બની જાય છે. નાની કે મોટી અને કહેવાતી અદ્યતન હોસ્પિટલો દર્દીઓને આર્થિક રીતે ચીરી નાંખવાનો જાણે ધંધો જ ચલાવતી હોય એવો સૌ કોઈને અનુભવ થતો હોય છે. અને એમાંય જો હોસ્પિટલ મેનેજમેન્ટ ને જાણ થાય કે પેશન્ટ મેડિક્લેઈમ પોલીસી ધરાવે છે તો હોસ્પિટલો તોતિંગ બિલ બનાવવામાં જરાય ખચકાતી નથી હોતી. (મેડીક્લેઈમ પોલીસીઓના પ્રિમિયમ મોંઘા થવા પાછળના આ જ કારણો છે) સામાન્ય માણસ તો આવા સંજોગોમાં આર્થિક રીતે ખુવાર જ થઈ જાય છે. એવા કિસ્સાઓ પણ અખબારોમાં ચમકેલા છે કે જેમાં પેશન્ટને હોસ્પિટલમાં લઈ જતી વખતે જ એ મૃત્યુ પામ્યો હોય તેમ છતાં પણ દાખલ કરીને લાઈફ સપોર્ટીંગ સિસ્ટમ પર મૂકવાનું નાટક કરીને પળવારમાં ૪૦,૦૦૦ કે ૫૦,૦૦૦ નું બિલ વસૂલી લેવાયું હોય. ખાનગી હોસ્પિટલોની આવી છાપ કંઈ આજની નથી, પરંતુ વર્ષોથી આવી જ રહી છે. વર્ષો પહેલાં પણ હોસ્પિટલો ધરાવતા વિસ્તારોને લોકો 'ચંબલની ખીણ' સાથે સરખાવતા હતા. એક બાજુ મેડિકલ ક્ષેત્રે ખૂબજ પ્રગતિ પણ સાધી છે તો બીજી બાજુએ 'ઉઘાડી લૂંટ' પણ એટલી જ થઈ રહી છે. દા.ત. આંખના મોતીયાનું ઓપરેશન આજે ૫૦૦૦ માં પણ થાય છે, ૨૫૦૦૦માં પણ થાય છે અને જો મેડીકલેઈમ પોલીસી હોય તો ૫૦,૦૦૦ કે ૭૫૦૦૦ માં પણ થઈ શકે છે. આ ક્ષેત્રે સરકારનું કોઈ નિયમન તંત્ર જેવું કંઈ હોય તેવું લાગતું નથી.

આવા સમયમાં ક્યાંયથી પણ વિશ્વસનીય અને રાહત દરે જો સેવાઓ મળતી હોય તો તે ખરેખર આશીર્વાદ રૂપ કહેવાય. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ઘણા વર્ષોથી પાલડી ખાતે મેડિકલ સેન્ટર સફળતાપૂર્વક અને રાહત દરે ચલાવે જ છે. રાહત દરે ડાયાલીસીસ સેન્ટર શરૂ કરવાનું કદમ સરાહનીય છે. કાર્યોનો હેતુ જો ઉમદા હોય તો દાતાઓની કોઈ કમી નથી. દાતાશ્રીઓને ધન્યવાદ સાથે સો સો સલામ... ફરીથી શ્રી કચ્છી જૈન સેવા સમાજની સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન તેમજ હાર્દિક શુભેચ્છાઓ..

અંતમાં, આ અંક આપને મળશે ત્યારે લોકસભાની મતદાનની તારીખ પણ નજીકમાં જ હશે. તંદુરસ્ત લોકશાહી માટે ૧૦૦% મતદાન આવશ્યક છે એટલું યાદ રાખીને સૌ મતદાન કરી અને લોકશાહીના આ મહાપર્વની ઉજવણી કરીએ...

અસ્તુ,

જય હિંદ, જય કચ્છ.

**ભરત ઓઝા**
**મુખ્ય તંત્રી**

# એવમ્ અમદાવાદ

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ • વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૧૨-૪-૨૦૧૪ના રોજ સાંજે ૪-૦૦ કલાકે સંસ્થાના કાર્યાલય - ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, પાલડી, એલીસબ્રીજ, અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં ૨૪ જેવા સભ્યશ્રીઓની ઉપસ્થિતિ હતી.




સભાનું પ્રમુખ સ્થાન સંસ્થાના પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવીએ સંભાળ્યું હતું. સભામાં ઉપસ્થિત સર્વે સભ્યોશ્રીઓ તેમના દ્વારા આવકાર આપવામાં આવેલ. ત્યારબાદ સંસ્થાના માનદ્‌મંત્રી શ્રી અતુલભાઈ સોનીએ આજની સભાના એજન્ડાની શરૂઆત કરતાં ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન કર્યું હતું. જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

ત્યારબાદ વર્ષ ૨૦૧૨-૧૩ના ઓડિટેડ હિસાબો રજુ કરવામાં ઓલ. તે અન્વયે ચર્ચા વિચારણા થતાં સંસ્થાના ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતાએ ટી.ડી.એસ.ની રકમ ખૂબ જ જુની થઈ ગયેલ હોવાથી તેને માંડવાડ કરવા યોગ્ય કરવાનું સૂચન કર્યું હતું. તે ઉપરાંત અન્ય સભ્યશ્રીઓએ પણ હિસાબો સંબંધી ચર્ચામાં ભાગ લીધેલ અને સૂચનો કર્યા હતા. જેનો પ્રમુખશ્રીએ તેમજ ખજાનચીશ્રીએ યોગ્ય પ્રત્યુત્તર આપીને તે સંબંધી જરૂરી કાર્યવાહી કરીશું તેમ જણાવ્યું હતું. વધુમાં જણાવવામાં આવેલ કે વર્ષ ૨૦૧૩-૧૪ના ઓડિટેડ હિસાબો હજુ સુધી તૈયાર ન હોવાથી આગામી બેઠકમાં તે હિસાબો રજુ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. વર્તમાન ઓડિટર્સ મેસર્સ સુધીર બી. શાહ એન્ડ કું.ની સુંદર કામગીરીના કારણે વર્ષ ૨૦૧૪-૧૫ ના સમય માટે સંસ્થાના ઓડિટર્સની ફરીથી નિમણુંક કરવાની દરખાસ્તને સર્વાનુમતે મંજુર કરવામાં આવી હતી.

સંસ્થાના સરળ સંચાલન અર્થે કુલ ૧૮ ટ્રસ્ટીશ્રીઓની તેમજ ૧૫ સભ્યોની કાર્યવાહક સમિતિ માટે ચૂંટણી અથવા વરણી કરવાની બાબતે જણાવવામાં આવેલ કે કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે એકમાત્ર શ્રી શિલ્પીબેન શાહનું ઉમેદવારી પત્રક આવેલ છે. એટલે તેમને બિનહરિફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ સંસ્થાના ટ્રસ્ટીશ્રી અશોક મહેતાએ ટ્રસ્ટ મંડળના આજીવન તેમજ માનદ્ સભ્યશ્રીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓની વરણી કરવા બાબત એક વ્યવસ્થિત સ્વરૂપની દરખાસ્ત આજની સભામાં રજૂ કરી હતી. તેને અંતર્ગત નીચે દર્શાવેલ વિગત અનુસાર ટ્રસ્ટીશ્રીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

### માનદ્ સભ્યોની કેટેગરી - ૬ ટ્રસ્ટીશ્રીઓ

| સભ્યશ્રીનું નામ | આ પ્રકારની પ્રથમ સભાને કારણે ડ્રો અનુસાર મુદત |
|---|---|
| શ્રી કૈલાસદાન ગઢવી | એક વર્ષ |
| શ્રી મેઘજીભાઈ પટેલ (પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ) | એક વર્ષ |
| શ્રી હરિશભાઈ રંગવાલા | બે વર્ષ |
| શ્રી જગદીશભાઈ ઠક્કર | બે વર્ષ |
| શ્રી મનુભાઈ જી. શાહ | ત્રણ વર્ષ |
| શ્રી નરેન્દ્ર સી. સાહ | ત્રણ વર્ષ |

| આજીવન સભ્યોની કેટેગરી - ૬ ટ્રસ્ટીશ્રીઓ | |
|---|---|
| શ્રી ભરત ઓઝા | એક વર્ષ |
| શ્રી મનસુખભાઈ પટેલ | એક વર્ષ |
| શ્રી હિમાંશુ ઠક્કર | બે વર્ષ |
| શ્રી મનુભાઈ કોટડીયા | બે વર્ષ |
| શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર | ત્રણ વર્ષ |
| શ્રી અશોકભાઈ મહેતા | ત્રણ વર્ષ |

● દાતા તેમજ પેટ્રન સભ્યશ્રીઓની કેટેગરીમાં તેની જોગવાઈ અનુસાર હાલે કોઈ નામ ન હોતા, તેના સ્થાન ખાલી રાખવામાં આવેલ છે.

| કાર્યવાહક સમિતીના સભ્યશ્રીઓ | |
|---|---|
| સભ્યશ્રીનું નામ | ડ્રો અનુસાર મુદત |
| શ્રી ચમનભાઈ વલમજી પલણ | એક વર્ષ |
| શ્રી બચુભાઈ હીરજી રાંભિયા | એક વર્ષ |
| શ્રી અતુલભાઈ સોની | એક વર્ષ |
| શ્રીમતી વર્ષાબેન જયંતિભાઈ મહેતા - ગાંધીનગર | એક વર્ષ |
| શ્રી સંજય કલ્યાણજી રાઠોડ | એક વર્ષ |
| શ્રી હીરજીભાઈ જેઠાભાઈ પટેલ | બે વર્ષ |
| શ્રી હરસુખભાઈ વી. પટેલ | બે વર્ષ |
| શ્રી સુનિલ હંસરાજ દાવડા | બે વર્ષ |
| શ્રી સંજયભાઈ ડાહ્યાભાઈ ઠક્કર | બે વર્ષ |
| શ્રી મહેન્દ્રભાઈ ભાનુશાલી | બે વર્ષ |
| શ્રી પરબતભાઈ શીવજીભાઈ પટેલ | ત્રણ વર્ષ |
| શ્રી રઘુરામભાઈ ઠક્કર | ત્રણ વર્ષ |
| શ્રી દિનેશ રતિલાલ મહેતા | ત્રણ વર્ષ |
| શ્રીમતી શિલ્પીબેન પી. શાહ | ત્રણ વર્ષ |
| શ્રી દીપક નાનાલાલ ચૌહાણ | ત્રણ વર્ષ |

ઉપર મુજબની જાહેરાતને સૌએ હર્ષભેર વધાવી લીધી હતી.

ત્યારબાદ આ સંસ્થાના સંનિષ્ઠ અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ ધીરજલાલ પી. સોમપુરા અને કાંતિલાલભાઈ વી. સાવલાના વર્ષ દરમ્યાન થયેલા દુઃખદ અવસાન બદલ તેઓશ્રીઓને ભાવપૂર્વક શબ્દાંજલિ અર્પિત કરવામાં આવી હતી.

વધુમાં આ સંસ્થાના ઉત્તરોત્તર વિકાસમાં સંસ્થાના પ્રમુખશ્રી કૈલાસદાન ગઢવીનું વિશિષ્ટ યોગદાન રહેતા તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી. તે રીતે એક યા બીજા કારણોસર શ્રી નરેન્દ્રભાઈ સી. શાહ, શ્રી રૂપેશ કાંતિલાલ સાવલા તથા શ્રી હરિશભાઈ રંગવાલાના સુંદર સાથ-સહકાર બદલ જરૂરી નોંધ સાથે તેઓશ્રીનો ખાસ આભાર માનવામાં આવેલ.

આગામી સભામાં ચૂંટણી પ્રક્રિયાની વ્યવસ્થિત રજૂઆત કરવા માટે શ્રી અશોક મહેતાનો પણ આભાર માનવામાં આવેલ. ત્યારબાદ અલ્પાહારને ન્યાય આપીને આજની આ બેઠક સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવેલ.

અત્રે નોંધનીય છે કે આજની આ સભાની કાર્યવાહી ખૂબ જ શાંતિપૂર્વક અને આહલાદ્ક વાતાવરણના માહોલમાં થઈ હતી, તે બદલ ઉપસ્થિત દરેક સભ્યશ્રીઓએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

## કચ્છશ્રુતિ - અષાઢીબીજ વિશેષાંક - જુલાઈ-૨૦૧૪
## 'કચ્છી-કંપા વિશેષાંક'

શ્રી કચ્છી સમાજ-અમદાવાદના મુખપત્ર કચ્છશ્રુતિનો આ વર્ષનો **કચ્છી નૂતન વર્ષ અષાઢી બીજ વિશેષાંક, જુલાઈ-૨૦૧૪**માં પ્રસિદ્ધ કરવામાં આવશે. આ વર્ષના વિશેષાંકમાં સાબરકાંઠા ખાતે વર્ષોથી સ્થાયી થયેલા અને કંપામાં વસવાટ કરતા કચ્છીઓ વિશેની રસપ્રદ માહિતી આપવામાં આવશે. મોટાભાગે આ કંપાઓમાં કચ્છથી વર્ષો પહેલા સ્થળાંતર કરી ગયેલા કચ્છી પાટીદારો કે જેઓ મહદ્ અંશે ખેતીના વ્યવસાયમાં જોડાયેલા તેઓની માહિતી આપવામાં આવશે. આપની પાસે પણ આ અંગે કોઈ વિશેષ માહિતી હોય તો લેખકે માહિતી સ્વરૂપે શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલય પર તા. ૧૦-૬-૨૦૧૪ સુધીમાં મોકલી શકો છો.

આ વિશેષાંકમાં આપ આપના વ્યવસાયની કે શુભેચ્છા જાહેરાત આપી શકો છો. જાહેરાતના દરો નીચે મુજબના રહેશે.

| | |
|---|---|
| **ટાઈટલ પેજ-૪ છેલ્લુ મલ્ટીકલર** | **રૂ. ૨૫,૦૦૦/-** |
| **ટાઈટલ પેજ-૨ મલ્ટીકલર** | **રૂ. ૧૫,૦૦૦/-** |
| **ટાઈટલ પેજ-૩ મલ્ટીકલર** | **રૂ. ૧૫,૦૦૦/-** |
| **અંદરનું પેજ ફુલ મલ્ટીકલર** | **રૂ. ૭,૦૦૦/-** |
| **અંદરનું અડધુ પેજ ફુલ મલ્ટીકલર** | **રૂ. ૪,૦૦૦/-** |
| **અંદરનું આખું પેજ બ્લેક/વ્હાઈટ** | **રૂ. ૨,૦૦૦/-** |

**આપની જાહેરાત વિગત સાથે શ્રી કચ્છી સમાજના કાર્યાલય પર તા. ૧૫-૬-૨૦૧૪ સુધીમાં મોકલી આપશો. આપની જાહેરાત ઈ-મેઈલ દ્વારા PDF, CDR, JPG ફોર્મેટમાં પણ મોકલી શકો છો.**

ઈ-મેઈલ : **kutchshruti@yahoo.com & ozabvo@gmail.com** પર મોકલી આપવા વિનંતી. આપના સહકારની અપેક્ષા - તંત્રી.

## શ્રી કચ્છી સમાજ અમદાવાદ - શૈક્ષણિક હેલ્પલાઈન

વ્હાલા સભ્યો, આગામી સમય એ એડમિશનનો સમય છે આજે જ્યારે શિક્ષણની વિપુલ તકો ઉપલબ્ધ છે ત્યારે કચ્છમાંથી ઉચ્ચ અભ્યાસ માટે અમદાવાદ તથા અન્યત્ર જતાં વિદ્યાર્થીઓને શિક્ષણ/કારકિર્દીને લગતા કોઈપણ પ્રકારની સમસ્યાઓના સમાધાન માટે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. આ હેલ્પલાઈન દ્વારા કોર્સની પસંદગી, કોલેજોની પસંદગી, સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ તથા અન્ય ખાનગી કોર્સ વિશે શક્ય તેટલી માહિતી પુરી પાડી માતા-પિતાની મુંઝવણોનો મહદ્ અંશે નિરાકરણ કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવશે.

અત્રેથી આપવામાં આવનાર માહિતી એક સુચન પ્રકારની હશે. એડમીશન તથા ઉચ્ચ શિક્ષણ બાબત અંતિમ નિર્ણય વિદ્યાર્થી તથા વાલીઓએ જાતે સમજી વિચારીને લેવા વિનંતી છે.

**શૈક્ષણિક હેલ્પ લાઈન નં. ૦૮૪૦૧૭૩૫૮૯૯**

**હિમાંશુ ઠક્કર**

બી-૩૦૨, મિલેનિયમ પ્લાઝા, સ્વામીનારાયણ મંદિર સામે,
માનસી ટાવર ચાર રસ્તા, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫.

# ગુજરાતની દિવાળી અને મારવાડીની હોળી

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ-ભુજ •

આપણા માનવજીવનમાં વર્ષ દરમ્યાન જો કોઈ તહેવાર નિર્માણ ન થયા હોત તો આપણું સમગ્ર જીવન કષ્ટમય, શોકમય અને દુઃખોથી ભરેલું બની જવા પામત. આ સંસારના રચયિતાએ જ મનુષ્યની બુદ્ધિમાં રહીને સમય મુજબ, ઋતુઓ મુજબ વિવિધ તહેવારોનું ક્રમબદ્ધ રીતે આયોજન કર્યું છે.

શરદઋતુની શિતળતાએ શરદી, ઉધરસ, તાવથી જેઓ ને પરેશાની હોય, જેમાં વૃદ્ધો અને બાળકો વધુ સપડાયા હોય તેઓનું રક્ષણ કરવાના શુભ હેતુથી હોળીનો ઉત્સવ આવી પહોંચે છે. ગાયના છાણમાંથી બહેનો બાળકો વિવિધ આકૃતિઓ સભર હોળાયા બનાવે તેના હાર બનાવે લાકડાં, છાણાં, ઘાસ આદિ એકત્રિત કરી મહોલ્લામાં કે દેવમંદિરના ચોગાનમાં ગોઠવે. આજુબાજુ કોરા રંગોની રંગોળી પણ બનાવે. સંધ્યા સમયે કોઈ શુભ મંત્રોચ્ચારથી શુભ મુહુર્તમાં પ્રગટાવે, ખજૂર, ધાણી, શ્રીફળનો પ્રસાદ ધરે. ગૃહસ્થ પતિ-પત્ની હોળીનું પૂજન કરી પ્રસાદ ધરી આરતી ઉતારી, પ્રદક્ષિણાઓ કરે. નવદંપતિઓ સાત પ્રદક્ષિણા કરે. માતા-પિતા નવજાત શિશુઓને તેડીને પ્રદક્ષિણા કરી, વંદન કરી, બાળકનું દિર્ધાયુષ્ય અને તંદુરસ્તીની યાચના કરે.

હોળીની ધુમ્રસેરો આકાશમાર્ગે ગતિ કરે. વાતાવરણ શુધ્ધ થઈ જાય. આમ તેમાં વૈજ્ઞાનિક અભિગમ પણ ભારોભાર ભરેલો છે. હિરણ્ય કશ્યપ અને ભક્ત પ્રહલાદનું કથાનક કે જેમાં હોલિકાનું દહન તથા પ્રહલાદના અદ્‌ભુત રક્ષણની વાત સુવિખ્યાત છે. અસદ્‌વૃત્તિ ભસ્મીભૂત થઈ કહેવાય છે. છતાં આજે આ પાશવીવૃત્તિ ચોરી, લૂંટફાટ અને બળાત્કાર જેવા, ખૂની કૃત્યો અમાનુષી કૃત્યો દ્વારા જગતમાં દ્રશ્યમાન થાય છે. વાસ્તવમાં આપણે આ પાશવી વૃત્તિઓ હોળીમાં હોમવાની આવશ્કતા છે.

'ગુજરાતની દિવાળી અને મારવાડની હોળી' આ લોકોકિત બંને પ્રદેશની નવીન લાક્ષણિકતા ઉજાગર કરે છે. હોળી એટલે આગ ધૂળેટી એટલે રાગ. આપણને પજવતા ગંદા વિચારો આપણી અસભ્યતાઓને આગમાં હોમવાનો સુઅવસર હોળી છે.

હોલિકા દહનથી ખુશખુશાલ થયેલા લોકોએ રંગોત્સવ દ્વારા ખુશાલીની ઉજવણી કરી એ જ આપણું ધુળેટી પર્વ. આ પર્વ પ્રસંગે શ્રીકૃષ્ણ પરમાત્મા અને રાધિકાજીના આધ્યાત્મિક સ્નેહના વર્ણનો કવિવરોએ કાવ્યોમાં કંડારેલા છે. 'હોળી ખેલે નંદલાલા બીરજ મેં' ખાસ કરીને કાફી રાગમાં ગવાય છે.

રાજાશાહીના સમયમાં પણ આ તહેવાર માનભેર ઉજવાતો. એ સમયે પ્રાગમહેલ કે જે ભુજ શહેરની શાન છે. તેના વિશાળ દરવાજા બહાર આજુબાજુના ગામડાઓ તથા સ્થાનિક ભુજ વાસીઓ છાણા ગાડાઓમાં લાવીને ઠલવતા, હોળીના તહેવારથી એક માસ પહેલા તૈયારી થતી. આ હજારોની સંખ્યામાં આવેલા છાણાની ગોઠવણી ઉત્સાહભેર ચાલતી. રાજ્ય પરિવારના સભ્ય શાસ્ત્રોક્ત પૂજન બાદ હોળી પ્રગટાવતા. અત્રે જે નાકું છે તેને હોળીચકલાનું નાકું એવું યોગ્ય નામાભિધાન અપાયું છે. આ હોળીની પ્રચંડ જવાળાઓ ધીમે ધીમે થોડા દિવસ બાદ વિરામ લેતી. હોળીના દર્શનાર્થે ભુજ શહેર ઉપરાંત ગામડાઓમાંથી લોકો આવતા.

હોળી અને ધૂળેટીનો ઉત્સવ એટલે માનવીના મનને માંજવાનો ઉત્સવ. આપણી હાલની નવી પેઢીએ હોળી ખેલવામાં ઉમેરો કર્યો છે. કાદવ-કીચડ એકબીજા પર ઊડાડવા, સીન્થેટીક રંગોથી રમવું. શરીર પરથી તથા કપડા પરથી ડાઘ જાય જ નહિં. ક્યારેક આવા તેજાબયુક્ત કલર આંખમાં જાય ત્યારે આપણી દ્રષ્ટિ કે વિઝનનો પ્રોબ્લેમ થઈ જાય. કેટલાક મસ્તીખોરો આવેશમાં આવી જઈ અજાણી બહેનો પર ધૂળેટીના બહાને રંગ છાંટે, આ બધી જ પ્રવૃત્તિઓ હાલના સંજોગોમાં બેકાબૂ બની રહી છે. જુની પ્રથા, સભ્યતાને નિરકુંશ લોકો, જુનવાણી વિચાર શ્રેણીવાળા માને છે.

વાસ્તવમાં આપણો હોળી-ધૂળેટીનો ઉત્સવ એ તો સંપ, સહકાર, સૌજન્યસભરતા, વિનય-વિવેક, સંયમની દીક્ષા આપતો, સંઘનિષ્ઠાનો મહિમા સમજાવતો, અસદ્‌વૃત્તિઓને બાળવાનો ગૌરવભેર મહાલવાનો ઉત્સવ છે. આપણે ઉત્સવની ગરિમા વધારીએ એ આપણી નૈતિક ફરજ છે.

શતાબ્દી અવસર (૧૯૧૪-૨૦૧૪)

# કચ્છ વિકાસના હામી : લેફ. કર્નલ જીલુભા જાડેજા

● ભરત'કુમાર' પ્રા. ઠાકર-અંજાર ●

કચ્છ શરૂથી જ ભાગ્યશાળી રહ્યું છે કે તેને સમયાંતરે પાયાના રચનાત્મક કાર્યકરો સાંપડતા રહ્યા છે. જે તે ગ્રામપ્રદેશોમાં ખૂંપી જઈને તેઓએ બુનિયાદી કાર્ય કર્યું છે. સમગ્ર કચ્છમાં 'કર્નલ જીલુભા બાપુ' તરીકે જાણીતા આપણા આ વતનપ્રેમી કર્મશીલ અને કચ્છના વિકાસદષ્ટાનો પણ તેમાં સમાવેશ થાય છે. આ મહિને (અર્થાત્ ૨૭/૪ના) આવતી ૧૦૦મી જન્મજયંતી પ્રસંગે એમને યાદ કરીએ...

કચ્છમાં મુન્દ્રા તાલુકાના રતાડિયા (ગણેશ) ગામની 'રચનાત્મક ત્રિપુટી' એટલે સદ્‌ગત ડૉ. ચંદ્ર જોશી, મોઘી બહેન મ્યાત્રા અને ત્રીજા તે જીલુભા જાડેજા ! ગાંધીપ્રેરિત સર્વોદય પ્રવૃત્તિઓમાં અને ખાસ કરીને શિક્ષણ, આરોગ્ય તથા ગ્રામસેવાના સુંદર સંકુલ 'શ્રી સંઘ - ચેતન ગ્રામકુળ' ના વિકાસમાં એમના સહયોગ અને પ્રદાન નોંધપાત્ર રહ્યાં છે.

**લશ્કર અને વિદ્યુતબોર્ડમાં :** કચ્છીયતના પ્રતિક અને પ્રગતિશીલ કર્મયોગી એવા લેફ્ટેનન્ટ કર્નલ જીલુભા મોમાયજી જાડેજાનો જન્મ આજથી બરાબર એક સદી પહેલાં ૨૭મી એપ્રિલ, ૨૦૧૪ના રતાડિયા મધ્યે થયો હતો. પિતા ગામના તિલાટ (મુખી) હતા. એમનું ભણતર મોસાળ (સૌરાષ્ટ્ર)માં થયું અને વધુ શિક્ષણ લીંબડી છાત્રાલય (જિ. સુરેન્દ્રનગર) માં લીધેલું. એમની નિપુણતા જોઈને લીંબડીના ઠાકોરસાહેબે એમને ઉચ્ચ અભ્યાસાર્થે લંડન (ઈંગ્લેન્ડ) મોકલ્યા, જ્યાં તેમણે વિદ્યુત ઈજનેર (ઈલેક્ટ્રીક એન્જીનીયર)ની પદવી મેળવી.

લંડનથી પરત આવ્યા બાદ લગભગ છ મહિના ભુજમાં કામ કરેલું. તે પછી રાષ્ટ્રભક્તિ અને સમર્પણની ભાવનાથી સશસ્ત્ર દળોની ત્રણ પાંખો પૈકી ભૂમિદળ (આર્મિ)માં જોડાયા. તેમાં પોતાની કામગીરીમાં બઢતી પામતા જઈ સેનામાં 'લેફ્ટેનન્ટ કર્નલ'ના ઉચ્ચ પદે પહોંચ્યા હતા. (લશ્કરી અફસરોના દસ ઉચ્ચ હોદ્દાઓમાં ચડતા ક્રમે આ પાંચમો હોદ્દો છે) સેનામાંથી નિવૃત્તિ બાદ થોડો સમય સંયુક્ત મુંબઈ પ્રાંતમાં કામ કરેલું.

૧૯૬૦માં ગુજરાત રાજ્યનો નવોદય થયો. ત્યારે અધ્યક્ષ એચ. એમ. પટેલ (૧૯૦૪-૯૩)ના આગ્રહથી તેઓ ગુજરાત વિદ્યુત બોર્ડની સહાયમાં જોડાયા. વડોદરા ખાતેની વડી કચેરીમાં મુખ્ય ઈજનેર (સાધનસામગ્રી) ચીફ એન્જિનીયર (મટીરીયલ્સ)ના હોદ્દા પર રહી બોર્ડના માલસામાન (સ્ટોર્સ) વિભાગના મુખ્ય વડા બન્યા હતા. એમની પ્રામાણિકતા અને કાર્યદક્ષતાથી પરિચિત શ્રી પટેલે એમને ખાસ પસંદ કરી આ પદે વરણી કરી હતી. અત્યારે આણંદ જિલ્લામાં આવેલ 'ધુવારણ થર્મલ પાવર હાઉસ'ના નિર્માણમાં પણ એમનો સારો ફાળો હતો. ૧૯૭૪માં તેઓ જીઈબીમાં નિવૃત્ત થયા.

**નર્મદાના નીર અને કચ્છ :** ૫મી એપ્રિલ, ૧૯૬૧ના વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ (૧૮૮૯-૧૯૬૪)એ નવાગામ (જિ. નર્મદા) ખાતે નર્મદા બંધનું ખાતમૂહુર્ત કરેલું. તે પ્રસંગે જીલુભા જાડેજા પણ ઉપસ્થિત રહ્યા હતા. તે વખતે લંડનકાળ જૂના મિત્ર, ત્યારે કેન્દ્રિય જળ પંચ (સેન્ટ્રલ વૉટર કમિશન)ના સભ્ય અને પાછળથી કેન્દ્રીય સિંચાઈ પ્રધાન બનેલા ડૉ. કે. એલ. રાવ (૧૯૦૨-૮૬)નો ભેટો થયો.

એમણે પાછળથી દિલ્હીમાં જીલુભાને ખોસલા પંચની મૂળ ભલામણોથી અવગત કરાવ્યા. તે પરથી આ યોજનાના સ્વપ્ન દ્રષ્ટા ભાઈલાલભાઈ પટેલ ઉર્ફે ભાઈકાકા (૧૮૮૮-૧૯૭૦) એચ. એમ. પટેલ, કર્નલ જીલુભાઈ આદિ મિત્ર વર્તુળ તથા ગુજરાતની રાજકીય ધરી દ્વારા તે યોજના 'સરદાર સરોવર બંધ'ના વર્તમાન સ્વરૂપે સિદ્ધ કરવા સફળ પુરુષાર્થ કરાવ્યો. આમ, નર્મદાના નીર કચ્છમાં ઉતારવા એમણે ખૂબ મહેનત કરી હતી.

તે પછી ગુજરાતના જનતા મોરચાના શાસન (૧૯૭૫-૭૬) વખતે યોજનાના પાણી વિતરણ સંબંધે કચ્છને અન્યાયકર્તા નિર્ણય લેવાયો ત્યારે જીલુભા બાપુ આ પ્રશ્ને આગળ આવ્યા અને વતનપ્રેમી કર્મશીલોને સાથે રાખી 'કચ્છ જળસંકટ નિવારણ સમિતિ' ની રચના કરી અને તેના નેજા તળે ચળવળ ચલાવી. જીવનના અંત લગી તેઓ કચ્છ માટે આ બાબતે ન્યાય મેળવવા સતત પ્રયાસરત રહ્યા.

**સ્થાનિક સેવાઓની સુવાસ :** આ દરમ્યાન જાડેજા સાહેબે વતન રતાડિયા સાથે પણ સંપર્ક અને ઘરોબો જાળવી રાખ્યા. સ્થાનિકે ૧૯૬૩થી સ્થાપિત શ્રી સંઘ - ચેતન ગ્રામકુળ સાથે ૧૯૬૭-૬૮થી પરિચયમાં આવ્યા. ગામનાં સામાજિક,

તબીબી, શૈક્ષણિક, બંધપાળા સહિત ગ્રામવિકાસના અનેક કાર્યોમાં સક્રિય રસ લેતા. શ્રી સંઘ અને રેડક્રોસ સોસાયટીના પ્રમુખ પણ રહેલા. વડોદરા નિવાસ દરમ્યાન રતાડિયાના કાર્યો માટે જરૂરી દાન મેળવી આપતા.

વીઆરટીઆઈ (માંડવી) અને ભોજાય હોસ્પિટલમાં પણ રસ લેતા. ૨૦૦૧ના વિનાશક ધરતીકંપ વખતે બનતી સહાય અપાવી હતી અને કરી પણ હતી. રતાડિયા ગામને અને જીલુભા બાપુને પરસ્પર પ્રેમ આદર હતા. ગામમાં બંધાયેલા ડઝનેક બંધપાળા (ચેક ડેમ)માં પણ એમનું મોટું યોગદાન રહેલું છે. અહીંના એક મોટા ડેમને એમનું નામ અપાયું છે.

આવા વતનસેવી અને નિષ્કામ કર્મયોગી લેફ. કર્નલ જીલુભા જાડેજાનું ૧૨મી ઓગષ્ટ, ૨૦૦૮ના અવસાન થયું. એમના ત્રણ સુપુત્રોમાં હરશ્યામસિંહ ઈજનેર છે. હરદેવસિંહ અખિલ ભારત ફુટબોલ મંડળના પ્રમુખ રહ્યા હતા તથા હરદત્તસિંહ કૃષિ સ્નાતક છે અને વિરમગામના ધારાસભ્ય રહી ચૂક્યા છે.

આ લેખ તૈયાર કરવામાં મને 'રચનાત્મક કાર્યકરો : કચ્છ' (૧૯૯૩) પુસ્તક, મોંઘીબહેન મ્યાત્રા (રતાડિયા) તરફથી પૂરક માહિતી તથા હરેશ મહેતાના લેખ (ક.મિ., ૨૭-૪-૧૩)ની મદદ મળી છે, જેનો સાભાર ઋણ સ્વીકાર કરું છું.

# નિરાળી નાગરી નાત

હાટકેશ દાદાની જયંતિ નિમિત્તે અઢળક શુભેચ્છાઓ....

સહજ સૌંદર્યથી છલકાતી, લટકાળી, નમણી, રમણી.. જો સુંદર નામ ધારી અને મૃદુ-મિષ્ટ ભાષી પણ હોય તો.. તો ... કોઈપણ વ્યક્તિ પુરા આત્મવિશ્વાસ થી બોલી ઉઠશે. 'તેણી નાગરાણી જ છે !!' 'નમણી નાર ને નાકે મોતી' તેની આગવી ઓળખ.

ભારતના નાગરોની ભાષા શિષ્ટ-સર્વમાન્ય સ્વીકૃત થઈ છે. નાગરો પાઠ્યપુસ્તકની ભાષા બોલે છે.

'નાગરી કે દેવ નાગરી' લિપિ રચનાર નાગરોનું પ્રદાન અમરત્વ પામ્યું છે. નાગરોમાં ૧૦૦% સાક્ષરતા વર્ષોથી છે. ૧૦૦ વર્ષના માજી પણ સહી જ કરશે.. અંગૂઠો નહિં... !!

નામ પાડવામાં નાગરો પંકાય.. મારી દાદીબાનું નામ હતું. 'આદિત્ય ગૌરી'. અન્ય જ્ઞાતિના લોકો પોતાના સંતાનોના નામ પાડવા નાગરોની સલાહ લે છે.

હોંશ... હોંશ નાગરોનો પર્યાય છે. પ્રસંગ ભલે નાનો હોય.. એની ઉજવણીમાં 'હોંશ' ભળી જાય એટલે ઉપડી આવે.. ચાતુર્ય અને મર્મ ભેદી બોલી માટે પ્રખ્યાત નાગરો... નિખાલસ, રમુજી અને મળતાવડા હોય છે. 'કલમ કડછીને બરછી' એમના પ્રતિકો છે. નાગરોની નિરાળી ખાસિયતોની વાત પણ નિરાળી છે...

પાંચ 'પ' નાગરોની વધુ એક ઓળખાણ : પૂજાપો, પાટિયું (હીંચકો), પાન, પીતાંબરી, પાનેતર

મુત્સદીગીરી નાગરોને મળેલ કુદરતી બક્ષીસ છે. રાજાશાહીમાં આ ગુણને લીધે જ નાગરોને ઉચ્ચ હોદ્દા મળતા. નાગરો સુધારાવાદી, કાર્યદક્ષ, અયાચક, કરકસરિયા, ચિંતનશીલ હોય છે. નાતમાં કુરિવાજોનો અભાવ, કંકુ અને કન્યાની ઉદાત્ત ભાવના, પુત્ર-પુત્રીનો સમભાવે ઉછેર, સાસુ-વહુના સંબંધ મા-દિકરી જેવા, સ્ત્રી દાક્ષિણ્ય, નાના બાળકોને પણ માન (બેનામ) થી બોલાવે... નાગર ચકલો કે નાગર વાડો નાગરોનું મધ્યવર્તી કેન્દ્ર... અહીં એક પણ વિષયની ચર્ચા બાકાત રહી જ ન શકે.. કચ્છના નાગરોના ઘર પર હાથી અને સિંહ દોરે છે... એ ધૈર્ય અને જીગરના પ્રતિકો છે.

નાગરોની કેટલીક અટકો વિચિત્ર ખરી, નાતની બેઠકના સમાચાર કૈક આવા હોય....

''..સર્વ શ્રી.. હાથી.. ના પ્રમુખપદે અને ઘોડાના અતિથિ વિશેષ પદે યોજાયેલ સ્નેહ મિલન મા... માંકડ, મંકોડી, વિગેરેએ. પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. બૂચે પૂર્ણાહુતિ કરી હતી...''

... નાગરોની રસિકતા તો જુઓ... નાગરાણીઓ નાગરવેલના પાન જેવી હોય.. એ હિંચકે બેઠી બેઠી પતિને પાન આપતા ગાતી હોય..

'કપૂરી પાન ચુનાનું, સમારી સાફ તે કીધું, કળી ના કેસરી ચુના છકી તે ચોપડી દીધું, સુગંધી નો મૂકી કાથો, લવિંગને તે દીધું ભીડી, પતિ પ્યારા સ્વીકારોને પ્રિયાનું પાનનું બીડું... !!'

**!! જય હાટકેશ !!** **– જગદીશચંદ્ર સી. છાયા 'શ્રેયસ'-ભુજ**

પુસ્તક પરિચય

# 'ઉછાડી દે આભને'ની અટારીએ

● ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'-નખત્રાણા ●

ગતાંકોમાં વિદ્વાન લેખક શ્રી નારાયણભાઈ શનિશ્વરાના પુસ્તકરૂપી ઉપવનમાં વિહાર કરતા મળી ગયેલા - જડી ગયેલા, મહેકતાં માનવપુષ્પોનો પમરાટ વધુ માણીએ તો... ૩૦ મો લેખ શ્રી કાંતિસેન શ્રોફ (કાકા) વિશે છે. શ્રી કાકા હરતી-ફરતી સેવા સંસ્થા, પ્રેમની પરબ અને કર્મની ગંગા છે. વી.આર.ટી.આઈ. ભારતીય બંધારણની જેમ ફરજીયાત હોવી જોઈએ. એવી ઈચ્છા વ્યક્ત કરવાનું મન થાય. હમણાં 'ગુણોત્સવ'ના કાર્યક્રમ સંદર્ભે નલીઆ વી.આર.ટી.આઈ.ના તપોવનમય વાતાવરણમાં મોર, પોપટ, કલકલીયો, હોલો, ચકલીએ સ્વાગત કર્યું. મીસીસ ડૉ. એમ. ડી. આચાર્યને આ તપોવનની શાળાનું શૈક્ષણિક નિરીક્ષણ કરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. આ લખનારે સાંજે આ સંસ્થાનું આતિથ્ય માણ્યું. જાણે પોતીકું ઘર હોય એવી મમતાભરી ક્ષણો કલાકોમાં ક્યારે વીતી ગઈ. એવા વી.આર.ટી.આઈ. રૂપે કર્મયજ્ઞના યજમાન 'કાકા'નું જીવન એક અભ્યાસ છે. પ્રભુને પ્રાર્થું છે કે નખત્રાણામાં પણ વી.આર.ટી.આઈ. સ્થપાય. એલ. ડી. શાહ કોટિ વૃક્ષ અભિયાનના સંવાહક વિશે ૩૧મો લેખ છે. ત્યારપછી પ્રેમજી દ્વારકાદાસ આશર (ભાભાશેઠ) વિશે મીણબત્તીના શીતળ અજવાળા જેવો લઘુ લેખ ગુરૂત્તમ છે.

સમાજ સુધારક શાંતિદાસ આશકરણ, દાનવીર પુરૂષોત્તમ અમરશી, જીવદયાપ્રેમી વિક્રમશી રાઘવજી શાહ, સત્યાગ્રહી જયંતિ નથુ પારેખ, કાંતિભાઈ નથુ પારેખ, પ્રખર વક્તા રવિલાલ મકનજી, સાહિત્ય - કલા ક્ષેત્રે સમિતિ શ્રેષ્ઠીશ્રી બુદ્ધિચંદ મારૂ, નૃત્ય પારંગત દિકરી કિંજલ કૌશિક શાહ, સફળ-સબળ સર્જન ડૉ. કૌશિક શાહ, સ્વાતંત્ર્ય સાધિકા નિર્મળા મરચંટ, પ્રખર સંચાલક - સેવાધારી તુલસીદાસ ગજેરા, પ્રખર દેશ સેવિકા શ્રીમતી ભાનુમતી શ્યામજી કૃષ્ણ વર્મા, કચ્છ રાજ્ય વહીવટ કાઉન્સીલના રાજપુરૂષ રતનશી જેઠા સોદાગર, સમાજસેવાધારી પુરૂષોત્તમ કાનજી પવાણી, પ.પૂ. મહાત્મા પૂરણદાસજી અશ્વ વ્યાપારના પ્રખર જ્ઞાતા સાંઈયાં મીયાં સોદાગર, લોકસેવકશ્રી માવજીભાઈ વેદ, ગીતા પ્રસાર માટે આયખું અર્પનારા કનકસિંહ સંપટ, આરોગ્યક્ષેત્રે અગ્રણી નારીરત્ન ડૉ. સરોજબેન રાણા, કચ્છની રણભૂમિમાં ખેલાયેલા બે-બે યુદ્ધમાં ગોળીઓની બોછાર સામે સામા મોરચે લડનાર જવાંમર્દ વીરજી મીઠુ ખારવા, દાબેલીના સંશોધક મોહન બાવા, દાનેશ્વરી નવીન મહેતા, રાજવૈદ્ય શ્રી માનસંગજી કડિયા, રાષ્ટ્રીય કચ્છી ગીત 'મૂંજી માતૃભૂમિ કે નમન' ના રચયિતા કવિ નિરંજનજી, કવિવર શબ્દારાધક શ્રી મકબુલ કચ્છી, 'કચ્છી' નામના અખબારના નિર્ભય તંત્રી કલ્યાણજી લાલજી વ્યાસ, ખત્રી સદ્‌ગૃહસ્થ શ્રી યુસુફ અલારખા પટેલ, કવિ ભાણ, પ્રખર કવિરાજ પુરુષોતમ કોટવાલ, ભક્ત કવિ ચંદુભા જાડેજા, ગાંધી વિચારધારાના પ્રભાવી ચિંતક પચાણ ગઢવી, દાનવીર શ્રી મનુભાઈ કરશનદાસ ભીમાણી, કચ્છી રાગ-રાગિણીના પ્રખર ગાયક સ્વર સમ્રાટ પાલુ ભગત, તાર શરણાઈ વાદક વિખ્યાત સુરજ્ઞાતા વિનાયક વોરા, સુપ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક દૌલત સીસોદિયા, ભજન સમ્રાટ શ્રી નારાયણસ્વામી, પ્રખ્યાત સંગીતકાર વનરાજ ભાટીયા, સુરબંદશી સમ્રાટ ચંદુબઆઈ મટાણી, પ્રખર સૂત્ર સંચાલક હરીશ ભીમાણી, કામણગારા કંઠના કલાકાર, તબલાનવાઝ ઓસમાણ મીર, તસ્વીર નવાઝ શ્રી ટી. એસ. લાલ, રેતીમાંથી કલાકૃતિ રચતા કલાકાર, હુન્નર વીર રામસંઘ માલમ, ફોટોગ્રાફી જગતની અતથી ઈતિ કલાના સાધક જે.પી. સોની, વિખ્યાત કાર્ટુનિસ્ટ દેવ ગઢવી, નૃત્યકળા પ્રવિણ, ધરમશી શાહ, નાટ્ય કલાકાર વિપુલ અ. શાહ, લઘુફિલ્મો, સિરીયલોનાં સર્જક સુશીલા ભાટીયા, વાસ્કો-ડી-ગામાને ભારતનો રસ્તો બતાવનાર કાનજી માલમ, પ્રખર વિદ્વાન વક્તા, લેખક ડૉ. સર્વેશ વોરા, કચ્છના હૃદયસમાં 'કચ્છમિત્ર' ના દૃષ્ટિ સમ્પન્ન તંત્રી (ભૂ.પૂ.)શ્રી કિર્તીભાઈ ખત્રી, સંગીતકારો નિરજ વોરા - ઉત્તંક વોરા બંધુઓ, પુરાતત્વ ક્ષેત્રે નામ કામ કમાનારા ડૉ. પુલીન વસા, રેડિયોલોજીના પ્રખર જ્ઞાતા ડૉ. ધીરજ શાહ, વહાણના મોડેલના સર્જક શીવજી ભુદા, પ્રખર ચિંતક, લેખક, અભ્યાસી ડૉ. વનુ પાંધી, શિક્ષકરત્ન લેખક, વક્તા શ્રી હસમુખ અબોટી 'ચંદન', તસવીર નવાઝ વસંત સંઘવી, કેમેરાની આંખે અદ્‌ભૂત તસ્વીરો ખેંચતા સતીશ શનિશ્ચરા, કચ્છી લોકકથા કલાના ગહન સાધક ગુરૂવર્ય ડૉ. દિનેશભાઈ જોષી (આ લખનાર એમની પાસે ભણેલ છે.) નાટ્ય લેખક બિપીન ધોળકીયા, કચ્છી કવિવર કાનજી ખેંગાર કોચરા, પ્રખર લેખક, ચિંતક મહિમ પાંધી, ચક્ષુદાન

કાર્યપ્રવૃત્ત, રક્તદાન પ્રવૃત્તિના ઉપાસક મુકેશ ત્રિવેદી, પ્રબુદ્ધ લેખક હરિદાસ નિર્મળ, રેશમી પટોળાના પ્રખર રંગરેજ સમ્રાટ માવજી લધા શનિશ્ચરા, સેવા, શિક્ષણ મદદ માટે ચોવીસ કલાક તૈયાર અડીખમ અનિરૂદ્ધ દવે, ધબકતા અને પ્રખર વહીવટકાર હરિશ શીવજી ગણાત્રા, જાહેર સેવાકીય કાર્યકર અને અબાલવૃદ્ધની આફતમાં સદા રાહબર, પ્રવૃત્તિશીલ વાડીલાલ દોશી, ધબકતા - છલકતા ખમતીધર રસિકલાલ દોશી, જૈન શિલ્પ શાસ્ત્રની દુર્લભ તસ્વીરો લેનારા તસ્વીરકાર મહેન્દ્ર વીસરીયા, ગઝલકાર, કવિવર જેરામ ભાગલીયા, સ્થપતિક્ષેત્રે નામાંકિત પ્રવિણ દરાડ, ખાદીને લોકપ્રિય બનાવનાર હર્ષદ ઠક્કર, વનસ્પતિશાસ્ત્રી સાલેમામદ જત, બેન્ટોનાઈટ મીનરલ્સના પ્રણેતા ઈન્દુભાઈ જાની, યુવા વૈજ્ઞાનિક તબીબ ડૉ. પરિન્દા રાહુલ વસા, કેળવણીકાર અને સેવાધારી શ્રી દામોદરભાઈ પી. સાધુ, વિનોબા ભાવેના અંતેવાસી (વૈચારિક) હીરજી કારાણી, માણદેશી મહિલા સહકારી બેન્ક લિ. ના પ્રણેતા ચેતના ગાલા, આઈ.એ.એસ. પ્રબુદ્ધ નારીરત્ન અનીતા શાહ, સેવા મૂર્તિ સન્નારી રાધાબેન શાહ, ડાયનીક થીયરીના જ્ઞાતા રીટા બાથેજા, કરાટે નિષ્ણાંત ચાંદની સોદાગર, સુર શબ્દ, કવિ કલાકારના રાહબર, મર્મજ્ઞ શ્રી ઝવેરીલાલ સોનેજી, મસ્કત ગુજરાતી સમાજના સ્થાપક ડૉ. ચંદ્રકાંત ચોથાણી અને ૧૧૩મો લેખ માંડવી નગરપાલિકાના કર્મવીર શ્રી કે. કે. દોશી હવે પછીના માંડવીના માનવ પુષ્પોને આવતા અંકે મળીશું અને માણીશું. ૬૮ નહીં ૬૮ કરોડ તીર્થો છે માંડવીમાં (ક્રમશઃ)

## આ ચૂંટણી !

*મારી વાત, તમારી વાત*
*આછે આપણા સૌની વાત,*
*રાનીછે હમણાં મતદાર, ખમ્માર (૨) કરતા ઉમેદવાર,*
*બલીહારી રાણી ચૂંટણી*
*પાંચ વર્ષ મળ્યો છે મોકો, નાવમાં ક્યારેક નદી ડૂબી જાય,*
*મહીતાન્હોતા તે મળવા આવે, દંડવત્ પ્રણામ કરતા આવે,*
*વાહ-વાહ દેવી ચૂંટણી*
*વચનોની જે લ્હાણી કરી હતી, બોલ્યું ચાલ્યું માફ કરી દો,*
*ફરીને એક મોકો માગે, પૂરા કરવા બાકી કામ*
*એની ભાગ્યલક્ષ્મી છે ચૂંટણી*
*કમળ, ઘડિયાળ, હાથી, ઝાડુ, સાઈકલ હોય કે હાથનો પંજો*
*તકવાદીઓનો શંભુ મેળો, લોટો ઢોળશે લાભે લાલો,*
*ભલભલાને રોકડી, કરાવશે આ ચૂંટણી*
*મા, મૂળો અન બાપ ગાજર, તોય ચૂંટાશે, કાયદેસરનું સંતાન.*
*ચૂંટણી પંચ ક્યાં-ક્યાં જાય, બોગસ વોટીંગ, ગુંડાગીરીના હાલરડા,*
*ગાતી રડતી, માતા ચૂંટણી*
*કૃષ્ણ પરમેશ્વર કહીને ગયા કે, સંભવામી યુગે યુગે*
*પાંચ વરસે ચૂંટણી ટાણે, યુગને બદલે જો પ્રગટે,*
*અનિષ્ટોનો નાશ કરે તોય (આ મંદીમાં પણ) લેખે લાગે ચૂંટણી*
*મત આપવા જજો મતદાર, સમજી ચૂંટજો ઉમેદવાર,*
*લોકશાહીને જીવતી રાખશો, તો ભારત દેશનો બેડો પાર,*
*આવતી પેઢી યાદ કરશે ને સૌને, વ્હાલી લાગશે ચૂંટણી.*

**– બલવીરસિંહ જાડેજા-અમદાવાદ**

# કચ્છશ્રુતિનાં કલમકારો (૩)

## ગાંધીનગર ગાથાના ગંગોત્રી : શ્રીમતી વર્ષા જયંત મહેતા

● હંસરાજ કંસારા ●



ગાંધીનગરમાં હાલે અંદાજે ૬૦૦ થી વધુ કચ્છી પરિવારોનો કાયમી વસવાટ છે. આ પરિવારો પણ બૃહદ અમદાવાદમાં વસતા અંદાજે ૫૦૦૦ કચ્છી પરિવારોના એક મહત્વના હિસ્સા સમાન છે અને એટલે જ બૃહદ અમદાવાદ કચ્છી સમાજના મુખપત્ર 'કચ્છશ્રુતિ'માં આ પરિવારોને સ્પર્શ વિગતો અને સમાચારો આદિ, 'ગાંધીનગર ગાથા' વિભાગ અંતર્ગત નિયમિત પ્રકાશીત થાય છે. ૨૦૦૬માં પ્રારંભથી જ આ વિભાગનું સંપાદન શ્રીમતી વર્ષાબેન મહેતા સંભાળે છે.

વર્ષાબેન વર્ષોથી ગાંધીનગરમાં જ રહ્યા છે. સામાજીક, ખાસ કરીને શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, એમને એમના પિતાશ્રી સ્વ. અંબરીશભાઈ મહેતા તરફથી વારસામાં મળી છે. અંબરીશભાઈ ૨૭ વર્ષ સુધી જામખંભાળિયાની હાઈસ્કુલમાં અધ્યાપક રહ્યા અને ત્યારબાદ ગાંધીનગર ખાતે કેળવણી ખાતામાં, કેળવણી નિરીક્ષકના પદે નિવૃત્તિ સુધી કાર્યરત રહ્યા. અંબરીશભાઈ એમની યુવાનીને ઉંમરે, કચ્છી પ્રજાકીય આંદોલનના સમર્પિત સેનાની હતા. એમના વિષે વાત કરતા વર્ષાબેને કહ્યું કે એમના ઘડતરમાં એમના પિતાશ્રીનો અણમોલ ફાળો રહ્યો છે. તેઓ ફરજ-નિષ્ઠા અને સત્ય અને શિસ્તના આગ્રહી હતા. એમનું સંઘર્ષરત જીવન સ્ફટિક સમું પારદર્શક હતું.

વર્ષાબેનનો જન્મ કચ્છમાં અંજાર મધ્યે ૪ જુલાઈ ૧૯૫૬ના રોજ થયો. શાળાકીય શિક્ષણ જામખંભાળીયામાં લીધું. ગ્રેજ્યુએશન તેમજ બી.એડ. એમણે અમદાવાદમાં કર્યું. ત્રણ વર્ષ અમદાવાદમાં કુટિર વિદ્યાલય વટવામાં અધ્યાપન કાર્ય કર્યું. ત્યારબાદ એમના લગ્ન માંડવીના શ્રી જયંતિભાઈ મહેતા સાથે થયા. લગ્ન બાદ તેઓ મોઝામ્બીક (આફ્રિકા)માં રહ્યા. અહીં બેઈરા ખાતે હિન્દુ એસોસિએશન સંચાલિત ગુજરાતી શાળા, જે વર્ષો થી બંધ હતી, તેને પુનઃ શરૂ કરાવી. અહીં વસતા ગુજરાતીઓને એમની માતૃભાષા ગુજરાતી પ્રત્યે રસ લેતા કર્યા. તદુપરાંત બેઈરામાં હિન્દુ એસોસીએશનના નેજા હેઠળ ગુજરાતી પરિવારોના સ્નેહમિલનો અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું નિયમીત આયોજન કરતા રહ્યા.

૧૯૭૮ પછી આફ્રિકામાં ભારતીયોની હાલત કફોડી થતી ગઈ. એ સંજોગોમાં વર્ષાબેનનાં પરિવારને મોઝામ્બિક છોડવું પડ્યું. થોડો સમય યુરોપ (પોર્ટુગલ આફ્રિક સ્થળોએ) વ્યવસાયિક સ્થિરતા હેતુ રઝળપાટ કરી છેવટે હતાશ હૈયે તેઓ સ્વદેશ પાછા ફર્યા. ગાંધીનગરમાં વયોવૃદ્ધ માતા-પિતા, બે નાની બહેનો, નિશા અને પ્રેરણા તેમજ બે નાના ભાઈઓ તેમાં પણ નાનાભાઈ ચેતન અને એના પત્ની શિલ્પાની હૂંફ અને સહયોગથી ધૈર્યપૂર્વક સંઘર્ષ કર્યો. થોડો સમય ગાંધીનગરની જે.પી. વિદ્યાલયમાં અધ્યાપન કાર્ય કર્યું. સમયાંતરે વર્ષાબેને એમના પતિની સંગાથે મહેતા ટ્યુશન ક્લાસીસનો વિકાસ કર્યો. આજે આ સંસ્થાની ગાંધીનગરમાં સારી એવી નામના છે.

આ સંસ્થામાં પ્રતિવર્ષ લગભગ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ પ્લે ગ્રુપથી લઈને બાર ધોરણ સુધીના અભ્યાસ કરે છે. એના સાથે સાથે તેમના ચારિત્ર્ય ઘડતરનું શિક્ષણ મેળવે છે. ચારેક વર્ષ પહેલા વર્ષાબેનના પતિશ્રી જયંતભાઈને લકવો થઈ જતા તેઓ પથારીવશ થયા. વર્ષાબેને એમની હામ જાળવી. તન-મનથી જયંતિભાઈની સેવા ચાકરી કરી. સાથે સાથે ક્લાસીસની ફરજ તેમજ સામાજિક પ્રવૃત્તિઓમાં પણ શક્ય તેટલો ભાગ લેતા રહ્યા.

ગત વર્ષ ૨૦૧૩ની ૨૬ એપ્રિલના રોજ શ્રી જયંતિભાઈનું અવસાન થયું. વર્ષાબેન આ વસમા આઘાતને હૈયે ધરબી બાળકોના શિક્ષણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં મન વારી લીધું.

પાટનગર પ્રકાશ સામયિકના તંત્રી શ્રી ભરતભાઈ 'કવિ'એ વર્ષાબેન વિષે નોંધ્યું છે કે... 'બાળકોના શિક્ષણ, સંસ્કાર, ઘડતર અને સર્વાંગી વિકાસ માટે આયખુ સમર્પિત કરનાર મુલ્યનિષ્ઠ સદા પ્રસન્ન વ્યક્તિત્વ બાળકોના પ્યારા બહેન... એટલે વર્ષાબહેન ...'

વર્ષાબેન ગાંધીનગર કચ્છ મિત્ર મંડળ - મહિલા સંગઠનના મંત્રી છે. ચંદ્રમણી શૈક્ષણિક અને સાંસ્કૃતિક ટ્રસ્ટના પ્રમુખ છે. હરિતા કલાવૃંદ માધાપર (ભુજ)ના ટ્રસ્ટી છે. આંબાવાડી કલાવૃંદ જામ ખંભાળિયાના સલાહકાર સભ્ય છે. તદ્‌ઉપરાંત પરંતુ સૌથી મહત્વના તેઓશ્રી - શ્રી કચ્છી સમાજ અમદાવાદના કારોબારી સભ્ય છે. અમદાવાદ મધ્યે દર વર્ષે કચ્છી સમાજ આયોજીત સ્નેહમિલન કાર્યક્રમ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમોનું તેઓશ્રી આયોજન કરતા રહ્યા છે. ગાંધીનગરની ૩૦ થી વધુ બાળાઓનું એમનું સંગીત નૃત્ય નાટક અને તેમજ અન્ય લલિત કલાઓની પાંગરતી પ્રતિભાઓનું એમનું કલાવૃંદ છે. આ બાળાઓને કચ્છી સમાજના સ્નેહમિલન કાર્યક્રમ દરમ્યાન દર વર્ષે સાંસ્કૃતિક કાર્યક્રમો માટે તૈયાર કરી તેઓ જાતે તેમને સહુને અમદાવાદ પ્રસ્તુતી માટે લાવે છે. તદ્‌ઉપરાંત તેઓ દર વર્ષે ઉનાળુ રંગારંગ શિબિરનું આયોજન કરી, બાળકોને વિવિધ લલિતકલાઓમાં વિકાસ માટે પ્રોત્સાહિત કરે છે. ગાંધીનગરના વર્તમાનપત્ર, ગ્રુપ 'ધરતીના લાલ' દ્વારા પ્રતિવર્ષ આયોજીત રક્તદાન શિબિરમાં પણ તેઓ એમની ટીમ સાથે સહયોગ આપે છે.

ગાંધીનગરના ખાસ કરીને કચ્છી પરિવારો રચનાત્મક કાર્યો માટે જે બે નામ ખૂબ જાણીતા છે, તેમાંના એક શ્રી નિલેન્દુભાઈ વોરા અને બીજા શ્રીમતી વર્ષા મહેતા છે. વર્ષાબેન નિલેન્દુભાઈની સામાજીક પ્રવૃત્તિઓના પણ સહયોગી છે. તેમજ સૌરાષ્ટ્ર કચ્છના સંયુક્ત મંડળના પણ સક્રિય સભ્ય છે.

ગાંધીનગર સ્થિત ઉપરોક્ત સંસ્થાઓ સાથેના ઘનિષ્ઠ સંપર્ક અને તેમની શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ સાથેના ઘરોબા થકી વર્ષાબેન ગાંધીનગરમાં વસતા કચ્છી પરિવારોના સુખ-દુઃખનાં તેમજ કચ્છીઓની ઉગતી પેઢીની પ્રતિભાઓની સફળતા અને કચ્છ સૌરાષ્ટ્રની સંસ્કૃતિની ઉજાગર યોગ્ય વિગતોના સજગ સાક્ષી તરીકે ગંગોત્રી સમાન છે. એમના થકી કચ્છશ્રુતિ સામયિકના પ્રત્યેક અંકમાં 'ગાંધીનગર ગાથા' રૂપી ગંગા-પ્રતિમાસ વહેતી રહે છે. તદુપરાંત કચ્છશ્રુતિના વિશેષાંકોમાં પણ વર્ષાબેનનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. કચ્છશ્રુતિના 'પરિવાર વિશેષાંક'માં એમના પાટીદાર સંયુક્ત પરિવારના લેખો તેમજ વિશ્વદર્શન વિશેષાંકોમાં એમના લેખો રસપ્રદ માહિતીસભર રહ્યા છે. અમને વિશ્વાસ છે કે બૃહદે અમદાવાદમાં વસતા કચ્છી પરિવારો વચ્ચે પરસ્પર સંવાદ જાળવવામાં વર્ષાબેનનું સક્રિય યોગદાન સદૈવ મળતું રહેશે.

## ઝંખના

સેવાની સરવાણી વહાવી
મશાલ શાન્તિ પેટાવી
વેર-ઝેરની આગ બુઝાવી
દેશની સેવા કરવી છે
આતંકવાદ ને ભ્રષ્ટાચારની
વ્યાપિત હોળીકાને બુઝાવી
મહાન ભારતની ગરીષ્મા જગાવી
દેશને દેદીપ્ત કરવો છે.
રક્તપાતની વહેતી નદીઓ
નક્ષલવાદથી ખદબદતો દરિયો,
ભોરીંગ ભ્રષ્ટાચારનો નષ્ટ કરીને
સુવર્ણ ભારતની ઝંખના છે
'અલ્પ' હવે બસ એક નેમ છે
અણુ અણુમાં દેશપ્રેમ છે
સનિષ્ઠ દેશ બાંધવોની સંગે
ભવ્ય ભારત બનાવવું છે.

**– મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર**

## નેતા

ચૂંટણી માહોલ ચૂગીરયો નેતા કરીયેં લાણી
પ્રજા સૂણી પચી રીઈ આક્ષેપેંજી વાણી
વિરેંપ્યા ટીકીટ લાય હાણે જીતીવેંધા જાણી
હધ વિગરજી હુંસાતુસી પિન્ઢજો વતાઈયેં પાણી
પ્રજા સમજે સાણી
કેર કિતરો પાણી મેં...
કેર કિતરા પાણીમેં કેડા કરીંધાન્યાલ
ગજાઈ સભાઊં ગામડેજયું કાર્યાલયમેં ધમાલ
જીતી વિનેં પોય જોરાતા કેર સૂણે પ્રજાજા હાલ
મોં વતાયઈ મુડસીયો વરી પંજ વરે પોય ગાલ
ઈ ચતુર નેતેજીં ચાલ
વોટ ડિઈને વધાયો...
વોટ ડિઈને વધાયું આશા અમર આય
મત ડિયું મોંઘેરો કોય નેતા સારો ચુંટાય
મોંઘવારી ઘરે મુલકજી મોજસે માડુ કમાય
સૂણેધાં સરકારને ધૂનિયામેં વખણાય
લગે ન કેંજી હાય
'પ્રભુ' સરકાર ભને સોનેજી

**– પ્રભુલાલ સિદ્ધપુરા - ગાંધીધામ**

આરોગ્ય

# વિટામીન્સ-૫

● દિલીપ વૈશ્નવ-અમદાવાદ ●

## પાણીમાં દ્રાવ્ય વિટામીન

ગત બે અંકમાં વિટામીન B1 (થાયમીન) વિશે વિગત વાંચી. શરૂઆતમાં વિટામીન B1 અને વિટામીન B2 એક જ સ્વરૂપ, એટલે વિટામીન B તરીકે નક્કી થયું હતું. પણ ઊંડા અભ્યાસ બાદ વિટામીન B1 અને B2 તરીકે જુદા પડ્યા કારણકે તફાવતની દ્રષ્ટિએ વિટામીન B1 Heat unstable અને વિટામીન B2 Heat Stable ગુણધર્મ હોતા વિભાજન થઈ આ બંનના અલગ અસ્તિત્વ નક્કી થયા. વિટામીન B1 શોધાયું ૧૯૧૦માં, બરાબર એક દાયકા પછી પુરી ચકાસણી કર્યા બાદ ૧૯૨૦માં વિટામીન B2 જગત સમક્ષ મુકવામાં આવ્યું.

વિટામીન B2 એટલે રિબાફલેવીન. આ વિટામીનના સંશોધનમાં વિશ્વના અનેક વિજ્ઞાનીઓનું યોગદાન છે. કેટલાક વિજ્ઞાનીઓને નોબલ પ્રાઈઝથી સન્માનિત પણ કરવામાં આવ્યા. અગાઉના સમયમાં પેલીગ્રા નામની બીમારી ખૂબ હતી પેલાગ્રા ક્યા તત્વથી મટાડી શકાય તે અંગેનો અભ્યાસ વેગ્નર, ગ્યોરની તેમજ કુહુન નામના તજજ્ઞો કરતા હતા, ઉંદરો ઉપરના પ્રયોગો દ્વારા જાણવા મળ્યું કે ઈંડાનો પીળા પદાર્થ, રાઈસ બ્રાન, લીવર, યીસ્ટ જેવા ખાદ્ય પદાર્થો ખોરાક તરીકે આપવાથી આ રોગ અટકાવી શકાતો. ૧૯૨૦માં રિબોફલેવીન શોધ થયા બાદ પણ વધુ આવશ્યક સંશોધનો લગભગ એક દાયકા સુધી ચાલુ રહ્યા હતા.

માનવ શરીર માટે રિબોફલેવીન ખૂબ અગત્યનું છે. શરીરના વિકાસ, વૃદ્ધિ અને કાર્બોહાઈડ્રેટસ, ફેટ અને પ્રોટીનને લગતા મેટાબોલીઝમ તેમજ અન્ય કેટલીક અગત્યની જૈવિક ક્રિયાની કામગીરી સંભાળે છે. શરીરને ઊર્જા પ્રદાન કરે છે. ચામડી, વાળ, આંખો તેમજ નર્વસ સિસ્ટમની સારી સંભાળ રાખે છે. રક્તકણો બનવામાં સહાય કરે છે. લીવર, હાર્ટ અને કિડનીમાં સારા પ્રમાણમાં આ વિટામીન કેન્દ્રીત થયેલું છે. તેથી શરીરના મેટાબોલીક કામગીરીમાં અગત્યનો ભાગ ભજવે છે. તેમજ B3 વિટામીનનો પુરવઠો શરીરમાં બરાબર જળવાય તેની કાળજી રાખે છે.

રિબોફલેવીન શબ્દ રિબોઝ અને ફલેવીન પરથી છે. રિબોઝ એક પ્રકારની ખાંડ છે, જે એક રસાયણ ધરાવે છે તે રિબિટોલ છે. પાણીમાં દ્રાવ્ય એવા વિટામીન B2 નો રંગ નારંગીને મળતો છે. જે પીળો રંગ છે આ વિટામીનની ટીકડીઓ, કેપ્સ્યુલ અને સિરપ પણ પીળો રંગ ધરાવે છે. લેટીન ભાષામાં પીળારંગને ફલેવીન કહે છે. દૂધ, ઈંડા પણ અંદરથી પીળાશ પદાર્થ ધરાવે છે. દૂધમાંનું લેક્ટોફલેવીન ઈંડામાં રહેલ ઓવાફલેવીન તેમજ લીવરમાં રહેલ હેપ્ટાફલેવીન તત્વો અને રિઓફલેવીન રાસાયણિક દ્રષ્ટિએ એક સરખા જ છે. આ ત્રણે ખાદ્ય પદાર્થો પ્રાણીજન્ય છે, અને તેમાં વિટામીન B2 રહેલું છે.

રાંધતી વખતે આ વિટામીન યુક્ત પદાર્થોને ઢાંકીને ગરમ કરવા, અને તૈયાર થયેલા પદાર્થોને પણ અપારદર્શક ઢાંકણથી ઢાંકવા જરૂરી છે. ગરમી તેમજ હવા ખાદ્યપદાર્થમાં રહેલા સત્વને અંશતઃ નુકશાન કરે છે, પણ પ્રકાશથી વધારે પ્રમાણમાં સત્વને નુકશાન પહોંચે છે.

રિબોફલેવીનની સ્વસ્થ પુખ્ત વ્યક્તિ માટે દૈનિક જરૂરિયાત ૧.૫ મિગ્રા/દરરોજ માટે છે. સગર્ભા તેમજ ધાત્રી મહિલા અને વૃદ્ધજન માટે થોડો વધારે એટલે કે ૧.૭ થી ૧.૯ મિગ્રા./ દરરોજની દૈનિક જરૂરિયાત છે. માનવીના આંતરડામાં કેટલાક બેકટેરીયા આ વિટામીન બનાવે છે. તેમજ ધનધાન્ય, લીલી વિવિધ શાકભાજી, યીસ્ટ, દૂધ, ઈંડા, લીવર તેમજ અન્ય પ્રકારના વનસ્પતિ જન્ય શાક વિગેરેમાં વિટામીન B2 રહેલું હોય છે. પોલીસ કર્યા વગરના અનાજ પુષ્કળ પ્રમાણમાં વિટામીન B2 ધરાવે છે. દરરોજના નાસ્તામાં દૂધ અને સિરીયલ્સ યુક્ત પદાર્થો આરોગવામાં આવે તો શરીરને પુરતા

પ્રમાણમાં આ વિટામીન ઉપલબ્ધ થઈ શકે છે.

તંદુરસ્ત વ્યક્તિ નિયમિત રીતે પોષક આહાર લેતો હોવાથી તેમજ આંતરડાના વિશિષ્ટ પ્રકારના મિત્ર બેકટેરીયા રિબોફલેવીનનું નિર્માણ કરતું હોય તો આ વિટામીનની ઉણપ સર્જાતી નથી. કુપોષણ, વધારે પ્રમાણમાં જંક ફુડ ખાવામાં આવે તો અને કેટલીક ગંભીર પ્રકારની બિમારીને કારણે, આંતરડામાં આરોગ્યપ્રદ બેકટેરીયાની સંખ્યા ઘટી જતી હોય તેમજ આ વિટામીનનું શોષણ શરીર ન કરી શકે તેવા સંજોગોમાં આમ વિટામીનો તેમજ વિટામીન B2 ની ખામી રહે છે. અન્ય વિકસિત દેશોમાં તેમજ આર્થિક રીતે નબળા લોકોમાં પોષણયુક્ત ખોરાક ન મળતો હોય તેવા વિસ્તારોની વસ્તીમાં વિટામીનોની ઉણપ ચોક્કસ જોવા મળે છે. સંતતી નિયમન માટે ગર્ભનિરોધક દવાઓનો આશરો લેનારી મહિલાઓ, વૃદ્ધજનને ભૂખ ઓછી લાગતી હોય તો તે કારણોસર રિબોફલેવીનની ઉણપ જણાય છે.

રિબોફલેવીનની ઉણપના લક્ષણોનો શિકાર, હોઠ, મોં, ગળુ, ચામડી તેમજ આંખ થાય છે. આંખો લાલ થાય, આંખ બળે તેમજ પાણી નીકળી, બરાબર દેખાય નહીં. ચામડી સુકાવા લાગે અને ખંજવાળ આવે, જીભ, ગળામાં હોઠ, મોંની અંદર લાલ લાલ ચાંદા પડે. ડોક્ટર આ લક્ષણો પરથી વિટામીન B2 ની ઉણપ દૂર કરવા માટે પૂરક સારવાર અર્થે ટીકડી - સિરપ - કેપ્સ્યુલ આપે છે. નિદાન માટે પ્રાયોગિક ટેસ્ટની જરૂર નથી.

**વિટામીન B3 :** નિઆસીન અથવા નિકોટીનીક એસિડ. આપણા શરીરના અંગો, મગજ, આંતરડા, ત્વચા, ચેતાતંત્ર તેમજ અન્ય અંગો, તંત્રો સક્ષમ રીતે કામ કરી શકે તે માટે નિઆસીન ખૂબ ઉપયોગી વિટામીન છે. પાણીમાં દ્રાવ્ય એવા બધા જ B શ્રેણીના વિટામીનોનું શરીરમાં લાંબા સમય માટે સ્ટોર થતું નથી. તેમજ પેશાબ વાટે શરીરની બહાર નીકળી જાય છે, તેથી આપણે આપણા રોજીંદા પૌષ્ટિક આહાર દ્વારા મળતા વિટામીનો મેળવવા જોઈએ વિટામીન B3 ની ઉણપથી પેલાગ્રા જેવી બિમારી થઈ શકે છે. જે પોષણક્ષમ આહાર અને સારવાર મારફતે ઉપલબ્ધ B3 વિટામીનથી મટાડી શકાય છે.

નિયાસીનના શોધ સંશોધન કાર્યનો યશ ચાર વૈજ્ઞાનીકોને જાય છે. સંશોધનો ૧૮૭૩ થી ૧૯૩૭ સુધી એટલે કે લગભગ છ દાયકા સુધી ચાલ્યા. ૧૮૭૩માં જર્મન રસાયણશાસ્ત્રી વિકટર હ્યુગો નિકોટીન પર અભ્યાસ કરતા કરતા તેમણે નિકોટીન અને નાઈટ્રીક એસિડનું સંયોજન કરતા તેમને જે નવું તત્વ અથવા રસાયણ મળ્યું તે નિકોટીરક એસિડ હતું જે પાછળથી નિઆસીન વિટામીન B3 તરીકે ઓળખ પામ્યું. કેટલાક વધુ અભ્યાસ દ્વારા આ પદાર્થ શરીરના સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે, તે જાણવા મળ્યુ. અમેરિકાના ડૉક્ટર ટોમ સ્પાઈએ પેલાગ્રા નામના રોગ માટે આ નિકોટીનીક એસિડ ખૂબ જ અકસીર છે, તેમ સાબિત કર્યું. એટલે નિઆસીન પેલાગ્રા પ્રિવેન્ટીવ ફેક્ટર તરીકે જાણીતું થયું. ૧૯૩૭માં કોનાર્ડ એલવેહ જેમને આ પદાર્થને લીવરમાંથી શોધી કાઢ્યું. આ પદાર્થ પ્રથમ નિકોટીનીક એસિડ તરીકે નક્કી થયા બાદ રસાયણશાસ્ત્રીઓને મુંઝવણ થઈ કે તમાકુમાં રહેલ નિકોટીનમાંથી રસાયણિક પ્રક્રિયાથી નિકોટીનીક એસિડ ઉત્પન્ન કર્યું છે. એટલે નિકોટીનીક એસિડમાં સારા ગુણો હવો છતાં લોકો સ્વીકારશે નહીં તેથી નિકોટીનીક એસિડ અને વિટામીન એમ ૩ શબ્દોમાંથી NIACIN શબ્દ રચી તેને વિટામીન B તરીકે જાહેર કર્યું. આ વિટામીન કુદરતે વનસ્પતિજન્ય અને માંસાહારી ખાદ્ય પદાર્થોમાં સુક્ષ્મ માત્રામાં આપેલ છે. જે માનવ શરીર માટે ખૂબ જ ઉપયોગી છે.

વિટામીન B3 નિઆસીનની ઉપયોગીતા તેમજ તેના કાર્યોની વાત કરીએ. નિઆસીન શરીરની અંદર અગત્યની મેટાબોલીક કાર્ય માટે એક પ્રબળ તત્વ છે. શરૂઆતમાં કહ્યા તે મુજબ શરીરના બધા જ અંગો અને વિવિધ તંત્રો નિઆસીનને કારણે સક્ષમ રીતે કાર્ય કરી શકે છે. નિઆસીન જો દરરોજ પુરતા પ્રમાણમાં વિવિધ આહાર દ્વારા લેવામાં આવે તો કોલેસ્ટેરોલની સમસ્યા ઉદ્ભવે નહીં. સારું કોલેસ્ટેરોલ HDL માં નિઆસીન વધારો કરે, ખરાબ કોલેસ્ટેરોલ (LDL ટ્રાઈગ્લીસીરાઈડ)માં ઘટાડો કરે, એથી હૃદય રોગને આવતો અટકાવે છે. એથેરોસ્કેલેટોસીસ (લોહીની રક્તવાહિનીઓને સાંકડી અને બરડ બનાવવાની પ્રક્રિયા) થવાની પ્રક્રિયા ધીમી પાડે છે. ચામડી અને આંતરડા વિના કોષોને ઘસારો થાય. તેથી શરીરને સતત નવા કોષો તૈયાર કરવા પડે, આ માટે નિઆસીન ખૂબ મદદ કરી નવા કોષોના સર્જન કરે છે. મગજ

તેમજ તમામ જ્ઞાનતંતુ કુશળતાથી કાર્ય કરવામાં પણ નિઆસીનની મદદ મળે છે. ડીએનએના નિર્માણમાં મદદ કરે છે. નિઆસીન એડ્રિનલ ગ્રંથીના અંતઃસ્ત્રાવો (હોર્મોન્સ)ના નિર્માણ કાર્યમાં પણ સહાયરૂપ છે. ઈન્સ્યુલીનના સ્ત્રાવને નિઆસીન સક્રિય કરે છે. જેથી લોહીમાં સુગર લેવલ અપ્રમાણ રહે.

**સ્રોત :** તબીબી સારવાર રૂપે નિઆસીન ટેબલેટ - સિરપ, પાવડર સ્વરૂપે ઉપલબ્ધ છે. જેનો ઉપયોગ કેટલીક બિમારીઓને દૂર કરવા માટે તબીબ ઉપયોગ કરે છે. ઉદાહરણ તરીકે, નિઆસીન કોલેસ્ટેરોલ ઘટાડવા માટે અન્ય દવા સાથે ઉમેરીને દર્દીને આપવામાં આવે છે. કોલેસ્ટેરોલ ઘટાડવા માટે નિઆસીનની નિશ્ચિત માત્રામાં ડોક્ટર આપે જે રોજીંદા આહારમાં ખાવામાં આવતા પ્રમાણ કરતા ઘણું હોય છે. નિયાસીન નોનવેજીટરીઅન અને વેજીટેરીઅન ખાદ્ય પદાર્થોમાં સૂક્ષ્મરૂપે છે. જેમ કે માંસાહાર ખાદ્ય પદાર્થોમાં ચીકન, માછલી વિગેરેમાં, શાકાહારી ખાદ્ય પદાર્થોમાં બધા જ પ્રકારની લીલી શાકભાજી, ગાજર, કોબી, બટેટા, રતાળુ, ટમેટા, ફળો - જાયફળ, બધા જ પ્રકારના અનાજ - ખજૂર, કાજુ, બદામ, અખરોટ, પિસ્તા, સીંગદાણા, ઘઉં અને ોટના ફાડામાં નિઆસીનનું પ્રમાણ ઘણું હોય. (જુવાર, બાજરો, મકાઈ વિશે આગળ વાત કરીશું)

નિયાસીનની દૈનિક જરૂરિયાત (મિગ્રા./ દિવસ) : વ્યક્તિની વય આધારીત મુજબ મિગ્રા. / દિવસની માત્રામાં ફેરફાર હોય, જેમકે પુખ્ત વ્યક્તિને માટે ૧૬ મિગ્રા., સગર્ભા અને સ્તનપાન મહિલા માટે આશરે ૧૬ થી ૧૮ મિગ્રા. બાળકો માટે ૨ થી ૧૨ મિગ્રામ દૈનિક આવશ્યકતા છે. આ જરૂરિયાત શાકાહારી તેમજ માંસાહારી ખાદ્ય પદાર્થોમાં સરળતાથી મળી રહે છે.

**નિયાસીનની ઉણપના કારણો :** સ્વસ્થ વ્યક્તિ જો આગળ જણાવ્યા મુજબ પૌષ્ટિક ખોરાક ખાતો હોય તો શરીરમાં નિયાસીનની ખામી રહેતી નથી વધુ પડતું શરાબ પાન અમીરોમાં, લઠા પાન ગરીબ લોકોમાં, આ વિટામીન B3 ની ઉણપ સર્જી શકે છે. આર્થિક રીતે નબળા, પછાત અને ગરીબ વસ્તીમાં કુપોષણને કારણે નિયાસીનની અછત વર્તાય છે. કેટલીક વાર કોઈક વ્યક્તિમાં પ્રોટીનમાં રહેલ એમિનોએસિડ ટ્રીપટોફેનનું શોષણ યોગ્ય રીતે ન થતું હોય તો નિઆસીનની ઉણપ જન્મજાત તકલીફને કારણે હોઈ શકે. લીવર, આંતરડા, પેનક્રિયાસ, જટીલ કેન્સર જેવી માંદગીમાં વિટામીનનું શોષણ ન થાય ત્યારે નિયાસીનની અછત સર્જાય છે. જે વિસ્તારના લોકોમાં મુખ્ય ખોરાક માત્ર ને માત્ર બાજરો, જુવાર અને મકાઈ હોય તો તેવા વિસ્તારોના લોકો નિઆસીનથી વંચિત રહે છે. નિઆસીન હોય પણ શરીરમાં પાચન દરમ્યાન છુટું પડે નહીં. મકાઈમાં રહેલ નિઆસીનને છુટું પાડવા માટે આલ્કાલાઈઝનની પ્રક્રિયા અપનાવી પડે. (જો કે બાજરી, મકાઈ અને જુવારમાં અન્ય પોષક તત્વો ખૂબ છે.)

**નિઆસીનના ઉણપના લક્ષણો :** વિટામીન B3 ની ખામી પેલાગ્રા જેવી બિમારી સર્જી શકે. હાલ વર્તમાન સમયમાં આ બિમારી બહુ ઓછી જોવા મળે છે. દારૂ - લઠ્ઠો વારંવાર પીનારા કે કુપોષણ યુક્ત ગરીબ લોકોમાં પેલાગ્રાની બિમારી નજરે પડે છે. પેલાગ્રા ચામડી, આંતરડા અને ચેતાતંત્રની તકલીફ સર્જે છે. નિઆસીન શરીરને પુરતા પ્રમાણમાં ન મળે તેથી મેટાબોલીઝની પ્રક્રિયા મંદ પડી જાય. વ્યક્તિને ટાઢ પડે, આંતરડા, લીવર વિગેરે નબળા પડે, ડાયરીયા થાય, અશક્તિ આવે. શરીર પર ખંજવાળ થાય, ચહેરો, પગ, હાથ, પેટ વિગેરે પર કાળા ડાઘા થાય. ગળામાં, મોંમાં છાલા-ચાંદા પડે, તેથી ખવાય નહીં માનસિક સંતુલન ન જળવાય, ડીપ્રેશન આવે વિ.વિ. નિઆસીનની ઉણપનું નિદાન અને સારવાર ડૉક્ટર મારફતે કરી શકાય છે. ડૉક્ટરને જરૂર પડે તો પેથોલોજીસ્ટની મદદ લઈ ઉણપની ગંભીરતા મુજબ સારવાર કરે છે. કોલેસ્ટેરોલનું ઉચ્ચ પ્રમાણ ઘટાડવા માટે નિઆસીનની જરૂર પડે છે. તેમજ ઉણપમાં દવા - ટેબલેટ - કેપ્સ્યુલ મારફતે ઉણપ ઓછી કરી શકાય છે. પોતાની મેળે નિઆસીન દવા સ્વરૂપે લેશો નહીં દિવસની દવા સ્વરૂપે ૫૦ મિ.ગ્રામ કે તેનાથી વધુ ડૉઝ લીવરને ગંભીર નુકશાન કરી શકે.

નિઆસીન શરીરમાં સ્ટોર થતું નથી, અને પાણીમાં દ્રાવ્ય છે, વળી પેશાબ વાટે બહાર નીકળી જાય, તેથી આ અગત્યના પૌષ્ટિક વિટામીનનો પુરવઠો શરીરમાં રોજના પૌષ્ટિક અને સમતોલ ખોરાક દ્વારા જળવાઈ રહે તે માટે ભોજનમાં રાંધેલા અનાજની સાથે સલાડ-ફળો વિ. આરોગતા રહેશો તો નિઆસીનની ઉણપ રહેશે નહિ. **(ક્રમશઃ)**

# શબ્દોની કમ્પ્યૂગ્રાફી-૨



● તુલસીદાસ કંસારા ●



**હાર્ડવેર : બ્લૂ-ટૂથ નામ કેમ રાખવામાં આવ્યું ?** ચિત્રમાં દેખાડેલ છે તેવી માછલીના આકારની, એક જ કાનમાં ગોઠવાઈ જાય તેવી ડિવાઈસનું નામ છે બ્લૂ-ટૂથ. તેમાં વાયરની જરૂર પડતી નથી. ઓછા પાવરના વપરાશથી ચાલતું આ સાધન સ્ટાન્ડર્ડ કમ્યુનિકેશન પ્રોટોકલ મુજબ બનાવાયેલ છે. તે મોબાઈલ ફોન, લેપટોપ, પર્સનલ કોમ્પ્યુટર, પ્રીન્ટર, ડીજીટલ કેમેરા, વિડીયો કેમેરા ઈત્યાદીને રેડિયો ફ્રિકવન્સી મારફતે જોડે છે અને વૈશ્વિકસ્તરે વિના લાયસન્સનું ટૂંકા અંતર માટેનું (૧ મીટર, ૧૦ મીટર કે ૧૦૦ મીટર) સલામત ઉપયોગી ડિવાઈસ છે. તેના નામ પાછળથી વાત કચ્છના મહારાઓ જ્યાં ભારતના પ્રથમ એમ્બેસેડર હતા તે મુલકના રાજાના નામ સાથે સંકળાયેલ છે. ૧૦મી સદીના ડેનમાર્ક અને નોર્વેના રાજા હેરોલ્ડ બ્લૂ-ટૂથના નામ પરથી નામાંકિત થયેલ આ ડિવાઈસ પાછળની વાત એવી છે કે, જેવી રીતે આ રાજાએ તેના જમાનામાં ડેનમાર્ક, જેમાં સ્વિડીશ સ્કેનીયા નો પણ સમાવેશ થતો હતો, ત્યાંની લડતી-ઝઘડતી આદિવાસી જાતિઓ ને એકત્રિક કરીને શાંતિ સ્થાપવામાં મહત્વનો ભાગ ભજવેલ, તેવી જ રીતે આ સ્વિડીશ સ્કેનીયામાં શોધાયેલ ડિવાઈસે પણ અલગ અલગ ટેકનોલોજી, જેવી કે પર્સનલ કોમ્પ્યુટર અને મોબાઈલ ફોન ને અનુબદ્ધ (કો-ઓર્ડિનેટ) કરવામાં મોટો ભાગ ભજવ્યો છે, તેનું નામ બ્લૂ-ટૂથ રાખવામાં આવેલ છે.

**સોફ્ટવેર : એક્રોબેટ - બજાણિયો, કસરતના ખેલ કરનાર.**

પરંતુ કમ્પ્યૂટરી દુનિયામાં એક સોફ્ટવેર પ્રોગ્રામ જે એડોબ સિસ્ટમ્ ઈન્કોર્પોરેટ બનાવેલ છે તે પ્રોગ્રામને આપેલું નામ. આ એક્રોબેટ દ્વારા તમે કોઈપણ ડોક્યુમેન્ટની પોર્ટેબલ ડોક્યુમેન્ટ ફોર્મેટ (પીડીએફ) ફાઈલ બનાવી શકો છો અને ઈલેક્ટ્રોનીકલી, ઈ-મેઈલ થી કે અન્ય રીતે ટ્રાન્સફર કરી શકો છો જેથી લોકો તેને તે જ લેઆઉટમાં જોઈ શકે છે. અન્ય એચટીએમએલ જેવા ફોર્મેટ, કે જે દરેક સોફ્ટવેરમાં તેવા જ લેઆઉટમાં દેખાતા ન... ક્રોબેટનું મુખ્ય જમા પાસું છે પોતેને જોઈએ તેવા જ લે-આઉટનું ફોર્મેટ.




**ઈન્ટરનેટ : સોસીયલ નેટવ** ... નેટવર્કીંગ સર્વિસીસ જે સોસીયલ નેટવર્કીંગ સાઈટ્સ (SNS - એસ ... ઓળખાય છે. તે લોકો વચ્ચે સંવાદ સાધીને એક ઓન-લાઈન સમાજ ( ... માં આવે છે. કમ્પ્યૂટર નેટવર્ક એટલે સામાન્ય રીતે એક બીજા સાથે જોડ ... મો. આવા નેટવર્કમાં દરેક કમ્પ્યૂટર સિસ્ટમ કે તે સાધનને નોડ તરીકે ... સીયલ નેટવર્કનો વિચાર પણ આજ છે, માત્ર એમાં નોડ સામાન્ય રીતે ... હ કે તેમનો ગ્રુપ અથવા સંસ્થાઓ હોય છે. આ SNS વેબ-આધારિત ... માં આપવામાં આવતી જગ્યાએ દરેક જણ પોતાની પ્રોફાઈલ બનાવી શકે છે. તે સાઈટ ઉપરના અન્ય સભ્યો સાથે પોતાની પ્રોફાઈલ શેર કરી શકે છે, આપલે કરી શકે છે. આવી સાઈટ અનેક રીતે વપરાશકર્તાઓ સાથે વાર્તાલાપ કરવા માટે સગવડ આપે છે જેવી કે તાત્કાલિક મેસેજીંગ, ચેટ રૂમ, ઈ-મેઈલ તે સાઈટ ઉપરથી મેઈલ (જે મોટે ભાગે ચોક્કસ સેવાઓ સાથે સંકળાયેલા હોય છે) નોંધ કે બ્લોગ, ફાઈલ-શેરીંગ, ફોરમ કે કોઈપણ વિષય પર ચર્ચાઓ માટેના ગ્રુપ, વિડિયો ઈત્યાદી. આવી SNSમાં મેમ્બરશીપની રીતે અત્યારે ધૂમ મચાવે છે. ફેસબુક જેની સભ્ય સંખ્યા સો કરોડ જેટલી છે. તેનાથી પચાસ ટકાના સભ્યો ધરાવતી ગુગલ બીજા નંબરે છે અને ત્રીજા નંબરે અડતાલીસ કરોડ સાથે ચાઈનાની સાઈટ ક્યૂ ઝોનનો છે. આવી લગભગ ૩૦૦ જેટલી સાઈટોમાં પ્રથમ ૧૯૯૫માં નોંધાયેલ સાઈટ છે. classmates.com

**હેલ્થ ફસ્ટ : ધ્યાન અંતિમ મોબાઈલ ડિવાઈસ છે, તમે તેનો ગમે તે સમયે, ગમે તે સ્થળે, શાંતિથી ઉપયોગ કરી શકો છો.** Meditation is the ultimate mobile device, you can use it anywhere, anytime, unobtrusively. - Sharon Salzberg, Real Happiness : The Power of Meditation.


P
પ્રતાપસિંહ
પેંડાવાળા
(બાપુ પેંડાવાળા)
કચ્છી પેંડા અને કચ્છી ગુલાબપાકના સ્પેશ્યાલીસ્ટ
શિયાળાની સિઝનમાં કચ્છી અડદીયા, ગુંદરપાક, અંજીરપાક મળશે.
શુદ્ધ દેશી ઘીની મિઠાઈ, દૂધની મિઠાઈ, કાજુકતરી-ડ્રાયફ્રુટની મિઠાઈ
નમકીન્સ તથા ચેવડા
સુકીર્તિ ટાવર, શ્રેય સોસાયટીની બાજુમાં, આગમન એપાર્ટમેન્ટની સામે, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઈટ, અમદાવાદ. મો. ૯૮૨૫૭ ૧૦૬૭૮, ૯૪૦૯૯ ૪૦૬૭૫



FOOD'S REGENT
મણિનગરના અસલી
કર્ણાવતી
દાબેલી મસાલો
Net Weight 250g
૧, રાધામંદિર કોમ્પલેક્ષ, હીરાભાઈ ટાવર સામે, ઉત્તમનગર, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
ફોન : (ઓ) ૨૫૪૭ ૦૦૮૬, (રહે) ૩૦૪૨૫૪૦૧, મો. ૯૪૨૬૦ ૬૦૨૭૭


ROOPALEE CHASMAGHAR
all branded white contact lenses and colour contact lenses
Alcon
CIBA VISION
AIR OPTIX
FRESHLOOK
BAUSCH + LOMB
Shop No.2, Hirak Centre, Opp Sardar Patel Statue,
Nehru Park, Vastrapur, Ahmedabad.
26765000, 9879750000


|| જય જલારામ ||
With Best Compliments from ....
મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન, કર્ણાવતી દાબેલીથી જ શોભે...
મીક્સફ્રુટ દાબેલી
વડાપાઉં
નકલી નામથી સાવધાન
કર્ણાવતી
દાબેલી સેન્ટર
(મણીનગર-ઉત્તમનગરના પ્રખ્યાત)
૧, રાધામંદિર કોમ્પલેક્ષ, હીરાભાઈ ટાવર સામે,
ઉત્તમનગર, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
ફોન : (ઓ) ૨૫૪૭ ૦૦૮૬, (રહે) ૩૦૪૨૫૪૦૧
મો. ૯૪૨૬૦ ૬૦૨૭૭

# કચ્છડો કામણગારો

## ભૂંગા કચ્છમાં ઠેર ઠેર દેખાય !







ઘરનું ઘર, પોતાનું ઘર,
પોતે જ સ્થપતિ, પોતાનું જ સ્થાપત્ય
ન પ્લાન ન એસ્ટીમેટની ઝંઝટ,
ન દલાલોની ખટપટ
જોઈએ, તેવું બાંધો ઝટપટ,
સજાવો છાણ-માટીથી ફટાફટ
સદીઓથી બનતા આ ભૂંગા,
ધોરડોમાં સજાવેલ દેખાય,
ધોળાવીરાના ખંડેરોમાં પણ દેખાય,
કચ્છમાં જ્યાં પણ જાઓ,
ભૂંગા તમને ઠેર ઠેર દેખાય !

ભૂંગા એટલે સ્થાનિક માટી, ઘાસ, વાંસ અને ગાય, ભેંસ કે ઊંટની લાદના મિશ્રણમાંથી માનવી એ સર્જેલ પોતાનો માળો. એની વર્તુળાકાર બાંધણી રહેનારને ૩૬૫ અંશે જોવાની દ્રષ્ટિ પ્રદાન કરે છે. તેના શંકુ આકારની છત પિરામીડની ડિઝાઈનના બધા જ ફાયદોનો લાભ આપે છે અને ઈકો-ફ્રેન્ડલી મટીરીયલ એક નિરાંતનો શ્વાસ આપે છે.

ધરા ધ્રૂજે કે વાવાઝોડા આવે, આ રહેણાકમાં રહેવામાં કોઈ ભય નથી ભૂંગાની અંદર અને બહારનું લિંપણ, માનવીને જોઈતી સ્વચ્છતા કેટલી સરળ છે તે દર્શાવે છે, તો તેની ગંધ આગળ અત્તર કે અગરબત્તીની સુગંધો ફિક્કી લાગે.

(સૌજન્ય : હરીશ રંગવાલા rangwala.harish@gmail.com)
(સંકલન : તુલસી કંસારા tulsi_66@yahoo.in)

# કચ્છડો કામણગારો

## ભૂંગાની સજાવટ - મડ અને મીરરની કરામત



છાસવારે દુષ્કાળગ્રસ્ત થતા કચ્છમાં તમને વાંઢ નામે ઓળખાતા ગામો, શીફટીંગ વિલેજીસ જોવા મળે. વણઝારાની વિચરતી જાતિઓની માફક ગાય-ભેંસ-ઘેટાં-બકરાં જેવા દુધાળા ઢોરોને જ્યાં ચારો મળે ત્યાં તેમની સાથે ભટકતા તેમના રખેવાળોને થોડા સમય માટે રહેવા ઘર જોઈએ, એટલે બન્ની જેવા પ્રદેશમાં જ્યાં ઘાસચારો ત્યાં ડેરા-તંબૂની જેમઆ ટેમ્પરરી હાઉસ – એટલે આ ભૂંગા.




સામાન્ય રીતે એક ભૂંગાના અંદરના એરિયાનો વ્યાસ ૩ થી ૬ મીટર સુધીનો હોય છે. તેમાં એક દરવાજો અને બે નાની બારીઓ બેસાડેલ હોય છે. વચ્ચે મજબૂત થાંભલો બેસાડી તેને ફરતે વાંસ અને ઘાસની છત બનાવેલ હોય છે. તેની ઊંચાઈ ૯ થી ૧૦ ફુટ હોય છે. ગોળ દિવાલના વાંસ આ છતને ફરતે ટેકો આપી મજબૂત બનાવે છે. અંદરનો ભાગ સફેદ માટીથી લિંપવામાં આવે છે. જરૂર પ્રમાણે ગોખલા અને ધરી (નાના બારણાથી બંધ કરેલ ગોખલો એટલે કચ્છીમાં ધરી) બનાવેલ હોય છે અને તેને વિવિધ રંગો અને આભલાઓથી સુશોભિત કરેલ હોય છે. બાજુના પિકચરમાં ખોદકામદરમિયાન મળી આવેલ પાંચ હજાર વર્ષ પુરાણી નગરી ધોળાવીરામાં પણ ભૂંગા બનાવવાની આજ પદ્ધતિ રહેલ હશે તે તેના પાયાના પત્થરો પરથી દેખાય છે.




(સૌજન્ય : હરીશ રંગવાળા rangwala.harish@gmail.com)
(સંકલન : તુલસી કંસારા tulsi_66@yahoo.in)


Wide Range of Colours
WHITE
IVORY
GREY
BLUE
RED
GREEN
Anti-capillary groove system
Bajrang
corrugated
roofing
sheets
Gadhpat Technofab Pvt. Ltd.
Mfg. of All Types colour Corrugated Roofing Sheets
Address : Plot No. 404, Road No. 10, Phase-II, Kathvada
G.I.D.C.-Odav, Ahmedabad-382430.
Ph. 079-65106666 M. 9978470000
E-mail : gadhpat.technofab@yahoo.com
Website : www.gadhpatroofing.com

# સ્વાસ્થ્યનો મીઠો સ્વાદ - હોમીઓપથી

• ડૉ. પાર્થ માંકડ, ડૉ. ગ્રીવા માંકડ •

તા. ૧૦ એપ્રિલ વિશ્વ હોમીઓપથી દિવસ તરીકે સમગ્ર વિશ્વરમાં ઉજવાય છે. વિશ્વમાં કરોડો લોકોના રોગ કોઈપણ પ્રકારની આડઅસર વિના રોગમુક્ત કરી સ્વસ્થ આયુષ્ય આપતી આ ચિકિત્સાપદ્ધતિને જરા ઓળખીએ અને જો એના વિષે કોઈ ભ્રામક માન્યતા હોય તો દૂર કરીએ.

**હોમીઓપથી-આખરે આ ગળી (મીઠી) ગોળી છે શું ? એનો ઉદ્‌ભવ અને એની આજ :** હોમીઓપથીનો ઉદ્‌ભવ ૧૭૯૬માં ડૉ. સમ્યુએલ હનેમાન દ્વારા જર્મનીમાં થયેલ. એના ઉદ્‌ભવ અંગેની પૂર્વભૂમિકા સમજવા જેવી છે. બન્યું એવું કે સાવ જ અંધારામાં લાગે તો તીર નહી તો તુક્કો જેવી, તર્ક વિનાની અને અંધશ્રદ્ધા, વહેમ અને ખોટા ખ્યાલોથી ભરપૂર એવી ચિકિત્સાસારવારના વ્યવસાયથી ડૉ. હનેમાન ખૂબ દુઃખી થયા અને એમણે તબીબી વ્યસાય છોડીને તબીબી પુસ્તકોનું ભાષાંતર કરવાનું શરૂ કર્યું. આ વાત લગભગ ૧૮મી સદીની છે.

**અનુવાદ કરતા કરતા એમના ધ્યાનમાં એક વાક્ય આવ્યું જે કંઈક આમ હતું :** સીન્કોના નામના ઝાડની છાલ મેલેરિયા મટાડી શકે છે. કારણકે તે કડવી છે. ડૉ. હનેમાનના ગળે આ વાત ઉતરી નહિ, એમણે થયું કે દુનિયામાં હજારો વસ્તુઓ કડવી છે તો કેમ સીન્કોના જ મેલેરિયા મટાડી શકે છે ? અને એમણે પ્રયોગ કરવાના શરૂ કર્યા. ઘણા બધા પ્રયોગોના અંતે એ એવા તારણ ઉપર આવ્યા કે ‘સીન્કોનાની છાલ મેલેરિયા મટાડી શકે છે કારણકે તેને જો નિયમિત માત્રામાં લાંબો સમય લેવામાં આવે તો તે સામાન્ય માણસમાં મેલેરિયા જેવા જ લક્ષણો - ચિહ્નો સર્જન- ઉત્પન્ન કરી શકે છે. આ તારણ આવ્યું લગભગ ૧૭૯૦માં અને પછી તો એમણે ૬ વર્ષ સતત પ્રયોગો પર પ્રયોગો કર્યા અને છેવટે એવા તારણ પર આવ્યા કે જે તત્વ જે પ્રકારના રોગ કે ચિહ્નો સર્જી શકે તે જ તત્વ જો એના અર્ક સ્વરૂપે લેવામાં આવે તો એને મટાડી પણ શકે.

આપણી સાદી ભાષામાં કહીએ તો ‘ઝેર’ નું મારણ ઝેર કે પછી લોહા લોહે કો કાટતા હૈ કે પછી કલાપીના શબ્દોમાં જે પોષતું તે મારતું તે ક્રમ દિશે છે કુદરતીનું vice- versa આ મૂળ સિદ્ધાંતની સાથે એમણે વૈદક શાસ્ત્રના તમામ મૂળ સિદ્ધાંતોને સાથે લીધા અને હોમીઓપથીનું સર્જન થયું.

આમ તો આયુર્વેદમાં પણ ચરક સંહિતામાં આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ છે જેમાં ઋષિ ચરક લખે છે ...

**હોમીઓપથીની વિશેષતાઓ : હોમીઓપથી પાસે જતા પહેલા આટલું ચોક્કસ જાણો :**

● હોમીઓપથીમાં રોગની દવા નહીં પરંતુ રોગીની દવા છે. એટલે કે એક વ્યક્તિના રોગની સાથે એના પ્રકૃતિના પણ તમામ લક્ષણો - ચિહ્નો દવામાં સાથે આવરી લેવાય છે જેથી તે ખૂબ અકસીર નીવડે છે.

● હોમીઓપથીમાં દવા મૂળ કુદરતી તત્વો એટલે કે વનસ્પતિ કે ધાતુઓમાંથી જ બનાવાય છે જેની તેની આડઅસરની શક્યતા નહીંવત હોય છે.

● હોમીઓપથીમાં દવામાં રહેલું તત્વ એના અર્ક સ્વરૂપે રહેલું હોવાથી તે ખૂબ જ અસરકારક રહે છે. જેમ કે ચામાં ૨૫૦ ગ્રામ આદું એમ જ નાખીએ એને બદલે ૧૦ ગ્રામ આદુને વાટીને તેમાંથી નીકળેલા રસનું એક ટીપું નાંખીએ તો તે ખૂબ વધુ અસરકારક હોય છે. હોમીઓપથીમાં પ્રત્યેક દવા આ રીતે તૈયાર થાય છે.

● હોમીઓપથીની દવાની જેટલી અસર શરીર પર છે એટલી જ મન પર પણ છે. એટલે આ દવાથી વ્યક્તિની શારીરિક બિમારીઓ તો દૂર થાય છે પણ સાથે સાથે વધુ પડતો ગુસ્સો, વધુ પડતો લાગણીશીલ સ્વભાવ, દુઃખ, ડિપ્રેશન- ખિન્નતા, જેવી સ્વભાવગત તમામ વિષમતાઓ દૂર થઈ ઈમોશનલ સ્ટેબીલીટી ઉર્મિલ સ્થિરતા ઉત્પન્ન થાય છે.

● હોમીઓપથી પ્રમાણે પ્રત્યેક રોગનું મૂળ વ્યક્તિમાં રહેલી અસ્વસ્થ ઊર્જાના પરિણામે ઉદ્‌ભવે છે, શરીર કે મન પર દેખાતા લક્ષણો એ તો માત્ર અંદરની અસ્વસ્થ ઊર્જાના પ્રતિબિંબ છે માટે જ માત્ર ચિહ્નો દૂર કરવા એ હોમીઓપથીનું

ટાર્ગેટ નથી, હોમીઓપથી પ્રયત્નશીલ છે એ અસ્વસ્થ ઉર્જાના મૂળને ઓળખીને તેને સ્વસ્થ કરવા માટે.

● વ્યક્તિની પ્રકૃતિને એકદમ અનુરૂપ હોવાથી પણ આડઅસર અને ધીમી અસર આ બંને કરતી નથી. જો રોગ થયા પછી તાત્કાલિક હોમીઓપથીનો સંપર્ક કરવામાં આવે તો તરત જ દૂર થાય છે.

● મોટે ભાગે હોમીઓપથીની દવાઓ તો પ્રવાહી સ્વરૂપમાં હોય છે પણ એનો ડોઝ-દવાની માત્રા ખૂબ જ ઓછો આપવાનો હોવાથી એક ટીપાના વધુ ભાગ ના કરી શકાય. એટલે અપાતી ગોળી (મીઠી) તો માત્ર વાહક છે જેમાં દવાના ટીપા નાંખેલા હોય છે.

● વ્યક્તિની પ્રકૃતિ અને એના મનને જાણવું એ પૂર્ણ સારવાર માટેની અગત્યની જરૂરીયાત છે, માટે હોમીઓપથી આપને દવા લેતી વખતે આપના વિષે બધુ જ વિસ્તારપૂર્વક અને ઝીણવટથી પૂછે છે.

● કેટલાક રોગ એવા હોય છે જેમાં જે એલોપથીની સારવાર ચાલતી હોય એ તાત્કાલિક બંધ કરવી બિલકુલ હિતાવહ નથી હોતી, આવા બધા જ કિસ્સામાં હોમીઓપથી અને એલોપથી કે આયુર્વેદ આવી સારવાર એકસાથે લઈ જ શકાય.

**હોમીઓપથી પાસે જતા પહેલા આટલું મનમાંથી બિલકુલ ખંખેરી નાખશો આ પૂર્ણ અસત્ય છે / ભ્રામક છે.**

● હોમીઓપથી દવા ધીમે અસર કરે છે.

● હોમીઓપથીમાં સ્ટીરોઈડ હોય છે.

● હોમીઓપથીમાં દર્દ પહેલા બધું જ બહાર આવે છે, વધે છે.

● હોમીઓપથીમાં દવા જેવું કંઈ નથી ખાલી પ્લેસીબો ઈફેક્ટ છે.

**જો આટલું હોય તો હોમીઓપથીની મુલાકાત અચૂક લો :**

૧. આપને કોઈ તકલીફ વારંવાર / ફરી ફરીને થયા કરતી હોય.

૨. આપને કોઈ એવી તકલીફ હોય જેમાં આપ જે દવા લઈ રહ્યા હોય તેની અસર રહે ત્યાં સુધી જ આપને સારું રહેતું હોય પછી પાછા હતા ત્યાં ના ત્યાં.

૩. આપને કોઈ પણ તકલીફ અમુક પ્રકારના માનસિક ટેન્શનમાંથી પસાર થયા પછી કે જીવનની ગંભીર ઘટનામાંથી પસાર થયા પછી શરૂ થઈ હોય.

૪. કોઈપણ દવાની આડઅસરના પરિણામો આપ ભોગવી રહ્યા હોય.

૫. ઓપરેશન કરાવ્યા પછી પણ ફરી થશે જ એવું આપના ડોક્ટરે જણાવ્યું હોય.

૬. આપને કોઈ એવી તકલીફ હોય જેમાં ડોક્ટરે કાયમ માટે દવા લેવાનું કહ્યું હોય.

૭. કોઈ એવી બિમારી જેમાં તમામ પ્રકારના રીપોર્ટ્સ નોર્મલ આવ્યા હોવા છતાં આપ જાતની અસ્વસ્થ્ય અનુભવતા હોય.

૮. અજાણ્યા ડર, અકારણ ચિંતા, ઊંઘની સમસ્યા સ્વભાવગત કે વર્તનને લગતી મનની તકલીફો રહેતી હોય.

૯. આપનું બાળક વારંવાર બીમાર પડતું હોય.

હજી ઘણું કહી શકાય પણ હવે એટલા ટેકનીકલ એરીયામાં જવાને બદલે ટૂંકમાં એટલું સમજી લઈએ કે,


હોમીઓપથી એક અસરકારક ચિકિત્સા પદ્ધતિ છે જે આડઅસર વિના, ઝડપી કોઈ પણ રોગને મટાડીને સાચા અર્થમાં સ્વાસ્થ્ય આપવા સક્ષમ છે. હોમીઓપથીમાં આજે લગભગ ૨૦૦૦૦ થી પણ વધારે પુરેપુરી પ્રમાણભૂત થયેલી દવાઓ છે જે આજના સમયના કોઈ પણ રોગની સામે રામબાણ ઈલાજ તરીકે કામ કરે છે.

એક વાક્યમાં કહું તો, સ્વાસ્થ્ય એટલે મન કુદરતી + તન તંદુરસ્તી. સ્વાસ્થ્ય એટલે સંવાદિતા મન, તન અને આત્માની. હોમીઓપથી માટે કોઈપણ રોગ મટાડવો એટલે વ્યક્તિને એ સ્વાસ્થ્યનો અનુભવ આપવો જેમાં આ સંવાદિતા છે, ને માટે જ એમ કહી શકાય કે હોમીઓપથી એ માત્ર રોગ મટાડતી ચિકિત્સા પદ્ધતિ જ નથી, એ સાચા અર્થમાં સ્વાસ્થ્ય પ્રદાન કરતી ચિકિત્સા પદ્ધતિ છે.

કલા જગત

# વિશ્વ રંગભૂમિ દિનની ઉજવણી

• પંકજ ઝાલા-ભુજ •



ભુજ–ટંઉનંહેંલ ખંટેં 'સંન્નિંધ્ય'નં પ્રમુખશ્રી કિર્તીકુમંર હંથીનું બંહુમંનં કરતં શ્રી પંકજ ઝંલં ત્થં શ્રી ભરતં ઓંઝં

ભુજની જાણીતી કલા સંસ્થા 'સાન્નિધ્ય' દ્વારા તા. ૨૬ થી ૩૦ માર્ચ-૨૦૧૪ દરમ્યાન વિશ્વ રંગ ભૂમિ દિનની ઉજવણી નિમિત્તે દ્વિ-દિવસીય નાટ્ય મહોત્સવ અને ત્રિદિવસીય નાટયનો વર્કશોપ યોજાયો હતો. જે વર્કશોપમાં ૬૮ જેટલા શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્કશોપનું સંચાલન જાણીતા કલાકાર અને ગુજરાત ગૌરવ પુરસ્કાર વિજેતા અર્ચન ત્રિવેદી એ નાટ્યના વિવિધ પાસાઓ કલાકારોને સમજાવ્યા હતા.

ટાઉનહોલ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં તા. ૨૬ના ત્રણ નાટકોનું મંચન થયેલ હતું. જેમાં 'બાવાના બેય બગડ્યા' નું દિગ્દર્શન આનંદ શર્માએ તથા 'ગેરસમજનો ગોટાળો' નાટકનું દિગ્દર્શન પંકજ ઝાલાએ કર્યું હતું. પ્રકાશ ગોસ્વામી, રાજેશ દવે, નરેન ગોસ્વામી, રમેશ ગોહિલ, નીશા પરમાર, માનસી માણેક, પૂનમ ગોર, નિપુણ માંકડ, ભવ્યા ઝાલા, મીરા ભટ્ટ, કમલ મારૂ, પંકજ ઝાલા એ ભૂમિકા ભજવેલ. સંગીત નિયોજન સ્નેહ હાથીનું હતું. જ્યારે જુની રંગભૂમિ વિષે વાતો, ગીતો અને અભિનય સાથે અર્ચન ત્રિવેદીએ રજુઆત કરી હતી. આ દિવસે આઈ.એમ.એ. ના પ્રમુખ ડૉ. મુકેશ ચંદે અને ડૉ. રશ્મિ શાહે તથા સંઘમિત્રાના છાયાબેન શાહે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુક્યો હતો. કાર્યક્રમનું સંચાલન રિતુ ભટ્ટ અને ભવ્યા ઝાલાએ કર્યું હતું.



તા. ૨૭મી માર્ચના સાનિધ્યની સ્થાપના કાળથી સંકળાયેલા નલિન ઉપાધ્યાય, જગદીશ ભટ્ટ, ભાસ્કર બુચ, કનુભાઈ જોષી, નયન રાણા, સ્વ. જયંત મકવાણા, વિજય પુરોહિત, ભુપત રાવલ, રાજેન્દ્ર દવે, કોકિલાબેન ઉપાધ્યાય, ઉષાબેન ઠક્કર, કિર્તીકુમાર હાથી તથા ભરત ઓઝાનું શાલ ઓઢાડીને નવી પેઢીના કલાકારોએ સન્માનિત કર્યા હતા. જ્યારે જુની રંગ ભૂમિના કલાકારો પ્રબોધ માંકડ, રાધાકાંત વોરા, કિરીટકાન્ત અંતાણી, ભારતીબેન વૈષ્ણવ, ચંદ્રકિશોર માંકડનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પહેલા અર્ચન ત્રિવેદી અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના નાયબ સચિવ ભાવેશ એરડા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અને તેમણે રંગદેવતા નટરાજનું પૂજન કર્યું હતું. જુની રંગભૂમિના કલાકારો વતી કિરીટકાંત અંતાણી અને કોકિલા ઉપાધ્યાયે તેમના સંસ્મરણો યાદ કરી સંવાદો રજુ કરી દાદ મેળવી હતી. અને સાનિધ્યની કલાયાત્રાને બિરદાવી હતી. આ દિવસે હાસ્યશિરોમણી સ્વ. જ્યોતિન્દ્ર દવેના નિબંધો ઉપરથી બકુલ ત્રિપાઠી, ડૉ. અલ્પા શાહ, કબીર ઠાકોર લિખિત અને અર્ચન ત્રિવેદી દિગ્દર્શિત સળંગ ૧૦૦ મિનિટ ભજવાતું નાટક 'આનંદ તરંગ' અમદાવાદના કલાકારોએ રજુ કરી પેટ પકડીને હસાવ્યા હતા. આ નાટકનો ૧૦૦ મો શો યોજાયેલ હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પંકજ ઝાલાએ કર્યું હતું. જ્યારે પ્રમુખ કિર્તીકુમાર હાથી આભાર દર્શન કર્યું હતું.

તા. ૨૮ થી ૩૦ દરમ્યાન સ્વ. જયંત મકવાણાની સ્મૃતિમાં નાટ્ય કાર્યશાળા યોજાઈ હતી. જેમાં અર્ચન ત્રિવેદીએ રંગમંચ, તેના વિવિધ સ્થાનોની અગત્યતા, આંગિક, વાચિક અભિનય તથા સંવાદો રજુ કરતી વખતે સ્વરના ઉતાર ચઢાવની ખૂબીઓ સરળતાપૂર્વક સમજાવી હતી. તેમણે જણાવ્યું હતું કે કચ્છના કલાકારોમાં અભિનય ક્ષમતા ખૂબ છે. યોગ્ય માર્ગદર્શન મળે તો ઝળકી ઊઠે તેમ છે. તેમણે જુદી જુદી ટુકડી બનાવીને પ્રેકટિકલ અનુભવ કરાવ્યા હતા. કલાકારો પણ ભાગ લઈ નાટ્યકળાની જાણકારી મેળવી સમૃદ્ધ બન્યાનો ભાવ વ્યક્ત કર્યો હતો. આ પંચ દિવસીય કાર્યક્રમમાં સાનિધ્યના રમેશ સોનપાર, મનોજ સોનપાર, ભગવાનગીરી ગોસ્વામી, હિમાંશુ વાલાણી સહિત તમામ કલાકારોએ જહેમત ઉઠાવી હતી. ઝંકાર સાંઈ સેવા ટ્રસ્ટના ચિન્મય ભટ્ટના સૌજન્યથી પ્રમાણપત્ર આપવામાં આવેલ હતા.

# સંસ્થા સમાચાર

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના ડાયાલીસીસ સેન્ટર વિશેની માહિતી

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ કોન્ફરન્સ હોલને ડાયાલીસીસ સેન્ટરમાં ફેરવવાની કામગીરી હાલે ચાલુ છે. અહીં ૯ ડાયાલીસીસ મશીન મૂકવામાં આવનાર છે અને તેના અનુસંધાને જરૂરી સાધન સામગ્રી પણ મૂકવામાં આવી રહેલ છે. ફેજીનેસ કંપનીના છેલ્લામાં છેલ્લા મોડેલના ૯ ડાયાલીસીસ મશીનનો ઓર્ડર અપાઈ ગયેલ છે. ૧૦૦૦ લીટર / કલાકના શુદ્ધિકરણ પાણી માટે આર.ઓ. પ્લાન્ટનો ઓર્ડર અપાઈ ગયેલ છે. જનરેટર સેટ વગેરે સાધનોનો ઓર્ડર અપાઈ રહેલ છે. પાણીના સ્ટોરેજ માટેની ટાંકીઓ, પાઈપલાઈન, ઈલેક્ટ્રિક લાઈન વગેરેની કામગીરી ચાલુ છે. જરૂરી ૯ પલંગો તેના મેટ્રેસીસ સાથે શ્રીમતી વનીતાબેન ધીરજલાલ સ્વરૂપચંદ શાહ તરફથી ભેટ સ્વરૂપે મળનાર છે. સાઈટ પરની કામગીરી સંસ્થાના ઉપપ્રમુખ શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડ સંભાળી રહેલ છે. જ્યારે મેડિકલ સમિતિના કન્વીનર શ્રી અશ્વિનભાઈ સાવલા દરેક પ્રકારની મશીનરી સંપાદિત કરવાની જવાબદારી નિભાવી રહેલ છે. સંસ્થા સાથે સંકળાયેલ નેફ્રોલોજીસ્ટ શ્રી જગદીપ શાહ આ ડાયાલીસીસ સેન્ટરની જવાબદારી નિભાવશે. અન્ય નેફ્રોલોજીસ્ટો પણ તેમના પેશન્ટને અહીં મોકલે તે માટેના પ્રયાસો ચાલુ છે. ડાયાલીસીસ સેન્ટર પર પૂરા સમય માટે દેખરેખ રાખવા જરૂરી ટેકનીશીયન, નર્સિંગ વોર્ડ બોય વગેરેની ભરતી કરવાની પ્રક્રિયા પણ શ્રી અશ્વિનભાઈ સાવલા સંભાળી રહેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સમિતિના સભ્યશ્રીઓ, વિવિધ સમિતિના સભ્યશ્રીઓ અથવા તો અન્ય કોઈ પણ સભ્ય આ ડાયાલીસીસ સેન્ટરની દૈનિક ધોરણે મુલાકાત લઈ તેની દેખભાળ રાખે તેવા સેવાભાવી અને જવાબદાર વ્યક્તિ પોતાની સેવાની ઓફર આ સમાજને કરી શકે તો તે આવકાર્ય રહેશે.

લગભગ એક ડાયાલીસીસ કરવાનો ખર્ચ અંદાજિત રૂ. ૯૦૦ થનાર છે જ્યારે તેની સામે માત્ર રૂ. ૫૦૦નો જ ચાર્જ રાખવાનો આ સમાજના ટ્રસ્ટ બોર્ડે નિર્ણય લીધેલ છે. હાલે ૯ મશીન પર બે શીફ્ટના ધોરણે (એક શીફ્ટ એટલે ૪ કલાક) દરરોજ ૧૮ ડાયાલીસીસ કરવાની ગણના છે. જરૂરીયાત જણાય તો શીફ્ટ વધારી શકાશે. જરૂરી નુકસાનીને પહોંચી વળવા એક દિવસના સૌજન્યનો નકરો રૂ. ૧૧,૦૦૦ નક્કી કરવામાં આવેલ છે. આવા ૧૦૦૦ દિવસના નકરા શરૂમાં એકત્રિત કરવાની ગણના રાખવામાં આવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના ટ્રસ્ટ બોર્ડે સંસ્થાના પોતાના તરફથી ૧૦૦ દિવસના નકરાનો સ્વીકાર કરી તેનાથી શુભ શરૂઆત કરેલ છે. હાલે આ પ્રકારના નકરાની નોંધણીનું કાર્ય ચાલુ છે, એક ડાયાલીસીસ મશીન પર નામ મૂકવાનો નકરો રૂ. ૫ લાખનો રાખવામાં આવેલ છે. જ્યારે એક મશીનની કિંમત અંદાજિત રૂ. ૬.૫ લાખની પડનાર છે. સેવાના આ યજ્ઞમાં સહુ કોઈ પોતાનાથી બનતો આર્થિક સહયોગ આપે તેવી આથી અપીલ કરવામાં આવે છે.

આ ડાયાલીસીસ સેન્ટર પર મુખ્ય નામ શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાનું રાખવાની શરતે આદરણીય શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી (મુંબઈ સ્થિત કચ્છી ઉદ્યોપતિ)એ રૂ. ૫૧ લાખની ઓફર કરેલ છે કે જેનો સંસ્થાએ સહર્ષ સ્વીકાર કરેલ છે. તેથી આ ડાયાલીસીસ સેન્ટર શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલીસીસ સેન્ટર તરીકે કાર્યરત રહેનાર છે.

આ ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ રવિવાર તા. ૨૦-૪-૨૦૧૪ના સવારમાં ૧૦ કલાકે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે એક સમારંભ યોજી અમદાવાદ સ્થિત કચ્છી ઉદ્યોગપતિ શ્રી હરિશભાઈ રંગવાલાના વરદ્ હસ્તે રાખવામાં આવી રહેલ છે. તે માટે અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહેવાનો સહર્ષ સ્વીકાર કરેલ છે. તે માટેની જરૂરી આમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી છે. સંસ્થાના મુખપત્ર મંગલ મંદિર દ્વારા પણ સમાજના સભ્યો તથા અન્યને આમંત્રિત કરવામાં આવી રહેલ છે.

તા. ૨૧-૪-૨૦૧૪, સોમવારથી આ ડાયાલીસીસ સેન્ટરને નિયમિતપણે કાર્યરત કરી દેવાની ગણના રાખવામાં આવેલ છે.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
## 'કચ્છી બિઝનેસ ડિરેક્ટરી'

છેલ્લા કેટલાક સમયથી જેની કાગડોળે રાહ જોવાઈ રહેલ છે એ અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છીઓની બિઝનેશ ડિરેક્ટરીનું વિમોચન પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના માલિક શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણીના વરદ્ હસ્તે રવિવાર, તા. ૨૦-૪-૨૦૧૩ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર યોજવામાં આવેલ એક સમારંભ દરમ્યાન કરવામાં આવનાર છે. આ સમયે અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી ઘટક સમાજના સભ્ય પરિવારને ઉપસ્થિત રહેવા મંગલ મંદિર દ્વારા તથા અન્ય કચ્છી સામયિકો દ્વારા જાહેર સ્વરૂપે આમંત્રણ આપવામાં આવી રહેલ છે.

આ ડિરેક્ટરી અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત શક્ય દરેક કચ્છીના વ્યવસાયની માહિતીનો સમાવેશ કરવામાં આવી રહેલ છે. અહીં સ્થાપિત થયેલા કચ્છીઓ અલગ અલગ વ્યવસાય સાથે સંકળાયેલ છે. ટોટલ લગભગ ૨૫૦૦ એન્ટ્રીઓ આવેલ છે. અને તેને લગભગ ૪૫૦ જેટલી કેટેગરીમાં વિભાજીત કરી તેઓની કેટેગરીવાઈઝ માહિતી આપવામાં આવનાર છે. અલગ અલગ કેટેગરીના કારણે પોતાની જરૂરિયાત અનુસારના વ્યવસાયકારનો સંપર્ક સાધવો ખૂબ જ સરળ બની રહેનાર હોવાથી, આ ડિરેક્ટરીના કારણે કચ્છી અન્ય ઘટક સમાજના કચ્છી સાથે જરૂરીયાત અનુસાર સંપર્કમાં આવી શકશે. કદાચ તેના કારણે અમદાવાદ-ગાંધીનગર સ્થિત કચ્છીઓ એક તાંતણે બંધાઈ શકશે અને તેનો ઉપયોગ મજબુત સમાજ રચના કરવામાં થઈ શકશે.

આ ડિરેક્ટરી તૈયાર કરનાર સમિતિની આગેવાની શ્રી મનુભાઈ શાહ બખૂબી નિભાવી રહેલ છે. સમિતિના અન્ય સભ્યોશ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ, શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી ગિરીશ હીરજી પાસુ દેઢિયા, શ્રી રાજેન્દ્ર વસા વગેરે દિવસ રાત તનતોડ મહેનત કરી રહેલ છે. માહિતીના ફોર્મ એકત્રિત કરવા તેને અલગ અલગ કેટેગરીમાં તૈયાર કરવા, દરેક સભ્યના કચ્છના ગામ- તાલુકા તથા ઘટક સમાજની માહિતી ચકાસવી, પ્રિન્ટ થઈને આવેલ મેટરનું પ્રુફ રીડીંગ કરવું, જરૂરી જાહેરાતો એકત્રિત કરી તેની મેટર બનાવવી, તેના પણ પ્રફુ રીડીંગની જવાબદારી નિભાવવી વગેરે કાર્યવાહી તનતોડ મહેનત માગી લે તેવી છે. સમાજના સ્ટાફમાંથી શ્રી પરાગ સોની તથા શ્રીમતી અમિષા ભાવસારનો પણ સુંદર સાથ અને સહકાર સાંપડી રહેલ છે.

આ તબક્કે કચ્છી બિઝનેશ ડિરેક્ટરીના ખર્ચને પહોંચી વળા વિવિધ કચ્છી ઘટક સમાજના જે સભ્યોએ ઉદારતાપૂર્વક પોતાનો આર્થિક સહયોગ જાહેરાત સ્વરૂપે આપેલ છે તે દરેક સભ્યોના આથી જાહેર આભાર માનવામાં આવે છે.

જે સભ્યોના વ્યવસાસયનો આ ડિરેક્ટરીમાં સમાવેશ કરવામાં આવેલ છે તે દરેકને આ ડિરેક્ટરીની એક-એક કોપી વિનામૂલ્યે આપવામાં આવનાર છે. જેઓએ બોટમ પટ્ટી સિવાયની જાહેરાતો આપેલ છે તેઓન પણ આ ડિરેક્ટરીની એક-એક કોપી વિનામૂલ્યે આપવામાં આવનાર છે. અન્યને ખૂબ જ નજીવી કિંમતે એટલે કે માત્ર રૂ. ૧૦૦માં એક-એક કોપી આપવામાં આવશે. આ ડિરેક્ટરીની પડતર કિંમત રૂા. ૩૦૦ થી પણ વધુ થવાની સંભાવના છે.

જે સભ્ય પરિવાર પાસે તેના સંયુક્ત કુટુંબમાં ઉપરોક્ત વ્યવસ્થાના કારણે એકથી વધુ કોપી વિનામૂલ્યે મળવાપાત્ર હોવાની પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે તે પરિવારને માત્ર એક કોપીથી ચલાવી લેવા અને અન્ય કોપીનો સ્વીકાર ન કરવા અમે આથી અપીલ કરીએ છીએ. આ રીતે અસ્વીકાર પામેલ કોપીઓનો વધુ સારી રીતે સદ્ઉપયોગ કરવામાં આવશે.

## શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ-અમદાવાદ : ચૈત્રીબીજ - દરિયાલાલ જયંતિ

તા. ૧-૪-૨૦૧૪ના રોજ શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ દ્વારા દરિયાલાલ જયંતિ મહોત્સવ ભુદરપુરા સાંસ્કૃતિક ભવન, આંબાવાડી ખાતે ઉજવાયો. સાંજે ૭-૩૦ કલાકે પૂજ્ય જાનકીદાસ બાપુની ઉપસ્થિતિમાં પૂજન, અર્ચન, થાળ અને આરતી દ્વારા કાર્યક્રમની શરૂઆત થઈ. આ પ્રસંગે યજમાન પરિવારો, સર્વે હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા સર્વે જ્ઞાતિબંધુઓ ઉત્સાહભેર જોડાયા હતા. ત્યારબાદ હોદ્દેદારો તથા યજમાન પરિવારોના વડીલોએ મંચ પર પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. ઉપપ્રમુખશ્રી હિમાંશુભાઈ એ કાર્યક્રમનું સંચાલન કરતા સૌ જ્ઞાતિબંધુઓને આવકાર્યા હતા અને દરિયાલાલ જયંતિની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી હતી. પ્રમુખશ્રી વૈકુંઠભાઈ ગોપાણીએ પૂજ્ય જાનકીદાસ બાપુનું સાલ

અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પૂર્વ પ્રમુખશ્રી રઘુરામભાઈએ ભોજન પ્રસાદના સૌજન્ય શ્રી કાંતિલાલ રાઘવજીભાઈ પારવાણીનું સ્વાગત કર્યું હતું. તથા પૂર્વ પ્રમુખ શ્રી સંજયભાઈએ સ્ટેજ ડેકોરેશનના સૌજન્ય શ્રી રામજીભાઈ શંકરલાલ ગોપાણીનું સન્માન કર્યું હતું. ત્યારબાદ પ્રમુખશ્રી વૈકુંઠભાઈ ગોપાણીએ ચૈત્રીબીજ - સાધારણ સભાના અનુસારે સમાજની પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. ત્યારબાદ ખજાનચી શ્રી હર્ષદભાઈએ ગત નાણાંકીય વર્ષના હિસાબો રજૂ કર્યા હતા. જેને હાજર સૌ જ્ઞાતિબંધુઓએ બહાલી આપી હતી. ત્યારબાદ પૂજ્ય જાનકીદાસ બાપુએ દરિયાલાલ દેવની મહત્તા સમજાવતું સુંદર પ્રવચન કર્યું હતું. સુંદર મજાના દ્રષ્ટાંતો દ્વારા તેમની વાણીને સૌ



સભ્યોના હૃદયમાં કંડારી હતી. આ પ્રસંગે તેઓએ શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ અને શ્રી અખિલ ગુજરાત લોહાણા મહાજનની વિવિધ પ્રવૃત્તિઓને તથા આ પ્રવૃત્તિઓને ગતિશીલ બનાવવા જે જે વડીલોની દ્રષ્ટિ અને યુવાનોની શક્તિ કામે લાગે તે સૌને બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આપણે ચાર પેઢીઓ પછીના આપણા વડીલોના નામ પણ ભૂલી જઈએ છીએ તેવા સમયમાં જ્યારે સેંકડો વર્ષો પછી પણ અનન્ય શ્રદ્ધાથી જ્યારે આપણે દરિયાલાલ દેવની જન્મજયંતિ ઉજવતા હોઈએ ત્યારે વિચારવું પડે કે એ જમાનામાં એમની કુરબાની કેવી ભવ્ય હશે.

લગભગ ૯ કલાકે બીજી જરૂરી સૂચનાઓ તથા આગામી પ્રવૃત્તિઓ વિશે શ્રી હિમાંશુભાઈએ સૌને માહિતગાર કરી આભારવિધિ સાથે એમનો કાર્યક્રમ પૂર્ણ થયેલ જાહેર કર્યો. ત્યારબાદ તમામ હોદ્દેદારો અને જ્ઞાતિબંધુઓ ભોજન પ્રસાદમાં જોડાયા હતા. લગભગ ૧-૪૫ કલાકે શ્રી રાધાકૃષ્ણ ભજન મંડળ, બાવળા દ્વારા ભજનસંધ્યાનું આયોજન કરેલ હતું. બાવળાથી દિલીપભાઈ, ભરતભાઈ, હાર્દિકભાઈ તથા મંડળના તમામ સભ્યોએ ખૂબ સુંદર વ્યવસ્થા કરી વાતાવરણને દિવ્ય બનાવ્યું હતું. જેમાં મોડી રાત સુધી ભજનના તાલે ઝુમ્યા હતા. આ પ્રસંગે ભેટ કાઉન્ટર ઉપર મુકેશભાઈ હાલાણી તથા હિતેશભાઈ મોહનલાલ સાયતા એ જવાબદારી સંભાળી હતી. ફોટોગ્રાફીની સેવા શ્રી દિલીપભાઈ મંગળજીભાઈ ઠક્કર તરફથી પ્રાપ્ત થઈ હતી. પૂજન અર્ચન તથા થાળ આરતીની ધાર્મિક વિધિ ગોર શ્રી મિતેશભાઈએ સન્માન કરાવી હતી. સમગ્ર કાર્યક્રમ અનેરા ઉત્સાહ સાથે ઉજવાયો હતો. લગભગ રાત્રીના ૧૨-૦૦ કલાકે સૌ હોદ્દેદારો તથા સક્રિય સભ્યો છૂટા પડ્યા હતા.

## શ્રી કે. એસ. દેઢિયા મૂકબધિર વિદ્યામંદિર, સોલા-અમદાવાદ




૯૪.૩ માય એફ.એમ. દ્વારા આયોજીત જીયો 'દિલ સે' એવોર્ડ એનાયત સમારંભ તા. ૨૧-૨-૨૦૧૪ના રોજ ઈન્દોર મુકામે રવિન્દ્ર નાટ્ય ગૃહમાં માનનીય શ્રી ભૈયુજી મહારાજની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં ભારતભરમાંથી ૧૮ વ્યક્તિઓને જુદી જુદી કેટેગરીમાં પસંદ કરી એવોર્ડ આપવામાં આવેલ શ્રી કે. એસ. દેઢિયા, મૂકબધિર વિદ્યામંદિર, સોલાના માનદ્ નિયામકશ્રી શ્રીમતી કોકિલાબેન જી. શાહને મૂકબધિર બાળકોના શિક્ષણ માટેની કેટેગરીમાં પસંદગી થતા એવોર્ડ એનાયત કરવામાં આવેલ. શ્રીમતી કોકિલાબેન શાહ છેલ્લા ૩૬ વર્ષથી મૂકબધિરો માટે સતત સેવા આપે છે.

# ગાંધીનગર ગાથા

● વર્ષાબેન જે. મહેતા ●

## કચ્છમાં પાણી કટોકટી પર આધારિત જલ રિલીઝ પહેલા બની પ્રશંસાને પાત્ર

૪ એપ્રિલે રિલીઝ થનારી ફિલ્મ જલ કચ્છમાં પાણીની કટોકટી પર આધારિત છે જો કે તેમાં સતત એવો સંદેશ આપવામાં નથી આવ્યો કે પાણી બચાવો, પરંતુ ડિરેક્ટરે ખૂબ સહતાથી પક્ષીઓનું અસ્તિત્વ, પાણીને કારણે બદલાતા સામાજિક પ્રવાહો, કચ્છના રણની સુંદરતાને સહજ રીતે કચકડે મઢી છે. જલ ફિલ્મનું હકારાત્મક પાસું એ છે કે આ ફિલ્મ રિલીઝ પહેલા જ ગોવા ફિલ્મ ફેસ્ટિવલથી માંડીને અન્ય ફિલ્મ સમારંભોમાં વાહવાહી મેળવી ચૂકી છે.

કચ્છના વેરાન રણમાં પાણી શોધી આપવાનું કામ ભગવાનના આશીર્વાદથી ઓછું નથી. ફિલ્મ જલમાં આવી પાણીકળાની રસપ્રદ ભૂમિકા કરનાર પૂરબ કોહલી તથા અભિનેત્રી કિર્તી ફુલહારી તેમજ ફિલ્મના ડિરેક્ટર ગીરિશ મલિકે અમદાવાદના મહેમાન બનીને ફિલ્મના અનુભવો વિશે રસપ્રદ ગોઠવી માંડી હતી.

વાસ્તવિક બાબતોને ધ્યાનમાં રાખીને જ ફિલ્મ બનાવવા માંગતા ફિલ્મ ડિરેક્ટર ગીરિશ મલિકે જણાવ્યું હતું કે અમારી ફિલ્મમાં અમે સતત પાણી બચાવો પાણી બચાવો એવો કોઈ સંદેશ નથી આપ્યો, પરંતુ ખૂબ સરસ રીતે ત્યાંના લોકોના જીવન સાથે અમે પાણીની કટોકટીની વાત વણી લીધી છે. હું હજી આગળ હની બી હન્ટર એટલે કે મધમાખીને મારતા લોકો અને ટ્રાવેલને ધ્યાનમાં રાખીને ફિલ્મના કનસેપ્ટ વિચારી રહ્યો છું.

ફિલ્મ અભિનેત્રી કિર્તી ફુલહારીને કચ્છી પોશાક ખૂબ પસંદ આવયા હતા, તેણે પોતાના પાત્ર તથા ફિલ્મ વિશે જણાવ્યું કે હું પહેલીવાર એક ગ્રામીણ છોકરીનું પાત્ર ભજવી રહી છું અને ખૂબ ખુશ છું. કારણકે મારા ચહેરાને જોઈને કોઈ મને ગ્રામીણ પાત્ર આપતું જ નહોતું પરંતુ અમારા ડિરેક્ટર ગીરિશ મલિકે મારા પર ભરોસો મૂક્યો અને એવો વિશ્વાસ વ્યક્ત કર્યો કે હું આ પાત્ર ભજવી શકીશ એ મારા માટે ખૂબ સન્માનની  બાબત છે અને રહી કચ્છી સંસ્કૃતિની બાબતો તો એટલું ચોક્કસપણે કહીશ કે કચ્છ અને કચ્છના લોકો અદ્વિતીય છે.

ઉલ્લેખનીય છે કે જલ ફિલ્મથી જાણીતા ગાયક સોનુ નિગમ મ્યુઝિક ડિરેક્ટર બન્યા છે અને તેમણે જલ ફિલ્મ માટે ઘણા ગીતો લખ્યા છે. ફિલ્મમાં શુભા મુદગલ, સોનું નિગમ પ્લે બેક પણ આપ્યું છે. જલનું મ્યુઝિક રીલિઝ પહેલા જ ઘણું લોકપ્રિય બની રહ્યું છે. બક્કાના પાત્ર માટે પૂરબ કોહલીએ કેવી તૈયારીઓ કરી હતી એ વિશે વિગતે વાત કરતા પૂરવે કહ્યું કે હું તો બક્કાના પાત્રથી ખૂબ ખુશ છું. બક્કામાં આવડત છે તે વેરાન રણમાં પાણી ક્યાં છે તે શોધી શકે છે. તેના લીધે તેના અદકેરા માનપાન છે. બક્કા મુશ્કેલીમાં ત્યારે મુકાય છે જ્યારે તેને ખબર પડે છે કે હવે રણમાં મશીન દ્વારા પાણી શોધવામાં આવશે.

**- સૌજન્ય : પાટનગર - પ્રકાશ (સાપ્તાહિક) ગાંધીનગર**

## નામ છે ગાંધીનગર

પણ સ્વર્ગ જેવી દુનિયા છે.
પુનિતવન, ઘ-૪, ૨૮નો બગીચોને
ઈન્દ્રોડા પાર્ક અમારી આન છે.
અક્ષરધામ, પંચદેવ, હેલીપેડ અમારી શાન છે.
મહાત્મા મંદિર અને અક્ષરધામ અમારું
આંતરરાષ્ટ્રીય નજરાણું છે.
અક્ષરધામમાં વોટર શો અમારી ગ્લોબલ બ્રાન્ડ છે.
ઘ-૫ તો અમારી જાન છે.
'સૌરાષ્ટ્ર-ફરસાણ'ના સમોસા-કચોરી,
'પૂજા'ના ઢોકળા
'પંડિત'નુ પાન
'કાનજી' નું ખીચું, 'વૈષ્ણવ'ની પાણી પૂરી
'તૃપ્તી'ની લચ્છી
અક્ષરધામની ખીચડીને છોલે
'પુરોહિત'ની દાલબાટી
'રાધે'ની સ્વીટ
'લક્ષ્મી'ની બ્લેક ફોરેસ્ટ
'કલ્ચર'ના ગરબા તો ખરા જ.
ગ્રીનસીટી કેપીટલ ગુજરાતની શાન છે.
જય જય ગરવુ ગાંધીનગર
જય જય ગરવી ગુજરાત.

# મહિલા વિશ્વ

● રેખાબેન શુક્લ-અમદાવાદ ●

## ગૃહિણીઓની રોજીંદી ઘરગથ્થુ સમસ્યાઓનું સમાધાન

### અથાણા

★ અથાણામાં વિનેગાર કે મીઠુ ઉમેરવાથી ફૂગ લાગવાની શક્યતા નહિવત રહેશે.

★ વિનેગારમાં બોળેલા કપડાથી બરણી લૂછી તેમાં અથાણું ભરવાથી અથાણું લાંબા સમય સુથી બગડશે નહીં.

★ અથાણામાં ગુંદા ભરતી વખતે હાથ પર મીઠું લગાડવાથી હાથ પર ગુંદાની ચિકાશ નહીં લાગે.

★ સૂકાઈ ગયેલા અથાણાને ફરી પાછા રસદાર બનાવવા માટે તેમાં એક ચમચી વિનેગાર ઉમેરો.

★ અથાણાને બરણીમાં ભરતા પહેલા બરણીની અંદર હીંગ ચોપડવાથી અથાણાની સોડમ વધશે શાથે સાથે સ્વાદ પણ લાજવાબ થશે.

★ જૂના તથા શોષાઈ ગયેલા અથાણામાં અડધી ચમચી શેરડીનો રસ (બરફ વગર) ઉમેરવાથી અથાણું તાજું અને સ્વાદિષ્ટ બનશે.

★ અથાણું ખરાબ થઈ જતું જણાય ત્યારે તેમાં લીંબુનો રસ અથવા સરડો ભેળવો.

★ ગળ્યા અથાણામાં થોડુંક મીઠું અને ખાટા અથાણામાં થોડીક ખાંડ ઉમેરવાથી બગડેલા સ્વાદ ફરીથી સારો લાગશે.

★ કેરીનું અથાણું બગડતું જણાય તો તેના પર મીઠાનો થર પાથરવાથી અથાણું બગડતું અટકી જશે.

★ અથાણાના વધેલા તેલથી પરોઠા શેકવાથી પરોઠા સ્વાદિષ્ટ બનશે.

### વાનગીઓ

★ ગુલાબજાંબુ બનાવતી વખતે દરેક ગોળામાં એક-એક સાકર કે ક્રીસમીસ મૂકી તળવાથી ચાસણી અંદર સુધી જશે અને ગુલાબજાંબુ પણ નરમ બનશે.

★ ગુલાબજાંબુના માવામાં થોડું પનીર ઉમેરવાથી ગુલાબજાંબુ વધુ નરમ બનશે.

★ ગુલાબજાંબુ તળતી વખતે ઘી સાથે બે ચમચી રિફાઈન્ડ ઓઈલ ઉમેરી ગુલાબજાંબુ તળવાથી ચાસણીમાં ઘીની પરત નહીં જામે.

★ ગુલાબજાંબુના માવામાં થોડું દૂધ તથા સોડા ઉમેરવાથી ગુલાબજાંબુ વધુ નરમ બનશે.

★ ગુલાબજાંબુ કડક થઈ જતા લાગે તો માવામાં થોડી ખાંડ ભેળવીને પછી તળવાથી માવાની અંદરની ખાંડ ઓગળશે અને ગુલાબજાંબુ વધુ નરમ બનશે.

★ ગુલાબજાંબુની વધેલી ચાસણીનો ઉપયોગ કરવા ચાસણીને ઘઉંના લોટમાં ભેળવી પૂરી વણી કાંટાથી ગોળા પાડી ધીમા તાપે તળો. આ પૂરી બાળકો હોંશે હોંશે ખાશે.

★ ગુલાબજાંબુને લોટમાં ભેળવી તેની પૂરી બનાવી તળીને ખાશો તો લાજવાબ સ્વાદ માણવા મળશે.

★ ગુલાબજાંબુ બનાવતી વખતે માવામાં મેંદાની જગ્યાએ ઘઉંનો લોટ મિક્સ કરવાથી ગુલાબજાંબુ સ્વાદિષ્ટ અને ગરમ બનશે.

### રસગુલ્લા

★ રસગુલ્લાની બચેલી ચાસણીમાં તળેલા બ્રેડના ટૂકડા ભીંજવી શાહી ટોસ્ટ બનાવી ખાઓ અથવા ભાતને ઘીમાં વઘારી લો અને તેમાં ડ્રાયફ્રુટ નાખી મીઠાભાત બનાવીને ખાઓ.

### અન્ય વાનગીઓ

★ ગાજરનો હલવો બનાવતી વખતે તેમાં માવાના બદલે મલાઈ કે ક્રીમ નાખવાથી હલવો વધુ સ્વાદિષ્ટ બનશે.

★ માલપુઆ બનાવતી વખતે તેમાં થોડો રવો અથવા મેંદો ભેળવવાથી માલપુઆ ક્રિસ્પી અને કરકરા બનશે.

★ ગાજરનો હલવો બની ગયા બાદ તેમાં થોડો ચોખાનો લોટ ઉમેરવાથી હલવો સ્વાદિષ્ટ બનશે. (આ હલવો ઉપવાસમાં ન ખાવો)

★ માવાના ઘૂઘરા બનાવતી વખતે માવો ઓછો પડે તો તેમાં થોડા સીંગદાણાનો ભૂકો ઉમેરવાથી માવા જેવોજ

સ્વાદ આવશે.

★ કોઈપણ ખાદ્ય પદાર્થમાં ખાવાના રંગના બદલે હળદર અને થોડો લીંબુનો રસ ભેળવો રંગની આડઅસરથી બચો.

★ મેથીના લાડુ બનાવતી વખતે ગોળ-ઘીનો પાયો કરી નાખવાથી લાડુ સ્વાદિષ્ટ બનશે.

★ મગની દાળ કે અડદની દાળનો હલવો બનાવતી વખતે તેમાં એક ચમચી ઘઉંનો લોટ ગરમ ઘીમાં દાળની પેસ્ટ નાખ્યા બાદ ભેળવવાથી દાળની પેસ્ટ વાસણને નહીં ચોટે.

★ ચાસણી બનાવતી વખતે ચાસણી બનાવતા પહેલા વાસણમાં થોડું સાદુ માખણ અથવા ઘી લગાડવાથી ચાસણી સાફ અને પારદર્શી બનશે.

★ મીઠાઈ બનાવતી વખતે તેમાં સાકરની બદલે મધ કે ગોળ નાખવાથી મીઠાઈની પૌષ્ટિકતા વધશે.

★ બરફી નરમ થઈ ગઈ હોય તો થોડીવાર ફ્રીજમાં મૂકી દો.

★ વાનગી વનાવતી વખતે સાકર કે મધનું માપ લેવાનું હોય તો મેઝરીંગ કપમાં થોડી ચિકાશ લગાડવાથી તે પદાર્થ કપમાં ચોંટશે નહીં.

## ચણાના લોટની વાનગી

★ ચણાના લોટની બરફી બનાવતી વખતે તેમાં મગની દાળનો લોટ ભેળવવાથી બરફી સ્વાદિષ્ટ બનશે.

★ ચણાના લોટની વાનગી ક્યારેક વધુ પડતી કડક થઈ જતી હોય તો તેમાં થોડોક ખાવાનો સોડા અથવા ગરમ પાણી મિક્સ કરો.

★ બેસનના લાડુ બનાવતી વખતે કરકરા લોટનો ઉપયોગ કરવો.

★ ચણાના લોટના પૂડલા બનાવતી વખતે તેમાં થોડુંક દૂધીનું છીણ ભેળવો પૂડલા પોચા અને સ્વાદિષ્ટ બનશે.

★ ચણાના લોટના લાડુનો રંગ સોનેરી કરવા માટે ચણાના લોટમાં ચપટી હળદર ભેળવો.

## રવાની વાનગી

★ રવાને ઘી-તેલ નાખ્યા વગર હલકો સોનેરી રંગનો થાય ત્યાં સુધી શેકીને રાખવાથી તેમાં જીવાત નહીં પડે.

★ રવાને હલવો બનાવતી વખતે પાણીની જગ્યાએ દૂધનો ઉપયોગ કરવાથી હલવો સ્વાદિષ્ટ બનશે.

## ચકરી

★ ચોખાની ચકરીમાં થોડો અડદનો લોટ ભેળવી ચકરી કરવાથી સ્વાદમાં વૈવિધ્ય આવશે.

★ સીંગદાણાની બરફી બનાવતી વખતે તેમાં થોડો તલનો ભુક્કો ભેળવવાથી બરફી વધુ સ્વાદિષ્ટ બનશે.

★ મીઠા શક્કરપારાના લોટમાં થોડું મીઠું ભેળવવાથી તે વધુ સ્વાદિષ્ટ બનશે.

★ સીંગદાણાનો લાડુ બનાવતી વખતે તેમાં થોડા તલ નાખવાથી લાડુ વધુ સ્વાદિષ્ટ થશે.

## ખીર

★ ભાતની ખીરને વધુ સ્વાદિષ્ટ બનાવવા તથા ખીરની સોડમ વધારવા માટે તેમાં એલચી પાવડર, બદામ-પિસ્તાનો ભૂકો કે જાવંત્રીનો ભૂકો ભેળવો.

★ ખીર બનાવવા દૂધ ઉકાળતી વખતે તેમાં વાટેલું જાયફળ નાખવાથી ખીર સ્વાદિષ્ટ બનશે.

★ ચોખાની ખીરમાં માખણનો લોટ નાખવાથી તે વધુ સ્વાદિષ્ટ બનશે.

★ ખીરમાં ખસખસ વાટીને નાખવાથી ખીર વધુ સ્વાદિષ્ટ અને ઘટ્ટ બનશે.

★ ખીરમાં થોડો કસ્ટર્ડ પાવડર ભેળવવાથી ખીર વધુ સ્વાદિષ્ટ બનશે.

## ફળો

★ સમારેલા ફળને સાકરના પાણીમાં રાખવાથી ફળ કાળા નહી પડે.

★ સમારેલા ફળ પર મધ લગાડવાથી ફળના ટૂકડા કાળા નહી પડે.

★ ફળનો સ્વાદ કુદરતી જાળવી રાખવા માટે ફળને ફ્રિજમાં ન મૂકો.

★ ફળોને ઝડપથી પકવવા માટે તેને એક સફરજનમાંથી બહાર પડતો એથિલિન ગેસ જમરૂખ તથા કેળા જેવા ફળને ઝડપથી પકવશે.

★ સફરજન, ચીકુ, દાડમ, પાઈનેપલ, ચેરી, પપૈયુ વિગેરે ફળો ચાર કે પાંચ દિવસમાં તેમાંથી ઈથીલીન વાયુ બહાર નીકળી જવાથી ફળો પોચા પડી જાય છે. આવા ફળોને સાચવવા માટે ફળોના બાસ્કેટમાં થોડું પોટેશિયમ પરમેંગેનેટ પાતળા કપડામાં પોટલી બનાવી તે પોટલી

મૂકવાવાથી ફળ બગડશે નહીં.

★ સંતરા અને લીંબુનો રસ કાઢતી વખતે રસ કાઢતા પહેલા તેને થોડી સેકન્ડ માટે ઓવનમાં ગરમ કરવાથી રસ વધારે નીકળશે.

## કેળા

★ કેળાને એક ડબ્બામાં રાખી ફ્રિજમાં રાખવાથી કેળા લાંબા સમય સુધી તાજા રહેશે.

★ કાચા લીલા કેળાને પાણીમાં રાખવાથી વધુ સમય સુધી તે તાજા રહેશે જલ્દી નહી પાકે.

★ કેળાને તાજા રાખવા માટે તેને ભીના કપડામાં લપેટી પોલિથીન બેગમાં રાખો.

★ ફળનો મુરબ્બો બનાવતી વખતે ઉકાળતી વખતે પાણીમાં થોડું મીઠું ભેળવવાથી મુરબ્બો વધુ સ્વાદિષ્ટ બનશે. જલ્દી ખરાબ પણ નહીં થાય.

## સૂકો મેવો

★ સૂકા મેવાના પ્રમાણસર ટૂકડા કરવા કાતરનો ઉપયોગ કરવો. કાતરને ગરમ પાણીમાં ભીની કરીને ઉપયોગમાં લેવી.

★ અખરોટ પર ગરમ પાણી નાખી થોડીવાર રહેવા દેવાથી ગરથી કોચલુ સરળતા દૂર થશે.

★ બદામને પાણીમાં ઉકાળવાથી તેની છાલ સરળતાથી નીકળશે.

★ કાજુને નવશેકા ગરમ પાણીમાં હળવે હાથે ધોઈને સૂકવી લો અને પછીથી કાજુને ઘીમાં તળવાથી કાજુ કાળા નહીં પડે.

★ કાજુને વધુ ટેસ્ટી બનાવવા માટે કાજુને બે દિવસ મીઠાના પાણીમાં પલાળી રાખી પછી તડકે સૂકવી દો.

★ બદામની બરણીમાં એક ચમચી સાકર નાખવાથી બદામ લાંબા સમય સુધી તાજી રહેશે - ખોરી નહીં થાય.

★ દ્રાક્ષને સરળતાથી કાપવા માટે છરી પર માખણ લગાડી દ્રાક્ષ કાપો

★ ડ્રાયફ્રુટને પ્લાસ્ટીકની થેલીમાં ભરી ફ્રિજમાં રાખવાથી ડ્રાયફ્રુટ તાજા રહેશે.

## તેજાના

★ વાનગીમાં લવિંગ-તજનો ભુક્કો ઉમેરતા પહેલા તેમાં સહેજ મીઠું ભેળવી નાખવાથી તેનું પ્રમાણ થોડું ઓછું થશે ઉપરાંત તે વાનગીમાં સરળતાથી ભેળવાઈ જશે.

★ એલજી-તજ દળતી વખતે ઉડીને મીક્સરમાં ચોટી જાય છે જેથી કરીને દળતી વખતે તકલીફ પડે છે. આ તકલીફ દૂર કરવામાં તેમાં ચપટી સાકર ઉમેરી દેવાથી પાવડર બરાબર બનશે.

★ ચારોળીને લાંબા સમય સુધી સંઘરી રાખવા માટે તેમાં ચાર-પાંચ મેથીના દાણા મૂકી રાખો.

★ મરીના દાણા કપૂરના બોક્ષમાં રાખવાથી કપૂર લાંબા સમય સુધી જળવાઈ રહશે.

## જેલી

★ જેલીને મોલ્ડમાંથી વ્યવસ્થિત કાઢવા મોલ્ડને ફ્રિજમાંથી બહાર કાઢી ગરમ પાણીમાં ભીંજવેલા કપડામાં લપેટીને બે મિનિટ રાખી મોલ્ડ ઊંધુ કરો.

★ મધની શુદ્ધતા ચકાસવા મધના થોડા ટીપાને પાણી પર નાખી શુદ્ધ મધ હશે તો તે ગોળો બની જશે જ્યારે અશુદ્ધ મધ પાણીમાં ઓગળી જશે.

★ છુંદા કે મુરબ્બામાં તજ મેળવી અને લવિંગનો વઘાર કરી મિશ્રણને ઝડપથી હલાવીને તેને ઢાંકી દો તજ લવિંગ એલચીનો સ્વાદ લાંબો સમય જળવાશે.

કચ્છી શીખો

# કચ્છી શબ્દોના અર્થ : Quiz No. 6

● કિરીટ નંદુ ●

| | | | | |
|---|---|---|---|---|
| (૧) સુથાખીર | (૨) સુપક | (૩) લોઠો | (૪) પતર | (૫) ઓઠે |
| (૬) હુત્તા | (૭) સાવરા | (૮) વેસા | (૯) સઈયારો | (૧૦) કાછી |

*જવાબો : (૧) અમૃત સમાન નીવડો (૨) પાકેલું (૩) ખિજાયો, વઢ્યું (૪) જવાબ (૫) જેમતેમ (૬) ત્યાંથી (૭) સાસરા (૮) વિશ્વાસ, આરામ (૯) ભાગીદારી (૧૦) કચ્છનો રહેવાસી*

# વતનના વાવડ

• સંકલીત •

## કચ્છથી રાજકોટ આવતા દર્દીઓને પથિકાશ્રમનો લાભ લેવા અપીલ

કચ્છ તેમજ બહારગામથી તબીબી સારવાર મેળવવા આવતા દર્દીઓને રહેવાની સુવિધા મળી રહે તે માટે કચ્છન જૈન શ્રેષ્ઠી દ્વાર પથિકાશ્રમ બનાવાયું છે. સ્વ. જે. વી. શેઠિયાએ પોતાના ઉપરાંત કચ્છ તથા મુંબઈના સ્નેહી દાતાઓ પાસેથી યોગદાન મેળવ્યું હતું અને સરકાર પાસેથી હોસ્પિટલ પાસે જ જમીન મેળવી જાત દેખરેખ હેઠળ પથિકાશ્રમનું નિર્માણ કર્યું હતું. રાજકોટની માનવસેવા કરતી સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં તેઓ સક્રિય હતા અને બે વર્ષ પહેલા જ તેમણે વિદાય લીધી હતી.

કચ્છથી દર્દીઓ અહીં મોટી સંખ્યામાં આવતા હોવાથી રાજકોટ જિલ્લા કલેક્ટર અને લક્ષ્મીબેન જે. શેઠિયા ચેરિટેબલ ટ્રસ્ટ નિર્મિત પથિકાશ્રમ, જવાહર રોડ, ઠાકર રેસ્ટોરન્ટ સામે, જનરલ હોસ્પિટલની બાજુમાં, ફોન : ૮૮૬૬૦-૨૨૬૬૦૦, ૩૨૦૩૦૦, ૨૨૪૩૦૦૮ પર સંપર્ક કરી પથિકાશ્રમનો લાભ લેવા નવીનભાઈ ઠક્કરની યાદીમાં જણાવ્યું છે.

## રાજ્યસ્તરની નાટ્યસ્પર્ધામાં ભદ્રેશ્વરના બાળકો ઝળક્યા

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી - ગાંધીનગર હસ્તક જિલ્લા રમત-ગમત અધિકારી કચેરી રાજકોટ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ની રાજ્યકક્ષાની બાળ નાટક સ્પર્ધામાં મુંદ્રાના યુસુફ મહેરઅલી સેન્ટર, ભદ્રેશ્વર દ્વારા રજૂ કરાયેલા 'મજહબ નહીં શીખાતા' નાટકને બીજો નંબર તેમજ ગફુર ભટ્ટીને પુરુષ અભિનય માટે દ્વિતીય ક્રમનું ઈનામ પ્રાપ્ત થયું હતું.

રાજકોટ હેમુ ગઢવી નાટ્યગૃહમાં તાજેતરમાં તેર વર્ષથી નાની ઉંમરના બાળકો માટે બાળ નાટક સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગુજરાત રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાંથી શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી કુલ ૩૧ ટીમે ભાગ લીધો હતો.

આ બાળ નાટકમાં સતાર ભટ્ટી, ઈરફાન સાયચા, વસીમ ચબા, અકતર ગાધ, અયુબ ભટ્ટી, સુલેમાન ગાધ, ગફુર ભટ્ટી, અમીના માંજલિયા, મામદ નિસાર મુસ્તાક ગાંધ, અબ્દુલ ભટ્ટી, અમીના ગાધ, આમદ ગાધસ, નિઝામ ચબા, જુનુસ ગાધ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમજ દેવેન્દ્ર કાન્દોલકર (લેખન અને દિગ્દર્શન) ફાલ્ગુની પરમાર (વેશભૂષા અને રંગભૂષા), કરીમ મહેબૂબ કકલ (ધ્વનિ સંકલન) કાસમ જામ, સાલેમામદ રમજાન જામ (નેપથ્ય) તેમજ મયુદ્દીન આમદ યબા, અરબાઝ સોતા, મનુભાઈ જાડેએ પણ સહાયક તરીકે ભૂમિકા નિભાવી હતી.

માતા-પિતા માછીમારના વ્યવસાય માટે વંડી, સંઘડ, ભદ્રેશ્વર, લુણી, શેખડિયા ગામોથી દરિયાકિનારા પર જાય છે અને મે મહિના સુધી ત્યાં જ ઝુંપડા બનાવીને રહે છે. યુસુફ મહેરઅલી સેન્ટરે આ વિદ્યાથીઓનો અભ્યાસ ન બગડે તે માટે વર્ષ ૨૦૦૧થી વીરા બંધર, બાવડી બંદર, રંધ બંદર, ગરુડિયા બંદર, લુણી બંદર, જૂના બંદર, ફતડી બંદર પર શાળા (મૂવિંગ સ્કુલ) શરૂ કરી છે. આ સાગરશાળામાં અભ્યાસ કરતા બાળકોએ અગાઉ પણ રાજ્યસ્તરે એકવાર બીજા નંબર અને ત્રણવાર પ્રથમ નંબરના ઈનામ મેળવ્યા હતા.

## અભિનંદન



Forensic Dentistry માં પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા, પહેલા ક્રમમાં પાસ થવા (First Class) તથા ઈન્ટરનેશનલ કોલેજ ઓફ ડેન્ટીસ્ટ દ્વારા ઓરલ કેન્સર માટેની દવાના રીસર્ચ પેપર પસંદગી થવા બદલ ડૉ. વિધિ શુક્લ (ભુજ)ને ખૂબ ખૂબ અભિનંદન.

## સિવિલ એન્જીનીયરો માટેની રાષ્ટ્રીય સ્પર્ધામાં ભુજના છાત્ર બીજા ક્રમે

આઈઆઈટી મુંબઈ ખાતે દેશભરના સિવલિ એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા છાત્રો માટે 'આકાર - ૨૦૧૪' સ્પર્ધા

યોજાઈ હતી. જેમાં ભુજની ધી ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટીના સભ્ય એવા બી.ઈ. સિવિલના બીજા વર્ષના છાત્ર તેજસ પી. લોડાયા અને તેમની ટીમના મીત જોશી, સૂર્યપ્રકાશ, વિશાલ લાડુમોર વગેરે દ્વિતીય ક્રમે વિજેતા બની કચ્છને ગૌરવ અપાવ્યું છે.

આઈપીએસ સીઈઓ અક્ષય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે ૪૩, કોલેજના છાત્રોની સ્પર્ધામાં દ્વિતીય આવનારી આ ટીમે સ્માર્ટ ડાયનેમિક ક્રોક્રીંટ અને પરવીઅસ ક્રોંક્રીટના નમૂના તેના પ્રોજેક્ટ રજૂ કર્યા હતા.

ભારતની સૌથી વધુ પ્રખ્યાત આઈઆઈટી બોમ્બે પણ કચ્છ પછીના નંબરે રહી હતી. આ છાત્રોને જર્મનીની સૌથી મોટી કેમિકલ કંપની બીએએસએફ તરફથી શિલ્ડ અર્પણ કરાયું હતું.

સ્માર્ટ ડાયનેમિક ક્રોંકીટ ૫૦ માળથી ઉપરની ઈમારતો માટે અને તેને ઉપર પહોંચાડવા માટે મોટર પંપ દ્વારા પંપ કરાય છે. આ ક્રોકીંટ પોતાના વજનથી જ દબાઈ જાય છે. બીજા નમૂના પરવીઅસની ખાસિયત એ છે કે આ ક્રોક્રીંટ રસ્તા પર પાથરવાથી પાણી ભરાવા કરતા સીધુ નીચે જમીનમાં ઉતરી જાય છે અને ભૂગર્ભજળ ઊંચા આવે છે.

## એનઆરઆઈ એવોર્ડની દોડમાં કચ્છી

મૂળ કચ્છના અને હાલ લંડનમાં રહેતા હર્ષા કોટકને તેમના આર્ટ અને ડિઝાઈનના ક્ષેત્રમાં ઉલ્લેખનીય યોગદાન બદલ પ્રતિષ્ઠિત એનઆરઆઈ એવોર્ડ ઓફ ધી યર માટે નામાંકન આપવામાં આવ્યું છે. આ એવોર્ડ માટે પાંચ ગ્લોબલ ઈન્ડિયનને નોમિનેશન મળ્યું છે અને આમાં હર્ષાબેનનો સમાવેશ થાય છે. આ ઉપલબ્ધિ મેળવવાથી તેમને ઓળખતા કચ્છ અને મુંબઈ તેમજ લંડનના તેમના વર્તુળમાં ખુશીનું મોજું પ્રસર્યું છે.

આ એવોર્ડ અલગ અલગ કેટેગરીમાં અમેરિકા, ઈંગ્લેન્ડ, સંયુક્ત આરબ અમીરાત, સિંગાપોર તથા મધ્ય પૂર્વ દેશોમાં રહેતા ભારતીયોને અપાય છે. આ એવોર્ડ રિસર્ચ ફર્મ અર્નેસ્ટ એન્ડ યંગ તરફથી આપવામાં આવે છે અને જ્યુરીની પેનલમાં કે. સી. સિંહ, ડૉ. અફતાબ શેઠ, ડેરીક ઓબ્રિયેન, સુહેલ શેઠ અને કેપ્ટન જી. આર. ગોપીનાથનો સમાવેશ થાય છે. સિલેકશન પ્રોસેસ પેનલ અને પબ્લિક દ્વારા થતા મૂલ્યાંકનના ચાર રાઉન્ડની બનેલી છે.

હર્ષાબેને અમેરિકાના જ્યોર્જિયાની એસસીએડી યુનિવર્સિટીમાંથી માસ્ટર્સ સ્ટડીઝ કર્યું હતું અને ઈંગ્લેન્ડની ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ કર્યો હતો. તેમણે વાઈટ હાઉસ, પેન્ટાગોન અને ભારતની નવી દિલ્હી ખાતેના અમેરિકી દૂતાવાસની ઓફિસોનું ડિઝાઈનીંગ કરવાના હાઈ પ્રોફાઈલ પ્રોજેક્ટ પાર પાડ્યા છે.

હર્ષાબિનનું સાસરું કચ્છના કોટડી મહાદેવપુરીમાં છે. તેમણે પોતાની સામેના પડકારો વિશે માહિતી આપતા કહ્યું હતું કે, અમારા ફિલ્ડમાં અમારે ખાસ ઈનોવેશનનું ધ્યાન રાખવું પડે છે. આતંકવાદી હુમલા બાદ મને ૨૦૦૩માં અમેરિકામાં મિસાઈલ ડિફેન્સ એકેડમીનું ડિઝાઈનીંગ કામ સોંપવામાં આવ્યું હતું. હું ભારતીય હોવાથી સિક્યોરીટી વારંવાર મને અટકાવતા. મને ડિઝાઈનરને બદલે એલીઈન કહેવામાં આવતી. આવા કડવા અનુભવ પણ મેં પાસ કર્યા છે.

## કચ્છી શિક્ષિકાને રાષ્ટ્રીય મહિલા રત્ન સુવર્ણ ચંદ્રક

મૂળ આદિપુર રહેતા અને હાલ બાબુ જયશંકર ગયાપ્રસાદ સ્નાતકોત્તર મહાવિદ્યાલયમાં પ્રિન્સીપાલ તરીકે ફરજ બજાવતા ડૉ. રીતા સત્યવીરસિંહ રાઠોડને કન્યા કેળવણી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રીય મહિલા રત્ન સુવર્ણચંદ્રક એનાયત કરાયો હતો.

નવી દિલ્હી ખાતે ગુરુવારે યોજાયેલા એક ગરિમાસભર કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી જોગીન્દરસિંહ આંતરરાષ્ટ્રીય ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન અને મેનેજમેન્ટ વતી એવોર્ડ, પ્રશસ્તિપત્ર અને સુવર્ણચંદ્રક અર્પણ કર્યા હતા. પૂર્વ સી.બી.આઈ. ડાયરેક્ટર ડૉ. જીવીજી કૃષ્ણમૂર્તિ, પૂર્વ ચુંટણી કમિશ્નર ડૉ. ભીષ્મનારાયણસિંહ, પૂર્વ શિક્ષણ મંત્રી ઓ.પી. વર્મા, પૂર્વ ન્યાયાધીશ સમેત દેશભરના આમંત્રિત બૌદ્ધિકોની હાજરીમાં ગૌરવભેર સન્માનાયા હતા.

રાષ્ટ્રીય સન્માનથી સંબંધિત વર્તુળોએ અભિનંદન પાઠવ્યા હતા. સમાજ સેવી સયરકુંવર અને કરનીસિંહ રાઠોડના પુત્રી ડૉ. રીતાને અગાઉ ઉત્તરપ્રદેશ સરકારનો પુરસ્કાર પણ અર્પણ કરાયો હતો. તેમના પતિ છેલ્લા ૩૦ વર્ષથી કંડલા પોર્ટમાં અધિકારી પદે સેવારત છે.

# કલરવ

● દિનેશ માંકડ ●

## ટોક વિથ ટાબરિયા

હાશ, પરીક્ષાઓ પૂરી થઈ ! હવે તો જલસા જ જલસા. દોસ્તો જલસા જરૂર કરજો, પણ એવા જલસા જે ફાયદા વધારે કરાવે, ને નુકશાન ઓછા. મિત્રો તમારામાંથી કેટલાને અભ્યાસના પુસ્તકો સિવાસ વધારાના વાંચનની ટેવ છે ? મોટાભાગના બાળકોને નહીં - સાચી વાત ? મોબાઈલ કે વિડીયો ગેમ હાથમાં આવેતો પટ...પટ.. પણ મમ્મી-પપ્પા સારું અને વધારાનું વાંચવાનું કહે તો ગલ્લાં-તલ્લાં. દોસ્તો, સાચું કહું તો, 'પુસ્તક એજ આપણો સાચો મિત્ર છે. કદી રિસાય નહીં. ઝઘડો ન કરે, છેતરે પણ નહીં કે ખાસ તો સોબત કદી ન છોડે' તમે કહો ત્યારે તમારી સાથે રહેવા તૈયાર. ને હા, મોટાભાગના મહાપુરુષના જીવનમાં, તેમણે વાંચેલા સારાં પુસ્તકોનો મોટો ફાળો છે. મહાન વ્યક્તિઓના જીવન ચરિત્રો, સાહસ અન શૌર્યની કક્ષાઓ, વિજ્ઞાન અને વિજ્ઞાનીઓની વાતો, વગેરે તો આપણા જીવન ઘડતરમાં કશુંક જરૂર ઉમેરી જાય છે. મારી પડોશમાં રહેતા પાંચમાં ધોરણમાં અભ્યાસ કરતા ઋષિકેશને ઘેર તો પોતાના એકસો પચાસ પુસ્તકો ધરાવતું પુસ્તકાલય છે. ખાસ વાત તો એકે, તમે મોટા થશો ને કોઈ સ્પર્ધાત્મક પરીક્ષા આપવાની આવશે ત્યારે સામાન્ય જ્ઞાન - G.K. (General Knowledge) મેળવવા માટે પણ પુસ્તક વાંચન તો જરૂરી છે જ. તો થઈ જાવ તૈયાર તૈયાર એક સારી - નવી ટેવ પાડવા. પરીક્ષાના પરિણામ આવવા તૈયાર છે, મમ્મી-પપ્પા પાસે એડવાન્સ ગીફ્ટમાં પુસ્તકો જ માંગો ને ! આ તો પાછી એવી ગીફ્ટ કે વાંચવા માટે સૌ સાથે અદલ બદલ પણ થાય. બોલો વેકેશનમાં કેટલા પુસ્તકો વાંચશો ? (ક્યાંય મેળ ન પડે તો મને ફોન કરજો) બીજું તમે સવારે ઘરમાં આવતું વર્તમાનપત્ર તો વાંચો જ છો ને ? શરૂ કરોને આજથી.. ચાલો સૌને સારા પરિણામનીને સારા વેકેશનની શુભેચ્છા !! બહારના બરફના ગોળા બંધ. ઘરમાં ગમે તેટલા ખાવાની છૂટ !!

## નાની વાત - મોટો બોધ

એક નાના શહેરમાં સંદિપ રિસેષમાં શાળાની બહાર નીકળ્યો. સીંગ-ચણા લઈને ખાધા. રસ્તાની સામે ફુટપાથ પર એક બિમારને કણસતો સાંભળ્યો. તે તેની પાસે દોડ્યો. અન્ય કોઈ મિત્રોએ ખાસ એ વાતની દરકાર ન કરી. સંદિપે પાસેના ઘરમાંથી પાણી લાવી બિમારને પીવડાવ્યું ને પછી શાળાની અંદર જતો રહ્યો.

સાંજે ઘેર આવ્યો, ત્યારે પિતાજી, તેના આવેલા તેમના મિત્રને જણાવી રહ્યા હતા કે 'શાળાની સામેની ફુટપાથ પર એક બિમાર મરી ગયો' સાંભળીને સંદિપ બોલ્યો. 'પિતાજી, એ બિમારને તો મેં બપોરે રિસેષમાં પાણી પણ પિવારવ્યું હતું.' સંદિપના પિતાજી ચોંક્યા અને ઊંચા અવાજે બોલ્યા પાણી પીવરાવ્યું. તેં ખૂબ સારું કર્યું, પણ ત્યાં તારી ફરજ પૂરી થઈ ગઈ ? તને ખબર તો હતી કે તે બિમાર છે. સંદિપે ઉત્તર વાળ્યો 'મને યાદ ન આવ્યું ને બીજું કોઈ ત્યાં નહોતું. મારા મિત્રે પણ ન આવ્યા. પછી ન કરે નારાયણને કોઈ મને લડે, કે કશું થાય તો... તરત જ પિતાએ કહ્યું ત્યાં જ તારી ભૂલ છે. કોઈનો જીવ બચાવવાની વાત આવે કે બિમારને સહાય કરવાની વાત આવે ત્યારે ઈશ્વર અને કુદરત આપણને બધી મદદ કરે છે. સંદિપે સવાલ કર્યો, તો હું શું કરી શકું ? પિતાએ પ્રત્યુત્તર વાળ્યો, 'જો સહુ પડેલા તો કોઈ રાહદારીને ઊભા રાખી, વિનંતી કરીને તેમના મોબાઈલમાંથી ૧૦૮ નંબર પર ફોન કરીને એમ્બ્યુલન્સ મંગાવી શકાય. તારા એક બે નજીકના મિત્રોને બોલાવીને બિમાર પાસેથી તેમના સગા-વહાલાની વિગતો મેળવી લેવાય અને આમાનું કશું ન થાય તો શાળાના આચાર્ય શિક્ષક કે સેવકને જાણ કરીને તાત્કાલીક પગલા લેવાય. કોઈનો જીવ બચતો હોય તો એનાથી વધારે કોઈ સારી વાત નથી.' સંદિપને ખૂબ પસ્તાવો થયો, 'પિતાજી, હવે હંમેશ કાળજી રાખીશ. અને મારા સહુ મિત્રોને પણ આ માટે સમજાવીશ.

## ગૌરવ ગાથા

કચ્છી માડુઓની સાહસિકતા દેશ અને દુનિયામાં જાણીતી છે. સેંકડો વર્ષોથી વિશ્વના ગમે તે ખૂણે જઈને વસેને પોતાનું સાહસ બતાવે, એમાંય સાગરપુત્રોની તો ન પૂછો વાત. એવા જ એક સાગરપુત્ર તે રામસિંહ માલમ અઢારમી સદીમાં (આશરે ત્રણ સો વર્ષ પહેલા) આ સાગર ખેડુનું વહાણ તોફાનમાં અટવાયું ને જઈ ચડ્યો. યુરોપિયન દેશ હોલેન્ડમાં હિંમત ન ગુમાવી. કેટલાય વર્ષો ત્યાં રહ્યો,

પણ સાથે સાથે અનેક હુન્નર ઉદ્યોગોનું ભરપૂર તાન મેળવી લીધું. બાર વર્ષ પછી માદરે વતન પાછો ફર્યો. કચ્છના તે સમયના તેજસ્વી અને પ્રજાપ્રેમી રાવ લખપતજીનો તેને પુરો સાથ મળ્યો. સૌ પ્રથમ તેણે કચ્છના માંડવી, મુંદરા, જખૌ, જેવા બંદરો પર વહાણવટા-વહાણો અને તેના ભાગો બનાવવાના વિશાળ જહાજવાડાના ઉદ્યોગનો પ્રારંભ કરાવ્યો. આજે પણ જહાજવાડાના ઉદ્યોગમાં કચ્છનું અવ્વલ સ્થાન છે. રામસિંહ માલમ તેના કૌશલ્ય અને નિપુણતાને કારણે સમગ્ર વિશ્વમાં 'ધ નેવીગેટર' તરીકે વિખ્યાત થયો. ઉપરાંત બારીક નિરીક્ષણના આ કારીગરે કચ્છમાં સોના-ચાંદી, નકશીકામ, મીનાકામ, હાથીદાંત કામમાં કારીગરોને નિષ્ણાંત બનાવ્યા એ વખતે હાથીદાંત અને કાષ્ટ (લાકડા પર) કલાના કારીગર માધો સુથાર તેનો સહાયક બન્યો ને રાજાના આયના મહેલમાં તેના હાથે મઢેલા હાથી દાંત અને કાષ્ટકલાની કોતરણીવાળા બેનમૂન કમાડ આજે પણ મોજુદ છે.

ઈ.સ. ૧૭૬૧માં બનેલા 'આયના મહેલ' એ રામસિંહ માલમની દૃષ્ટિ દેન છે. અરિસાની બનેલી દિવાલો, મનોહર ફુવારા, હોજ અને દુર્લભ તસવીર ચિત્રોમાં યુરોપિય અને ભારતીય સંસ્કૃતિનો અદ્‌ભુત સમન્વય છે.

કચ્છ જવાનું થાય ત્યારે ભુજના આયના મહેલમાં પ્રવેશો ત્યારે આ અદ્‌ભુત દૃષ્ટિવાળા રામસિંહ માલમને યાદ કરવાનું ન ભૂલશો.

## શું તમે જાણો છો ?

તમે આ વાંચો છો, ત્યારે લંડનમાં કેટલા વાગ્યા હશે ? દરેક દેશ પોતાનો સમય કેમ નક્કી કરે ? દોસ્તો, તમે જાણો છો જ કે પૃથ્વી ૨૪ કલાકમાં પોતાની ધરી પર, એક આંટો પૂરો કરે એટલે જે દિશામાં સૂર્ય ત્યાં દિવસને બાકીમાં રાત. દરેક દેશનો સમય આપણી પૃથ્વી પરની ઊભી કાલ્પનિક રેખા 'રેખાંશ' પરથી નક્કી થાય છે. દરેક દેશ પોતાનો ચોક્કસ રેખાંશ - સમય માટે નક્કી કરે. દા.ત. ભારત ૮૨.૫ રેખાંશને આપણી આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા - સમય નક્કી કરનારી રેખા નક્કી થઈ છે. આમ તો દર એક રેખાંશ અને બીજા રેખાંશ વચ્ચે ચાર મિનિટનો તફાવત હોય. ઈંગ્લેન્ડનું ગ્રિનીચ શહેર ૦ રેખાંશ પર છે. તેથી તેના સમયને GMT (ગ્રીનીચ મિન ટાઈમ) કહેવાય. આપણા ભારતના સમયને (IST ઈન્ડીયન સ્ટાન્ડર્ડ ટાઈમ) કહેવાય. જુઓ ભારતમાં જ્યારે બપોરે ૧૨ વાગ્યા હોય ત્યારે પાકિસ્તાનમાં બપોરે ૧૧.૩૦, ઓસ્ટ્રેલિયામાં સાંજે ૪.૩૦, ઈંગ્લેન્ડમાં સવારે ૬.૩૦ વાગ્યા હોય. છે ને નવાઈ !

## Health is Wealth

વ્યાયામની વાત તો દર વખતે થાય જ છે. આ વખતે વાત સૂર્યનમસ્કારની. તમે શાળામાં કે ટીવી ચેનલ પર કે પુસ્તકમાં સૂર્ય નમસ્કાર વિશે વાંચ્યું કે જોયું છે ખરું ? દોસ્તો સૂર્યનમસ્કાર સરળ તો જ છે જ. પણ આપણા શરીરના તમામ અવયવોને યોગ્ય અને જરૂરી વ્યાયામ મળી રહે ને એને લીધે બધા જ ફાયદા થાય. જાડા હોય તે પાતળા, ને પાતળા હોય તે જાડા થાય. ભૂખ ન લાગતી હોય તો જરૂર લાગવા માંડે ! શરીર બધી રીતે તંદુરસ્ત રહે. રોજના એકથી માંડીને થાય તેટલા (પરાણે નહીં) કરી શકાય. (કેમ કરવા તે ખબર ન હોય તો મને ફોન કરજો) આમેય દોસ્તો સૂર્યદેવના ચો આપણા પર અગણિત ઉપકાર છે. સૂર્યદેવ ન હોય તો માનવ જીવન જ શક્ય ન બને. તેથી સૂર્યનમસ્કાર કરવાથી બેવડો ફાયદો - વ્યાયામનો વ્યાયામ ને સૂર્ય દેવતાના ઉપકાર બદલ આભાર માનવાની પ્રાર્થના તો કરી શરૂ કાલથી. સારા કામમાં ઢીલ શાને ?

## મગજ કસો, નહી તો ખસો.

● સવારને નવેક વાગ્યાનો સમય છે. ચાર મિત્રો રાજેશ, ધીરજ, મનોજ અને રજની ટેબલની ચાર બાજુ બેસી કેરમ રમે છે. એટલે કે એક જણ ટેબલની પૂર્વ દિશામાં, બીજો પશ્ચિમે, ત્રીજો ઉત્તરમાં ને ચોથો દક્ષિણમાં છે. રજનીએ રાજેશને કહ્યું તારી પાછળની બારી બંધ કર, તડકાથી મારી આંખ અંજાઈ જાય છે. રાજેશે ખુરશીમાં બેઠા બેઠા જ પોતાની જમણી બાજુ બેઠેલા મનોજને તાળી આપી, ને પછી બારી બંધ કરી. તો ધીરજ ટેબલની કઈ દિશામાં બેઠો હશે ?

● મહેશ અને નરેશ બંને પાક્કા પડોશી. બંને જણા એક જ સમયે અલગ અલગ બાઈક પર અમદાવાદથી મહેમદાવાદ જવા નીકળ્યા, રસ્તામાં બંને જણે અલગ અલગ સ્થળે, ઓછા વત્તા સમયે આરામ કર્યો. મહેશે જેટલો સમય આરામ કર્યો, તેના કરતાં બમણો સમય નરેશે બાઈક ચલાવ્યું અને નરેશે જેટલો સમય આરામ કર્યો, તેના કરતાં ત્રણ ગણો સમય મહેશે બાઈક ચલાવ્યું અને છતાં બંને મહેમદાવાદ તો એક જ સમયે પહોંચ્યા. તો બાઈક કોણે વધારે ઝડપથી ચલાવ્યું હશે ?

## હસ્યા તો ફસ્યા

શિક્ષક : બોલ મનુ, ટેબલ પર એક બિલાડી બેઠી છે, ને ટેબલ નીચે બે બિલાડી, તો કુલ કેટલી ?

મનુ : સાહેબ એક દ્વિતીયાંશ

# શબ્દશોધ-૨૪

● પ્રદીપ જોશી-આદિપુર ●

## આડી ચાવી

૧. વાંજિત્રોની ધામધૂમ (૩)
૪. વિવિધ પ્રકારના સરંજામ સાથેનું સૈન્ય (૫)
૭. સોનિયા ગાંધી એ લોકસભાની ચૂંટણીમાં ક્યાંથી ઝૂકાવ્યું છે (૫)
૯. હેવા, કુટેવ (૨)
૧૦. નાતો રાખનારું, આબરૂદાર, શાખવાળું (૪)
૧૨. અહીં 'કપાસી' આડું અવળું થઈ ગયું છે (૩)
૧૪. એક પાંડવ (૨)
૧૫. નહોર (૨)
૧૬. વંદન, નમસ્કાર (૩)
૧૮. મત આપવાનો હક્ક ધરાવનાર (૪)
૧૯. કચ્છ જિલ્લાનું મુખ્યમથક (૨)
૨૦. પરાજય, પરાભવ (૨)
૨૧. '.... નહીં દેખાતો, કુછ નહીં દેખા' (૨)
૨૨. લોકસભાની સાથે સાથે કચછમાં બે પૈકી અહીં પણ વિધાનસભાની પેટાચૂંટણી યોજાઈ છે (૩)
૨૪. આણા વખતે કરવામાં આવતો કરિયાવર (૨)
૨૫. અસ્તવ્યસ્ત, વેરણછેરણ, વેરવિખેર (૬)
૨૬. સ્વામી, નાથ, ધણી (૨)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | ૮ | | | | | |
| | | ૯ | | | ૧૦ | | ૧૧ | |
| ૧૨ | ૧૩ | | | ૧૪ | | | | |
| | | | ૧૫ | | | ૧૬ | | ૧૭ |
| ૧૮ | | | | | ૧૯ | | | |
| ૨૦ | | | ૨૧ | | | ૨૨ | | |
| | | ૨૩ | | | ૨૪ | | | |
| ૨૫ | | | | | | | ૨૬ | |

## ઊભી ચાવી

૧. નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણીમાં ક્યાંથી ઝૂકાવ્યું છે? (૪)
૨. વિજય, ફતેહ (૨)
૩. પુષ્કળ, અતિશય (૪)
૪. લાલપ, લાલાશ, રતાશ (૨)
૫. મનોહર સ્ત્રી, સુંદર સ્ત્રી, લલના (૩)
૬. પેન્સિલનું લખાણ ભૂંસવા માટે શુ વપરાય ? (૩)
૮. રેતી (૨)
૧૦. ... છે તેનો નાશ છે (૨)
૧૧. એક ફળ, અનાર (૩)
૧૩. પરણતી વખતે હિંદુઓમાં કન્યાને પહેરવાની રાતી કે કેસરી કિનારની સુતરાઉ કે રેશ્મી સફેદ સાડી (૪)
૧૪. યાચના, માગવું એ (૨)
૧૫. દોજખ (૩)
૧૬. ભેટ, બક્ષિસ (૪)
૧૭. સુધરાઈનો અધ્યક્ષ (૫)
૧૮. જૈન ધર્મના છેલ્લા ૨૪માં તીર્થંકર ભગવાન (૪)
૨૩. કચ્છીમાં બહેનને શું કહેવાય ? (૨)
૨૪. શાસન, સત્તા, હકૂમત (૨)

**શબ્દશોધ-૨૩ ના જવાબો**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ મ | ૨ ન | ૩ મો | હ | ન | ૪ સિં | ૫ હ | |
| ૬ મે | | ૭ રે | ત | | | ૮ હ | જ | ૯ મ |
| ૧૦ ન | રે | ન્દ્ર | | ૧૧ લ | લ | ના | | ત |
| કા | | ૧૨ મો | સ | મ | | ૧૩ દ | ૧૪ લા | લ |
| | ૧૫ દા | દી | | ૧૬ ધા | ડ | | ૧૭ ર | બ |
| ૧૮ વ | ખ | | ૧૯ બી | ર | | ૨૦ સો | મ | |
| | ૨૧ લ | ૨૨ ટ | ક | વું | | ૨૩ મ | ન | ૨૪ ન |
| ૨૫ ભુ | | ૨૬ પ | ણ | | ૨૭ મી | ના | | દી |
| ૨૮ જ | ન | ક | | | ૨૯ ન | થ | ડી | |

**ગયા અંકના સાચા જવાબો મોકલનાર :**

● રશ્મિકાંત એસ. સાવલા-ભુજ ● ચંદ્રા મહેન્દ્ર શાહ-અમદાવાદ
● સ્મિતા વિશાલ શાહ-અમદાવાદ

# પ્રતિભાવ

● કચ્છશ્રુતિનો માર્ચ-૨૦૧૪નો અંક મળ્યો. સુંદર ગુજરાતના વારસાનું મુખપૃષ્ઠ અને આજના સમય અનુરૂપ તંત્રીલેખ 'પ્રજાતંત્રનો મહાકુંભ' સુંદર છે. દુલેરાય કારાણી વિષેનો લેખ ગમ્યો લેખકને અભિનંદન. કચ્છ જિલ્લાની ટપાલ કચેરીની વિગત જાણવા મળી અભિનંદન. કચ્છશ્રુતિ રંગ જમાવે છે. **– પ્રભુલાલ સિદ્ધપુરા-ગાંધીધામ.**

● કચ્છશ્રુતિની હું આજીવન સભ્ય છું, આપની ટીમને ઘણા સમયથી અભિનંદનનો ઢગલો નહિ, પર્વત અર્પણ કરવા ચાહું છું ! કર્યો સ્વીકાર કરજો.

હું વ્યવસાયે શિક્ષિકા છું. એ-વન સ્કુલ, એશિયા સ્કુલમાં શિક્ષણ કાર્ય પુરુ કર્યા પછી નિવૃત્ત થઈ હાલમાં સોલારીસ સ્કુલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવું છું. (અંગ્રેજી માધ્યમમાં, ગુજરાતી અને ડ્રોઈંગ ક્રાફ્ટ) ૧૫મી માર્ચ ૨૦૧૪નો અંક વાંચ્યો. 'કચ્છ જિલ્લાની ટપાલ કચેરીઓ' લેખ માહિતી વાંચી મને મારો શૈશવકાળ યાદ આવી ગયો. મારી બા કચ્છના દરેક જિલ્લાના તાલુકા મથકે 'સ્ત્રી વ્યવસાયિક વર્ગો' ચલાવતા હતા. તેથી હું દરેક તાલુકા મથકે રહી છું. મને એ બધા ગામ ખૂબ જ યાદ આવી ગયા. આવા લેખો આપવા બદલ ધન્યવાદ આ બધા સ્થળોની મુલાકાત માટે આપણા સમાજ દ્વારા ટૂર કરવામાં આવે તો ઘણું સારું. 'ઘડુલી, મોટી વિરાણી, દયાપર, માધાપર, લખપત, વિગેરે...' કેટકેટલા ગામો જણાવું.. !! ફિલ્મની જેમ શાળા, મંદિરો, પાડોશીઓ, તહેવારોની સ્મૃતિ ભૂલાતી નથી.

તમારી ટીમમાં ક્યારેય પણ મારી સેવાની જરૂર જણાય તો નિઃસંકોચ જણાવજો. **– નીતા મુકેશ ગાંધી-ઘાટલોડિયા.**

● કચ્છશ્રુતિમાં રજુ થતો વિભાગ 'મહિલા વિશ્વ' ઉત્તરોત્તર રસમય બનતો જાય છે. શ્રી રેખાબેન શુક્લ તરફથી માહિતી તેમજ ગૃહિણીઓની રોજીંદી ઘરગથ્થુ સમ્યાઓનું સમાધાન પ્રસ્તુત કરી ગાંધીનગર, કચ્છ મિત્ર મંડળ (મહિલા-વિભાગ) ની બહેનોના દિલ જીતી લીધા છે. કચ્છશ્રુતિનો અંક મળે કે તરત મહિલા વિશ્વની માહિતી તેમજ વાનગીઓ વાંચીને દરેક અંક સાચવવાનું મન થાય છે. શ્રી રેખાબેન શુક્લ ને ખરેખર ખૂબ જ અભિનંદન. દરેક અંકમાં આવી માહિતી આપતા રહે જેથી દરેક ગૃહિણીને ઉપયોગી બની રહે. - **ગાંધીનગર કચ્છ મિત્ર મંડળ-મહિલા વિભાગ**

● કચ્છશ્રુતિને ઓનલાઈન કર્યું તે આનંદની વાત છે. આ બાબત મે ત્રણેક વર્ષ પહેલા પ્રતિભાવમાં લખી હતી. મે બેંગ્લોરમાં વાંચ્યું.

લેખકોનો પરિચય માટે નવી શ્રેણી શરૂ કરી તેથી લેખકનો પરિચય થશે. આ બંને માટે તમને સહુને ધન્યવાદ છે. મને સમય સમયના તંત્રીશ્રીઓએ લખતો રાખ્યો છે અને આજ સુધી મારા ૫૫ આર્ટીકલ થયા, તેને માટે હંસરાજભાઈ, મીનાક્ષીબેન અને ભરતભાઈનો તેમજ વાચકોનો ખૂબ આભારી છું. મારા લેખ વિશે પ્રતિભાવ મળે છે. આ માટે તંત્રીનો અને વાચકોનો આભારી છું.

બધુ વાંચન રસદાયક છે. કચ્છ પોસ્ટ ઓફિસની માહિતી સરસ છે. આ લેખને અને મહિલા વિશ્વ, કલરવ ના આ સંચાલકોને વિભાગોમાં પરિવર્તન લાવવા ધ્યાન દોરું છું.

ચૂંટણી નજીક છે, તે સમયે તંત્રીશ્રી જે મુદ્દા ઉપસ્થિત કર્યા છે તે વ્યાજબી છે, સમજદાર મતદારોના આ બાબતે આક્રોશ છે. તંત્રીશ્રી આમજનતાની વાચા આપવા માટે અભિનંદન છે.

કચ્ચશ્રુતિ નો સાહિત્યીક વિકાસ થતો રહે, તેવી શુભેચ્છા... આભાર. **– દિલીપ વૈશ્નવ (બેંગલોર)**


આપણી આસ-પાસ રચાય છે દરરોજ કંઈક અનોખી વાર્તા

**GS Media Works** રજૂ કરે છે...

● વાર્તા સ્પર્ધા ●

## "કલમ કસબી ૨૦૧૪"

હસાવતી, રડાવતી, ડરાવતી અને હચમચાવતી
કોઈ પણ એક વાર્તા લખો અને આકર્ષક ઈનામ મેળવો.
નિયમો : ◆ વાર્તા સ્વચ્છ અક્ષરે, પોતાના નામ, સરનામા, ફોન નંબર સાથે અને કાગળની એક બાજુ લખો.
◆ વાર્તા મૌલિક હોવાનો પત્ર જોડે બીડવો જરૂરી.
◆ વાર્તા GS Media Worksની માલિકી હસ્તક રહેશે.
તમારી વાર્તા ૩૦ જૂન, ૨૦૧૪ સુધીમાં લખી મોકલો :

**GS Media Works**
એ-૩૬, સુરભી પાર્ક, ખારાવાલા કમ્પાઉન્ડની સામે,
ઈસનપુર, અમદાવાદ-૩૮૨૪૪૩
ઈમેલ : gsmediaworkss@gmail.com

# કામણગારા કચ્છને સલામ...!




ઈ.સ. પૂર્વે 5000થી આજ સુધીના કચ્છના વિકાસની તેજસ્વી તવારીખનો દસ્તાવેજ આપતાં અનોખાં બે પુસ્તકો –

ત્રીસ જેટલા સર્જકો-પત્રકારોના પરિશ્રમ અને અભ્યાસલેખોથી સમૃદ્ધ આ ગ્રંથમાં એવું ઘણું બધું છે જે તમને વિસ્મયમુગ્ધ કરી દેશે...

**આજે જ વસાવો...**

## કચ્છનો સર્વાંગી ઇતિહાસ (ખંડ : 1-2)

સંપાદકો :
હંસરાજ કંસારા, ઉમિયાશંકર અજાણી, નરેશ અંતાણી, દિલીપ વૈદ્ય

**કિંમત : રૂ. 700 (બંને ખંડના)**

## આ ઉપરાંત અન્ય પુસ્તકો

| | | |
|---|---|---|
| કચ્છ વિહંગાવલોકન | હરેશ ધોળકિયા | 75 |
| જયંત ખત્રીનો વાર્તાવૈભવ | સંપા. શરીફા વીજળીવાળા | 160 |
| કચ્છની રસધાર ભા. 1થી 5 | દુલેરાય કારાણી | 375 |
| છાવણી (ઇનામી નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| અંગદનો પગ (નવલકથા) | હરેશ ધોળકિયા | 150 |
| કચ્છી કથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 90 |




- વિવિધ પ્રસંગોને યાદગાર અને સુગંધમય બનાવવા માટે ભેટ આપી શકાય તેવાં સેંકડો પુસ્તકો
- સાહિત્યિક ઉપરાંત શૈક્ષણિક પ્રકાશનો
- આરોગ્ય વિષયક, પ્રવાસ વિષયક, મહિલા-વિષયક અને હાસ્યરસનાં પુસ્તકો –

વિનામૂલ્યે અમારું સૂચિપત્ર મેળવવા સંપર્ક કરો

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૪૪૬૬૩ ફેક્સ : ૨૨૧૪૪૬૬૩ ઈ-મેઈલ : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર :**
5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે, અમદાવાદ-380015 ■ ફોન : 26304259

REGD. NO. GAMC/1028/2012-14 VALID UPTO 31-12-2014, R.N.I. 46515/87, DATE : 16-3-88
POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

*Let's Do the Best Furniture With.....*

-: AUTHORISED DISTRIBUTOR & DEALER :-

JEWEL PLY (M. R. GRADE, BWP GRADE)

ASSAM Status

Durian DECORATIVE LAMINATES

SUNDEK INTERNATIONAL DECORATIVE LAMINATES

iPL INTERNATIONAL PREMIUM LAMINATES *Playground for Creativity*

Warrior Plywood - Block Board - Flush Door

Cedar lam GORGEOUS LAMINATES

POSITIVE PLY & BOARD

-: Also Available :-

- Teak Wood
- MDF
- Liner Laminate
- Flush Door
- Veneer
- Door Skin

Amit Surani (Patel)
98244 79923

Brijesh Patel
96240 30203

# RAVI ENTERPRISE

Sahakari Lati Bazar, Zone-2, B/h. Gita Mandir, Nr. S.T.Stand, Ahmedabad-22. Gujarat, INDIA.
Telefax : (O) + 91-79-25399423
E-mail : ravienterprise_004@yahoo.co.in

Printed & Published by Shri Kailasdan K. Gadhvi, President, Shri Kutchhi Samaj – Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. Printed at Madhavi Offset, Khokhara, Ahmedabad. Published at Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trader Centre, Opp. Kocharab Ashram, Ellisbridge, Paldi, Ahmedabad-380 006
Editor : Shri Bharat Oza. Price : Rs. 3.00 Lifetime Subscription : Rs. 1500/-